ઓક્ટોબર-૨૦૧૮ વાર્ષિક લવાજમ રૂા.૧૫૦/-

પાવન હૃદય

૪૯

વિશ્વમાં શાંતિ અને એકતા અર્થે ગુલાબમાળાની ભક્તિ

આમંત્રણ

થલતેજમાં સંત જૂડના પર્વની ઉજવણી

(તા. ૧૯ ઓક્ટોબર ૨૦૧૮થી ૨૮ ઓક્ટોબર ૨૦૧૮ સુધી)

સંત જૂડ ચર્ચ
સિલ્વર સ્કવેર પાસે, કૃષ્ણા બંગલોઝની પાછળ,
ફીઝિકલ રીસર્ચ લેબોરેટરી (P.R.L.) ની બાજુમાં
થલતેજ, અમદાવાદ - ૩૮૦૦૫૯ (મો નં. ૯૮૨૫૩ ૯૨૮૯૯)

પ્રિય ભક્તજનો,
ભગવાન ઈસુ ખ્રિસ્તના પસંદ કરેલા બાર પ્રેષિતોમાંના એક સંત જૂડ થદેઉસ, જેઓ ઈસુ ખ્રિસ્તના પાળકપિતા સંત જોસેફના ભાઈ કિલઓપસના પુત્ર હતા. અશક્યને શક્ય બનાવનાર આ મહાન સંતના તહેવારની ઉજવણી તારીખ ૧૯ ઓક્ટોબર ૨૦૧૮થી ૨૮ ઓક્ટોબર ૨૦૧૮ સુધી થલતેજ સંત જૂડ દેવાલયમાં કરવામાં આવશે. આ દિવસો સંત જૂડની મધ્યસ્થી દ્વારા તમારા તથા તમારા પરિવાર માટે અસંખ્ય આશિષ મેળવનારા બની રહે તેવી અભ્યર્થના.

નોવેના અને પર્વદિન

પ્રથમ દિવસ
૧૯-૧૦-૨૦૧૮, શુક્રવાર
સાંજે ૬.૪૫ કલાકે : ધ્વજારોહણ
૭.૦૦ કલાકે : પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અને નોવેના

૧૯-૧૦-૨૦૧૮, શુક્રવારથી
૨૭-૧૦-૨૦૧૮ શનિવાર સુધી
દરરોજ સાંજે ૬.૪૫ કલાકે ગુલાબમાળાની ભક્તિ
૭.૦૦ કલાકે પવિત્ર ખ્રિસ્તયજ્ઞ અને નોવેના

સ્નેહાધીન : સંત જૂડ દેવાલયના પુરોહિતો અને ધર્મજનો

પર્વદિન
૨૮-૧૦-૨૦૧૮, રવિવાર

સવારે ૯:૩૦ કલાકે
મલયાલમ ખ્રિસ્તયજ્ઞ

સાંજે ૪:૦૦ કલાકે
અંગ્રેજીમાં ખ્રિસ્તયજ્ઞ

સાંજે ૫.૦૦ કલાકે
ભવ્ય સરઘસ

સાંજે ૬.૦૦ કલાકે
ગુજરાતીમાં ભવ્ય ખ્રિસ્તયજ્ઞ
(ધર્માધ્યક્ષશ્રી રત્ના સ્વામીના વરદ હસ્તે)

નોંધ: બસ મારફતે આવનાર માટે સૂચના: (૧) લાલ દરવાજાથી શીલજ અથવા રાંચરડા જવાની બસ નંબર ૫૧માં બેસી સ્ટીલ ફેક્ટરી બસસ્ટોપે ઊતરી કૃષ્ણા બંગલોઝ તરફ વળવું. (૨) બસ નં. ૫૮, નરોડાથી થલતેજ વાયા બાપુનગર કાલુપુર (૩) બસ નં. ૫૨, પુનિતનગરથી થલતેજ વાયા મણિનગર (૪) બસ નં. ૬૬, કાલુપુરથી શીલજ, સિલ્વર સ્કવેર બસ સ્ટોપ પર ઊતરવું (૫) બસ નં. ૬૬/૧ કાલુપુરથી શીલજ, સ્ટીલ ફેક્ટરી બસ સ્ટોપ પર ઉતરવું. (૬) થલતેજ ચાર રસ્તાથી તથા જીજસ બંગલાથી શટલ રીક્ષા પણ મળી શકશે.

દાંપત્ય જીવનની સુવર્ણજયંતીની શુભેચ્છા અને અભિનંદન

શ્રી જેમ્સભાઈ અને શ્રીમતી રેગીનાબહેન જેમ્સભાઈ

લગ્ન તારીખ : ૧૦-૧૦-૧૯૬૮

પૂજ્ય મમ્મી-પપ્પા,

લગ્નજીવનનાં તમે ૫૦ વરસ પૂરાં કર્યાં. એનો તમારાં સંતાન એવાં અમને અનહદ આનંદ છે. દાંપત્યજીવનનાં શરૂઆતના વર્ષો એકબીજાનો પરિચય થયો ના થયો ત્યાં તો એકપછી એક, પાંચ સંતાનનો જન્મ-ઉછેર-ભણતર-ગણતર કરવામાં વ્યસ્ત થઈ ગયાં. લગ્ન કર્યાં છે એટલે એકબીજા સાથે જ જીવવાનું છે એ સમજણને કારણે જીવનમાં આવતી તમામ મુશ્કેલીનો સામનો કર્યો. જીવનમાં આવેલી અનેક તડકી છાંયડીનાં અમે તમારાં સંતાનો સાક્ષી છીએ.

મમ્મી-પપ્પા, આ પ્રસંગે અમારે તમારાં સંતાનોએ તમારાં બંનેનો આભાર માનવો છે. કારણ, અમારું જીવન તમારે કારણે જ છે એ સચ્ચાઈ છે. તમારો નિઃસ્વાર્થ પ્રેમ, સમજણ, ધીરજ, કુનેહ અને કરકસરથી તમે અમારો ઉછેર કર્યો છે. અમને એ લાયક બનાવ્યાં છીએ કે અમે ગૌરવભેર જીવન જીવીએ. તમારાં અવિરત પ્રેમ અને માવજત બદલ અમારી વિનમ્ર કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે શબ્દો ખૂટી પડે છે ત્યારે અમે ફક્ત બે શબ્દ આભાર અને શુભેચ્છાઓ દ્વારા અમારો પ્રેમ અને સમર્પણ વ્યક્ત કરીએ છીએ. તમારાં દાંપત્યજીવનની સુવર્ણ જયંતી પ્રસંગે, અમારાં સહુના ઉછેરમાં, તમારી પ્રેમભરી નિઃસ્વાર્થ માવજત બદલ અમારી કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક મળી એથી વધુ ખુશી કોઈ નથી.

સ્વ. આલોઈસ પીયૂષ (પિતા) — સ્વ. થેરેસીયા આલોઈસ (માતા)

ભાવના-હિતેશકુમાર (મિત્તલ) (બી.ઈ.) - ચાર્મી — આનંદી-ભરતકુમાર (સ્ટેફી-સ્ટીવન)

અનંત (બિઝનેસમેન)-અલકા (એડવોકેટ) (પ્રિન્સ) — રોબીન (બિઝનેસમેન)-લૌરેન્સા (બી.એ.બી.એડ્.) (આરવ)

ઈગ્નાસ (બી.ઈ., એમ.બી.એ.) - પ્રીતી (એમ.એસ.સી.) (આર્યન-માઈરા)

એ-૧૦, આશાદીપ સોસાયટી, રામોલ રોડ, સી.ટી.એમ., અમદાવાદ

યુરોપ (માલ્ટા) માં બહેનો તથા ભાઈઓને પ્રગતિશીલ દેશમાં નોકરી વર્ક પરમીટ સાથે તેમજ P.R. મેળવવાની સુવર્ણ તક.

માસીક પગાર રૂા. ૬૦૦૦૦/- થી ૧,૫૦,૦૦૦

STC
ON SERVICE TRAVEL
Reg. by Government of India.

જનરલ
- જનરલ કલીનર (ઓફીસ-મોલ-બોટ-આઉટ સાઇડ એરીયા)
- હાઉસકિપીંગ કલીનર (ઓફીસ - હોટલ - પ્રાઇવેટ હાઉસ)
- હોટલ રૂમ કલીનર - ૪, ૫, સ્ટાફ હોટેલ માટે
- સ્ટોરકીપેર (કોર્મશીયલ કંપની માટે)
- લોન્ડ્રી મેન (લોન્ડ્રી ના અભુભવી)
- ડ્રાઇવર (કોમર્શીયલ ના અનુભવી)
- કેર ગીવર (ઓલ્ડમેન કેર અને બેબીકેર)
- જનરલ નર્સ (એમ.એસ.એન નર્સ સ્ટાફ નર્સ)
- કુક (રસોયા) (કંપની અને હોટલ માટે)
- કિચન કલીનર અને કુક હેલ્પર (હોટલ માટે)
- વેઇટર (રેસ્ટોરન્ટ અને હોટલ માટે)
- વિન્ડોઝ અને ગ્લાસ કલીનર

એડમિનિસ્ટ્રેટર
- અકાઉન્ટન્ટ (બી.કોમ. / એમ.કોમ. / સી.એ.)
- રેસેપ્શનીસ કમ ઓફીસ સેકટરી (કોમ્પ્યુટર સાથે)

કન્સ્ટ્રકશન
- સિવીલ ફોરમેન
- આર.સી.સી. ફિકસચર
- મિસ્ત્રી
- કડીયા - મેસન (ઓલરાઉન્ડર)
- પેઇન્ટર
- પ્લમબર
- ઇલેકટ્રીશીયન
- એલ્યુમિનિયમ ફેબ્રીકેશન
- સ્ટીલ ફેબ્રીકેટર
- ગ્લાસ ફિકસર અને કટર
- વેલ્ડર
- સુથાર - કારપેઇન્ટર
- ટેન્ડર
- ગ્રાઇન્ડર

યુરોપ (માલ્ટા) જેવા પ્રગતીશીલ દેશમાં અમારા ટ્રેનીંગ સન્ટરમાં ટ્રેનીંગ લીધા બાદ વર્ક પરમીટ અને યુરોપીયન દેશોનું ટેમ્પરરી રેસીડન્ટ કાર્ડ મેળવવાની સુવર્ણ તક.

માસીક પગાર રૂા. ૬૦૦૦૦/- થી રૂા. ૧,૫૦,૦૦૦/- (અઠવાડીયામાં માત્ર ૫ દિવસ જ કામ) દરરોજ ૮ કલાક કામ ઓવર ટાઇમની એકસ્ટ્રા આવક.

માલ્ટા એ યુરોપનું ખુબજ સુંદર અને લોકપ્રિય નં. ૧ પ્રવાસનું સ્થળ છે. જયા દર મહિને લાખો યુરોપિયન ટુરીસ્ટ માલ્ટાની મુલાકાતે આવે છે.

અમારી કંપની ઓન સર્વિસ ટ્રાવેલ્સ માલ્ટા અને ઇઝરાયેલ સાથે વર્ષોથી ખુબજ નજીકના સંબંધ થી જોડાયેલ છે. અને માલ્ટા જવા ઇચ્છતા અને નોકરી કરવા માંગતા ભાઇઓ તથા બહેનોને ટ્રેનીગ આપી ટુકા સમયગાળામાં સરળતા પૂર્વક યુરોપ (માલ્ટા) માં મોકલી આપીએ છીએ.

૨૦૧૮ ના યુરોપિયન દેશોના પાટનગર માલ્ટા માં ઉચ્ચ પગારોથી કમાવા માટેની સુવર્ણ તક.

માલ્ટા દેશના લોકો ઇંગ્લીશ બોલે છે. અને ખુબ જ મળતાવળા સ્વભાવના હોય છે. માલ્ટામાં નોકરી કરવા જનાર બહેનો-ભાઇઓની સંપૂર્ણ પણે સલામતી છે.

માલ્ટાની કરન્સી (પૈસા) યુરો છે.

માલ્ટાના વિઝા માટે કેન્ડીડેટને એમ્બેસીમાં ઇન્ટરવ્યુ આપવાની જરૂર નથી

વર્ક પરમીટ સાથે યુરોપના ૨૮ દેશોમાં ફરવા માટે વિઝા કાર્ડ આપવામાં આવશે.

સંપૂર્ણ ભરોસા અને વિશ્વાસ પૂર્વક ઓછા સમયમાં માલ્ટા (યુરોપ) માટે વર્ક પરમીટ, યુરોપ વિઝા કાર્ડ અને વિઝા આપવામાં આવશે.

ઓન સર્વિસ ટ્રાવેલ

રાજકોટ ઓફીસ : એવરેસ્ટ હાઉસ, તપોવન સ્કુલની બાજુમાં, મવડી સર્કલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ.

અમદાવાદ ઓફીસ : ૧૦૪, અકીક ટાવર, રાજપથ કલબની સામે, એસ.જી. રોડ, બોળકદેવ, અમદાવાદ.

Mo. +91 9624001714 / +91 9624001717

અશ્રુભીની શ્રદ્ધાંજલિ

આ મુસાફરી મેલી એક દિન,
જવું જગતને તરછોડી



સ્વ. શ્રી ચંદ્રકાન્ત જયંતીલાલ રાજન

આલોકે આગમન : ૧-૧૦-૧૯૬૬ પરલોકે ગમન : ૧૩-૯-૨૦૦૬

વ્હાલા ચંદ્રકાન્ત,

હૃદયમાંથી જેને અળગું કરી ન શકાય, સ્મૃતિમાંથી જેને ભૂલી ન શકાય, શબ્દોમાં જેને વર્ણવી ન શકાય એવું એક અલગ વ્યક્તિત્વ એટલે ચંદ્રકાન્ત.

બાર વર્ષ વહી ગયા, અમારાથી દૈહિક રીતે જુદા પડ્યા છતાંય અમે તમને હંમેશા અમારી પાસે મહેસૂસ કરી શકીએ છીએ. જેના સાથમાં દુ:ખો વહેંચાઈ જતાં અને આનંદ બેવડાઈ જતો. તમારી પ્રાર્થનાથી અમે બધા સુખી છીએ પરંતુ તમારાથી વિખુટા પડવાનો અંજપો કાયમ રહેવાનો.

તા. ૧ ઓક્ટોબર આપના જન્મદિને આપની મીઠી યાદોને અમે પ્રેમપૂર્વક સંભારીએ છીએ.

પરમપિતા પરમેશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અમારા ખરા અંત:કરણની પ્રાર્થના.

આપનાં

અલકા, અચલ, અક્ષત તથા
નડિયાદ - અમદાવાદના પરિવારજનો

લગ્નજીવન ના

75 વર્ષ

હાર્દિક શુભેચ્છા

: લગ્ન સંસ્કાર :
૨૪.૧૦.૧૯૪૩
: સુવર્ણજયંતીનો સંગાથ :
૨૪.૧૦.૨૦૧૮

અમારા વંદનીય મા-બાપુના લગ્નજીવનનાં ૭૫ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છા તેમજ લાખ લાખ અભિનંદન.

આ શુભ દિવસે સફળ અને સાર્થક જીવન માટે અમારા બધાંની અંતરની અભિલાષા.

પ્રભુ આપ બન્નેને આવનાર વર્ષોમાં આધ્યાત્મિક આર્શીવાદથી ભરપૂર કરે એવી શુભેચ્છા અને ઈશ્વરનાં કાર્યો કરવાની શક્તિ, હિંમત, બળ અને પ્રેરણા આપી નિરામય દીર્ઘ આયુષ્ય બક્ષે એવી પરમપિતાને પ્રાર્થના.

દિપક - અમિતા - આદિત્ય - દિયા
મેકવાન

દિયા એન્જીનીયર
મો: ૯૮૨૫૦૬૩૬૭૫
આદિત્ય કન્સટ્રકશન
મો: ૯૪૨૬૭૬૦૨૦૧
એ.ડી. કન્સટ્રકશન
મો: ૯૪૨૮૫૭૮૪૫૬
આદિત્ય ફાસ્ટનર્સ
મો: ૮૧૨૮૫૨૨૩૩૯

સી-૩૦૨, બ્રહ્મયોગ એપાર્ટમેન્ટ, મહેસાણા નગર ની સામે, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨

Publisher's Name
Antony Pitchai Vedamuthu
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

Place of Publication
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

Printer's Name
Antony Pitchai Vedamuthu
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

Printing at
Anand Press
Gamdi - Anand - 388001, Gujarat

Editor's Name
Jasvant Macwan
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

માનદ્ તંત્રી:
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

તંત્રી:
જસવંત મેકવાન

કાર્યકારી તંત્રી:
ડો. થોમસ પરમાર

સહતંત્રી:
શૈલેષ ક્રિસ્ટી

તંત્રી મંડળ
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

લવાજમ, જાહેરાત અને પ્રસાર
માર્ટીન એમ. મેકવાન

ટાઈપ સેટિંગ: મંજુ એમ. મેકવાન

ડિઝાઈન: વિજય મેકવાન

અંક: ૧૦ વર્ષ: ૨૦૧૮

પાવન હૃદય દૂત

અનુક્રમણિકા

આમંત્રિત તંત્રીલેખ
ઈસુકેન્દ્રી મરિયમ ભક્તિ ✧ ફાધર રીચાર્ડ લોપેસ ૦૯

કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા) ૧૨

સવિતા પરમાર ✧ ફ્રાન્સિસ ગાલુસ મેકવાન ✧ જીગીષા રાજ
✧ જોન બેડા પરમાર ✧ વિજય એસ. મેકવાન

તમારો પત્ર ૧૩

રોમાન ભાટિયા ✧ હસમુખ વાઘેલા ✧ શૈલેષ વાણિયા - શૈલ
✧ લલિત એન. પરમાર

લેખો

સંન્યાસીઓ અને સાધ્વીઓ ગરીબોના હામી બને
✧ ફાધર જોસેફ મંગલમ ૧૫

ગાંધીજીની ઈસુગીરી ✧ શૈલેષ ક્રિસ્ટી ૧૭

ક્રોધ ✧ જસવંત મેકવાન ૧૯

સંત મધર ફ્લોડીન થેવેનેટ ✧ જોસેફ પટેલિયા ૨૨

પાલક દૂતની છત્રછાયા ✧ સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાન ૨૫

ઝીણીયાના જીવીદાદી ✧ ડો. થોમસ પરમાર ૨૭

કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન) ૨૯

શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતાઓ (સંકલન)
✧ કિરણ પરમાર ✧ રાજેશ ચૌહાણ ✧ સંજય વાઘેલા ૩૩

સંયુક્ત રાષ્ટ્ર સંગઠન (યુનો) ✧ ડો. રોમાન ભાટિયા ૩૭

વિશ્વઅન્ન દિન ✧ અંકિતા જોનભાઈ પરમાર ૩૯

આજનું સાચું મિશન : જીવનનું ઉત્તેજન ✧ ફાધર આરસ કુમાર ૪૧

નિસબત (લઘુકથા) ✧ ઈન્દુ રાવ ૪૩

મૃત્યુ ✧ ગાબ્રિએલ ચૌહાણ ૪૪

સાચો શિષ્ય ✧ હેમંતભાઈ માધવભાઈ મેકવાન ૪૫

પંખીની પાંખે (સંપાદક: શૈલેષ ક્રિસ્ટી) ૫૧

આવરણ: ધર્મસભાની જરૂરિયાતને ધ્યાનમાં લઈ પોન્ટિફીકલ ફાઉન્ડેશન એઈડની આ એક પહેલ છે, જેમાં વિશ્વભરના માતા-પિતાઓ, શિક્ષકો તથા કેળવણીકારોને વૈશ્વિક પ્રાર્થના પહેલ 'ગુલાબમાળા જપતા એક લાખ બાળકો'માં ભાગ લેવા આમંત્રણ આપે છે. આ માટે તા. ૧૮ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ સવારે ૯:૦૦ કલાકે વિશ્વની એકતા અને શાંતિ માટે બાળકો સાથે ગુલાબમાળાની ભક્તિ બોલવામાં આવશે.

ફોટો સૌજન્ય: www.millionkidspraying.org
આ અંકમાં લીધેલ અન્ય ફોટોગ્રાફ્સ સૌજન્ય: ગુગલ

'તમે કોઈ વ્યક્તિ સામે ક્રોધિત છો? તે વ્યક્તિ માટે પ્રાર્થના કરો, એ જ સાચા ઈસુપંથીનો પ્રેમ છે.'

ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક

✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

Ph. (Office) : (02692) 240161
Mob. 94084 20847 / (02692) 240178
Website: http://www.gspbooks.in
e-mail : phdoot@gmail.com

રવિવારે કાર્યાલયમાં રજા રહેશે

લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

નવેમ્બર, ૨૦૧૬થી જાહેરાતના નવા દર

છેલ્લું કવરપેજ	:	રૂા. ૧૪,૦૦૦
અંદરની બાજુના બધાં જ કલર પેજ	:	રૂા. ૧૩,૦૦૦

અંદરના સામાન્ય પેજ

આખું પેજ	:	રૂા. ૮,૪૦૦
અર્ધું પેજ	:	રૂા. ૪,૨૦૦
૧/૪ પેજ	:	રૂા. ૨,૧૦૦
ટચુકડી	:	રૂા. ૦,૭૦૦

જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

આમંત્રિત તંત્રીલેખ...

ઇસુકેન્દ્રી મરિયમભક્તિ

ઓક્ટોબર મહિનો એ માતા મરિયમ સાથે ગુલાબમાળાની ભક્તિ કરવાનો મહિનો છે. એ ભક્તિ દ્વારા ઓક્ટોબરમાં જ નહિ બલ્કે આપણા જીવનના એકે એક દિવસ પ્રભુની સ્તુતિ કરવા અને ઈસુના નામનો મહિમા કરવા માટે આપણને હાકલ મળેલી છે. એ હાકલને અનુરૂપ મરિયમભક્તિ - પછી તે ગુલાબમાળાની હોય, નોવેના હોય, મરિયમના તીર્થધામોની યાત્રાઓ હોય કે અન્ય કોઈપણ ભક્તિ હોય - ઈસુકેન્દ્રી હોવી અગત્યનું છે.

ગુલાબમાળાની ભક્તિ ઈસુકેન્દ્રી છે. માતા મરિયમના નોવેનાની પ્રાર્થનાઓ 'ઈસુ કહે તેમ કરવા' કૃપા મેળવી આપે છે. માતા મરિયમના તીર્થધામે જવા કરાતી પગપાળાની યાત્રાઓ ઈસુરુપી જીવનમાર્ગ ઉપર ચાલવા આપણા પગોમાં બળ, હૈયામાં હામ અને શરીરમાં ચેતન પુરે છે, એટલું જ નહિ; આપણા સમગ્ર ખ્રિસ્તી જીવનને આધ્યાત્મિકતાથી સભર બનાવી દે છે.

કેથોલિક સંપ્રદાયમાં સામાન્યમાં સામાન્ય ગણાતી ગુલાબમાળાની પ્રાર્થના આપણને ઈસુભક્તિમાં લીન બનાવી શકે છે. નાનામાં નાનું બાળક અને સૌથી સામાન્ય ખ્રિસ્તીજન પોતાના આધ્યાત્મિક જીવનની શરૂઆત આ પ્રાર્થનાથી કરે છે. જે કુટુંબોમાં ગુલાબમાળાની પ્રાર્થના થાય છે, તે કુટુંબનું નાનું બાળક ગળથુથીમાંથી ખ્રિસ્તી શ્રદ્ધાના અમૃતજળ પ્રાશન કરે છે. પા-પા-પગલાંની સાથે જ એ બાળક મા-મા-મરિયમ બોલતાં શીખે છે. એનું કારણ એ પ્રાર્થના ખુબ જ મધૂર છે. પ્રણામ, મારિયા, કૃપા, પ્રભુ, સાથે, ભાગ્યવંત, ફળ, ઈસુ, પવિત્ર, પરમેશ્વર, માતા, વિનંતિ, પ્રાર્થના, આમેન જેવા મધૂર, સુંદર, પવિત્ર, પ્રેમાળ શબ્દો એ બાળક આત્મસાત કરે છે. કોઈ પણ વ્યક્તિની ખ્રિસ્તી આધ્યાત્મિકતા સોળે કળાએ ખીલી ઉઠે એ માટે આટલું શબ્દભંડોળ પૂરતું છે. જેને બાળપણથી જ આ પ્રાર્થનારૂપી અમૃતજળ મળ્યું છે તે વ્યક્તિ જીવનમાં કોઈ દિવસ નિરાશ કે દિશાહીન ના બની શકે; કારણ ઈસુ એના જીવનનો આધાર બની જાય છે. એ આધારની ઓળખાણ આપણને માતા મરિયમ કરાવે છે. ઈસુના જીવનનાં મર્મો ઉપર મનન ચિંતન કરતાં કરતાં આપણે ઊંડે ઊંડે ઈસુનો અનુભવ કરીએ છીએ. ગુલાબમાળાના રટણથી ઈસુ આપણા જીવનનો અવિભાજ્ય ભાગ બની જાય છે.

ગુલાબમાળા ઈસુકેન્દ્રી પ્રાર્થના છે અને તેથી જ આ પ્રાર્થનાના રટણથી આપણે ઈસુમય બની જઈએ છીએ. દરેક ગુલાબમાળાના દસકાની શરૂઆત આપણે પ્રભુ ઈસુએ શીખવેલી સર્વ સમાવેશક વિશ્વવંદનીય એવી 'હે અમારા બાપ' પ્રાર્થનાથી કરીએ છીએ. હે અમારા બાપ પ્રાર્થના કોઈ એક સંપ્રદાયની જાગીર નથી. ઈશ્વર દરેક માનવીના પ્રેમાળ પિતા છે એ શીખ આપણને ઈશ્વરપુત્ર ઈસુ પોતે આપે છે. માનવી સર્જાયો છે ઈશ્વરનો મહિમા કરવા અને માનવબંધુઓની સાથે સંપસુમેળથી રહી જરૂરિયાતમંદોની મદદ કરવા. હે અમારા બાપ પ્રાર્થના એટલે માનવી જીવનની સાર્થકતા માટે કૃપા મેળવવા ઈશ્વર પાસે દિલના ઊંડાણેથી કરેલી માનવ જાતિની આજીજી છે. એનું પ્રેરકબળ ઈસુ પોતે છે અને એટલે જ એ પ્રાર્થના આપણે ગુલાબમાળાના દસકાની શરૂઆતમાં કરીએ છીએ.

ગુલાબમાળાની ભક્તિ ઈસુકેન્દ્રી છે કારણ આ ભક્તિ દરમિયાન આપણે ઈસુના જીવનનાં મર્મો ઉપર મનન ચિંતન કરીએ છીએ. દરેક મર્મ દરમિયાન આપણે ઈસુના વ્યક્તિત્વને આપણા માનસપટલ ઉપર ચિત્રિત કરીએ છીએ. મરિયમને દેવદૂતનો સંદેશ એટલે 'આનંદ કર કૃપાપૂર્ણ મરિયમ... એ સંદેશ આપણામાં પણ આનંદ લાવે છે કારણ ઈશ્વરનો શાશ્વત શબ્દ - આપણને આપવામાં આવેલી ઈશ્વરની સર્વોત્તમ ભેટ- આપણા જેવો માનવ દેહ ધારણ કરે છે. મરિયમ-એલિસાબેતની મુલાકાતની મધ્યે આપણને ઈસુની કૃપા પ્રાપ્ત થાય છે. સ્નાનસંસ્કારક યોહાનની જેમ આપણે નાચી ઉઠીએ છીએ. માતા મરિયમ સાથે પ્રભુમહિમાના ગીત ગાઈએ છીએ અને ઈસુને આપણા ઉદ્ધારક તરીકે સ્વીકારીને ધન્યતા અનુભવીએ છીએ. ઈસુ જન્મ ઉપર ચિંતન કરતાં ભારે આનંદના સમાચારની વધામણી પામેલા ભરવાડોની જેમ આપણે પ્રેમ, શાંતિ અને આનંદનો અનુભવ કરીએ છીએ; સ્વર્ગીય દૂતો સાથે જોડાઈને પરમધામમાં વસતા અને માનવી બનીને આપણી મધ્યે પધારેલ ઈશ્વરના સ્તુતિગાન આનંદભર્યા સૂરે રેલાવીએ છીએ. મરિયમ સાથે ઈસુને ભેટમાં પામીએ છીએ. શિમયોનની અને હાન્નાની જેમ ઈશ્વરકૃપાની ભેટને લીધે ગદગદ થઇ પ્રભુના આભારગાન ગાઈએ છીએ. મંદિરમાં પંડિતોની વચ્ચે ઈશ્વરના જ્ઞાનને કિશોર ઈસુમાં મૂર્તિમંત બનેલા નિહાળીએ છીએ. ગુલાબમાળાનાં આનંદનાં મર્મોના ચિંતન દરમિયાન આપણે ઈસુના બાલ્યજીવનનું એક સુંદર ચિત્ર આપણા દિલ ઉપર દોરીને ઈસુમાં લીન બનીએ છીએ. આનંદનાં મર્મો ઉપર ચિંતન એટલે ખ્રિસ્તી જીવનમાં મળતી કૃપાના આનંદમાં તરબોળ થઈ જવું. એ આનંદનું કારણ છે માનવદેહ ધારણ કરેલ ઈશ્વરપુત્ર ઈસુ નામનો શુભસંદેશ..

૧૬ ઓક્ટોબર ૨૦૦૨ ના રોજ તત્કાલીન વડાધર્મગુરુ સંત પોપ યોહાન પાઉલ દ્વિતીય પોતાના 'કુમારી માતા મરિયમની ગુલાબમાળા' નામના પરિપત્ર દ્વારા ગુલાબમાળાની ભક્તિમાં ઈસુના જીવનથી સંકળાયેલાં પ્રકાશનાં મર્મો ઉમેરવાનો આદેશ આપે છે. એની પાછળનું

એકમાત્ર કારણ એ છે કે ગુલાબમાળા સંપૂર્ણ રીતે ઈસુકેન્દ્રી પ્રાર્થના છે એ આપણે સમજી શકીએ. ઈસુને ઓળખવા માટે ઈસુના મિશનકાર્યને સમજવું અગત્યનું છે. ગુલાબમાળાના પ્રકાશનાં મર્મોનું ચિંતન કરતાં આપણે ઈસુના જીવનના પાંચ મહત્વના પડાવો વિશેષ ભક્તિ અને આદરથી સમજી શકીએ છીએ. ઈસુ જગપ્રકાશ છે (યોહાન ૮:૧૨). ઈશ્વરનો પ્રકાશ આપણી મધ્યે પ્રગટ થયો છે માનવજાતિની મુક્તિ માટે. તેથી જ મરિયમ સાથે આપણે ઈશ્વરના આપણી મધ્યે પ્રગટ થયેલા પ્રકાશનાં મર્મો ઉપર મનન ચિંતન કરીએ છીએ. ઈસુના જીવનના આ પ્રકાશનાં મર્મો આપણી આગળ ઈશ્વરના રાજ્યનાં રહસ્યો ખુલ્લાં કરે છે. યર્દનમાં સ્નાનસંસ્કાર પામીને ઈસુ ઈશ્વરના રાજ્ય માટે આપણી મધ્યે આપણા જેવા બનીને પધારે છે. પરમેશ્વરપિતા ઈસુની ઓળખાણ પોતાના 'પ્રિયતમ પુત્ર' તરીકે કરાવે છે. કાના ગામે લગ્નસમયે પાણીનો દ્રાક્ષાસવ કરાવવા મરિયમ ઈસુને તેમના મિશન કાર્યમાં ઝંપલાવે છે. આ મર્મ દરમિયાન મરિયમ આપણને 'ઈસુ કહે તેમ કરવા' (યોહાન ૨:૫) આમંત્રણ આપે છે. એવું કરવાથી ઈસુ આપણા જીવનની કોઠીઓ વિપુલતાથી છલોછલ છલકાવી દેશે જ; પણ એની સાથે સાથે આપણા દ્વારા ઈસુનો મહિમા પ્રગટ થતો રહેશે. ઈશ્વરના રાજ્યના આગમનની ઘોષણા કરીને ઈસુ આપણને પરમપિતાની ઓળખાણ કરાવે છે અને આપણને પિતાના પ્રેમ, આનંદ, શાંતિ અને ન્યાયના રાજ્યમાં પ્રવેશવા આમંત્રણ આપે છે. ઈશ્વરનું રાજ્ય ઈસુમાં પૂર્ણતા પામેલું જોવા તેઓ આપણી આખો ખોલે છે. પરમપિતાનો મહિમા કરવા આપણા કંઠ ઉઘાડે છે. એમના રાજ્યમાં પ્રવેશવા આપણા અંતરદ્વાર ખોલી નાખે છે. ઈશ્વરનો મહિમા ઈસુમાં પૂર્ણપણે પ્રગટ થયેલો આપણે તેમના દિવ્યરૂપ દર્શનમાં અનુભવીએ છીએ. આ મર્મ ઉપર ચિંતન કરતાં આપણે ઈસુના શિષ્યોની જેમ ઈસુ સાથે રહેવા ઝંખીએ છીએ. આપણી સાથે કાયમ માટે રહેવાની ઈસુની ઝંખના છે અને તેથી જ પોતાના પ્રેમને પરાકાષ્ઠાએ પહોંચાડવા ઈસુ પોતાની જાતની ભેટ આપણને આપે છે. ખ્રિસ્તયજ્ઞ એટલે ઈસુના પ્રેમનો સંસ્કાર. ખ્રિસ્તયજ્ઞ એટલે ઈસુની હાજરીનો સંસ્કાર, ખ્રિસ્તયજ્ઞ એટલે દિવ્યજીવનનું ભાથું....ગુલાબમાળાની ભક્તિનાં પ્રકાશનાં મર્મો ઉપર ચિંતન એટલે જગપ્રકાશ ઈસુ આપણા જીવનને પ્રકાશિત કરે, સમૃદ્ધ બનાવે, આપણને દિવ્યજીવનનું ભાથું આપે એ આશાની અભિવ્યક્તિ...આપણને ઈશ્વરનાં સંતાનો બનાવે અને ઈસુની હાજરીનો આપણને અનુભવ થાય એ માટે કરવામાં આવેલી ઈસુકેન્દ્રી પ્રાર્થના...ઈસુ સાથેની આપણી આ મુસાફરી દરમિયાન મરિયમ આપણી સાથે હંમેશા રહે છે; એમના પુત્ર ઈસુ પાસે તે આપણને લઈ જાય છે અને ઈસુ કહે તેમ કરવા પ્રેરણા પુરી પાડે છે.

શુભસંદેશકારો ઈસુના જીવનનાં દુઃખનાં મર્મો આપણી સમક્ષ રજુ કરે છે ત્યારે મરિયમ ઈસુ સાથે છે એ પુરેપુરી રીતે અભિવ્યક્ત કરે છે. ઈસુના ક્રૂસનો માર્ગ એ દરેક ખ્રિસ્તીજન માટે જીવનમાર્ગ બની જાય છે. એ માર્ગ ઉપર મરિયમ ઈસુ અને આપણી વચ્ચેની કડી બની જાય છે. 'આ રહ્યો એ માનવી' એ શબ્દો સાંભળતાં જ મરિયમના દિલમાં અસહ્ય પીડા થાય છે. આ રહ્યો એ માનવી કે જેણે બધાનું ભલું જ કર્યું અને તેમ છતાં બધાની મુક્તિ માટે તે ક્રૂસની સજા વહોરી લે છે. ક્રૂસ સ્વીકારીને તે ઈશ્વર અને માનવી વચ્ચે સેતુ બાંધે છે. આપણને ફરી એકવાર ઈશ્વર સાથે સમાધાન કરાવીને ઈશ્વરનાં સંતાનો બનાવી દે છે. ક્રૂસના માર્ગ ઉપર પડી જઈએ તોય ફરી ઊભા થઈને આગળ ધપતા રહેવું એ જ જીવન છે એમ શીખવાડે છે. ઈસુના ક્રૂસના માર્ગ ઉપર શરૂઆતથી અંત સુધી ઈસુ સાથે રહીને મરિયમ આપણને પણ ઈસુ સાથે રહેવા હિંમત અને પ્રેરણા પુરી પાડે છે. ક્રૂસ નીચે સંત યોહાનને સ્વીકારીને સમગ્ર ધર્મસભાના સભ્યોને પોતાનાં સંતાનો તરીકે સ્વીકારે છે. મરિયમ - ઈસુનાં માતા - ધર્મસભાનાં માતા - આપણા સહુનાં માતા બને છે. ઈસુએ પોતાના ક્રૂસ ઉપરના સમર્પણ દ્વારા બતાવેલ માનવબંધુઓ પ્રત્યેનો પ્રેમ અને પરમપિતા પ્રત્યેની ભક્તિ આપણામાં પણ પ્રગટે એ માટે મરિયમ આદર્શ પૂરો પાડે છે. મરિયમ - ઈસુની સર્વોત્તમ શિષ્યા - પ્રેમ અને ભક્તિનો આદર્શ નમૂનો પૂરો પાડે છે. દુઃખથી, પીડાથી વિંધાયેલ એમના હૃદયમાંથી પ્રેમ અને હૂંફની અમીધારા ઈસુના શિષ્યો ઉપર વરસાવીને એમની સાથે પ્રાર્થનામાં વ્યસ્ત રહીને સંપૂર્ણ આશાથી ઈસુના પુનરુત્થાનની રાહ જુએ છે. દુઃખનાં મર્મો ઉપર ચિંતન કરતાં મરિયમ આપણી સાથે ઈસુના બલિદાનને યાદ કરવા, એમના આપણા ઉપરના પ્રેમના પ્રતીક એવા ક્રૂસ નીચે નતમસ્તક થવા, અને એમના પ્રેમમાં વિહરવા આપણને હિંમત આપે છે. ઈસુનો પ્રેમ, ઈસુની પીડા, ઈસુનું બલિદાન ગુલાબમાળાના દુઃખનાં મર્મોના કેન્દ્રસ્થાને છે.

ઈસુ મરણ પામ્યા, ઈસુ સજીવન થયા, ઈસુ ફરી પધારશે એ જ આપણી ધર્મશ્રદ્ધાનું મહાન રહસ્ય છે. ગુલાબમાળાની ભક્તિનાં વૈભવનાં મર્મો આપણી ધર્મશ્રદ્ધાના આ રહસ્યની અભિવ્યક્તિ પૂર્ણતાએ પહોંચાડે છે. ઈસુ ઉપરનું ચિંતન કાલવારીએ પૂરું થતું નથી. ઉલટું, ત્યાંથી જ તો નવા જીવનની શરૂઆત થાય છે. મૃત્યુ એ જીવનનો અંત નથી, બલ્કે, નવા, વૈભવશાળી જીવનની શરૂઆત છે. ગુલાબમાળાની ભક્તિનાં આ મર્મો આપણા જીવનની ઊંડી પ્રાર્થના સફળ બનાવવા મદદ કરે છે. 'અસતોમા સતગમય, તમસોમા જ્યોતિર્ગમય, મૃત્યોર્મા અમૃતમગમય' એ દરેક માનવી હૈયાની પ્રાર્થના છે. એ પ્રાર્થના ઈસુના પુનરુત્થાનને પ્રતાપે સફળ બની જાય છે. જગપ્રકાશ ઈસુ નવા તેજ સાથે પુનરુત્થાન પામે છે. આપણને અનંત જીવનની ભેટ આપવા ઈસુ મૃત્યુને પરાભૂત કરે છે. આ મર્મોના ચિંતન દરમિયાન આપણે માતા મરિયમની જેમ આનંદથી ઉભરાઈ જઈએ છીએ; મગદલાની મરિયમની જેમ નાચતાં કૂદતાં આપણા જ ભાઈઓને અને બહેનોને ઈસુ 'દેવા જીવનદાન' ફરી સજીવન થયા છે એ શુભસંદેશ આપીએ છીએ; શિષ્યોની જેમ નીડર બનીને જીવનના નાયક દ્વારા આપવામાં આવેલી મુક્તિની ઘોષણા કરીએ છીએ; પવિત્ર આત્મારૂપી ભેટ પામીને એકમન અને એકદિલનો નવો ઈસુનો સંઘ બની જઈએ છીએ. આ મર્મો દરમિયાન એ વાતનો એકરાર કરીએ છીએ કે ઈસુ ઈશ્વરપુત્ર છે, સર્વોચ્ચ સ્થાને છે, સ્વર્ગરાજ્યમાં ઈશ્વરના મહિમામાં બિરાજમાન છે. એ જ સ્વર્ગમાં માતા મરિયમને માન અને વૈભવનું સ્થાન આપવામાં આવેલું છે, તેઓ સ્વર્ગ અને પૃથ્વીનાં રાણી છે એ રહસ્યો ઉપર ચિંતન કરીએ છીએ. અને આ ભક્તિના કેન્દ્રસ્થાને પુનરુત્થાન પામેલ અને આપણી મધ્યે યુગોના અંત સુધી હાજર છે એવા ઈસુને અનુભવીએ છીએ.

ગુલાબમાળાની ભક્તિનાં બધાં જ મર્મો આપણને ઈસુ સાથે અને ઈસુમાં જીવવા મદદરૂપ બને છે. ગુલાબમાળાની ભક્તિ કરીએ

ત્યારે ઈસુને કેન્દ્રસ્થાને રાખીએ એવું મરિયમ પોતે ઈચ્છે છે. 'ઈસુ કહે તેમ કરજો' એ મરિયમ દ્વારા આપણને મળેલી એકમાત્ર આગ્રહભરી સલાહ છે. શુભસંદેશમાં ઈસુના શિષ્યોને સંબોધીને ઉચ્ચારવામાં આવેલા મરિયમના આ શબ્દો ખ્રિસ્તસભાના સમગ્ર ઇતિહાસ દરમિયાન મરિયમનાં જુદાં જુદાં દર્શનોમાં પણ સાંભળવા મળે છે. દુનિયાનાં તમામ મરિયમ તીર્થધામોના ઉગમની પાછળ મરિયમની આ એક જ આજ્ઞા છેઃ 'ઈસુ કહે તેમ કરજો'. ગુલાબમાળાની અર્થપૂર્ણ ભક્તિ આપણને 'ઈસુ જે કહે તે કરવા' કૃપા પુરી પાડી શકે છે. ઈસુ ઈચ્છે કે આપણે ભરપટ્ટે જીવન પામીએ અને તે માટે આનંદનાં મર્મો; ઈસુ ઈચ્છે કે આપણા જીવનમાં ઈસુનું જીવન પ્રકાશી ઉઠે અને આપણે પણ ઈસુની જેમ 'ઈશ્વરના રાજ્યની ઘોષણા કરવાના કામે લાગી જઈએ અને તે માટે પ્રકાશનાં મર્મો; ઈસુ ઈચ્છે કે આપણે એમની જેમ આત્મસમર્પણ દ્વારા ક્ષમા અને બલિદાન આપીને અમર બનીએ, અને તે માટે દુઃખનાં મર્મો; ઈસુ ઈચ્છે કે આપણે એમનું જીવન આપવાનું મિશનકાર્ય આગળ ધપાવીએ અને તે માટે વૈભવનાં મર્મો.... એ બધાની પાછળ પ્રેરણા પૂરી પાડનાર, ટેકો આપનાર, પડદા પાછળનું પરિબળ એટલે માતા મરિયમ. આપણી ઈસુભક્તિમાં મરિયમ માર્ગદર્શકની ભૂમિકા અદા કરે છે, એનો પુરાવો આપણને યોહાનના શુભસંદેશમાં મળે છે. શુભસંદેશની શરૂઆતમાં જ કાના ગામે લગ્નપ્રસંગે 'ઈસુ કહે તેમ કરો' એટલું કહ્યા પછી મરિયમ ખસી જાય છે અને એમનો ભેટો આપણને ઈસુના ક્રૂસ નીચે એટલે કે શુભસંદેશના લગભગ અંતભાગમાં (યોહાન ૧૯:૨૫-૨૭) થાય છે. અને તે સુધ્ધાં ઈસુ આપણી સાથે જ છે એની ખાતરી કરાવવા માટે, આપણા દુઃખમાં આપણને હિંમત આપવા માટે, આશાભર્યા અંતરે પ્રભુના પુનરુત્થાનની પ્રતીક્ષા કરવા માટે, અને આપણી સાથે પ્રાર્થના કરવા માટે....

યોહાનનો શુભસંદેશ એટલે ઈસુના મહિમાનાં દર્શન કરાવતા પાઠ પછીના પાઠોની પ્રભુના પ્રેમરૂપી ધાગાથી પરોવવામાં આવેલી ઈશ્વરકૃપાની ગાથા. શુભસંદેશની શરૂઆતમાં જ ઈસુના મહિમાનાં આપણને દર્શન થાય એ માટે મરિયમ ઈસુને એમના મુક્તિકાર્યમાં ઝંપલાવે છે. ઈસુના જે પણ અનુયાયીઓ, શ્રોતાઓ, યાચકો 'ઈસુ કહે તેમ કરે' તે સૌ વિપુલતાની, ક્ષમાની, જીવનની, દૃષ્ટિની, રોટલાની, જીવંત જળની, સાજાપણાની ભેટ પામે છે. ઈસુ કહે તેમ કરજો એ શીખવાડવા ગુલાબમાળાની સામાન્ય લાગતી પ્રાર્થના આજે પણ આપણને મદદરૂપ બની શકે છે.

ગુલાબમાળાની પ્રાર્થના 'પ્રણામ મરિયમ' ઈસુકેન્દ્રી છે. પ્રણામ મરિયમ પ્રાર્થનામાં આપણે મરિયમને પ્રણામ કરીએ છીએ કારણ આપણા પ્રભુ ઈસુ પોતે એમની સાથે છે; એ કૃપાથી પૂર્ણ છે કારણ ઈશ્વરની કૃપા અને પ્રેમ ઈસુરૂપે એમના ઉદરમાં, એમના દિલમાં અને એમના સર્વાંગમાં વાસ કરે છે; એમને આપણે ભાગ્યવંત કહીએ છીએ કારણ પરાત્પરનો પુત્ર એમના ખોળાનું ભાગ્યવંત ફળ છે; એમને પવિત્ર કહીએ છીએ કારણ ઈશ્વરપુત્રે એમને પોતાનાં માતા બનાવીને પવિત્ર કર્યાં છે; એ આપણા માટે પ્રાર્થના કરે એમ આપણે વિનવીએ છીએ કારણ એમની મધ્યસ્થી વડે કેવળ એમનો પુત્ર જ પ્રભુ ઈસુ આપણા પાપોની માફી આપે છે.

સોમવારે અને શનિવારે ગુલાબમાળાની ભક્તિનાં આનંદનાં મર્મોનું રટણ કરતાં આપણે ઈસુમાં આનંદ પામીએ; ગુરુવારે ગુલાબમાળાની ભક્તિનાં પ્રકાશનાં મર્મોનું રટણ કરતાં આપણે જગપ્રકાશ ઈસુની ભેટ પામીએ અને એ પ્રકાશ બીજાઓ સુધી પહોંચાડવા દિવા બનીએ. મંગળવારે અને શુક્રવારે ગુલાબમાળાની ભક્તિનાં દુઃખનાં મર્મોનું રટણ કરતાં આપણે ઈસુએ આપણા માટે વેઠેલી પીડાનું મૂલ્ય સમજીએ, આપણો ક્રોસ ઉપાડી ઈસુની પાછળ ચાલવા શક્તિ મેળવીએ અને આપણી પીડાને ઈસુની પીડામાં ભેળવીએ. બુધવારે અને રવિવારે ગુલાબમાળાની ભક્તિનાં વૈભવનાં મર્મોનું રટણ કરતાં આપણે નવી આશાથી જીવનને વધાવીએ, ઈસુ સજીવન થયા છે, આપણને પ્રકાશના, પ્રેમના અને જીવનના રાજ્યમાં દોરી જનાર અભિષિક્ત મુક્તિદાતા છે એ શ્રદ્ધાની છાપરે ચઢીને ઘોષણા કરતા થઈએ. વિશેષ રીતે ઓક્ટોબર મહિનામાં આપણે જયારે ઘણી પવિત્ર જગ્યાઓએ અને વિશેષ કરીને આપણા દરેકના કુટુંબમાં પવિત્ર ગુલાબમાળાની ભક્તિ કરીએ ત્યારે એક વાત યાદ રાખીએ કે ગુલાબમાળાની ભક્તિનો એકમાત્ર મકસદ મરિયમ દ્વારા આપણને ઈસુની ભેટ મળે એ જ છે. મરિયમના જીવનનો એ એકમાત્ર મકસદ હતોઃ આપણે ઈસુને પામીએ, આપણે ઈસુમય બનીએ, આપણે ઈસુ કહે તેમ કરીએ.●

-ફાધર રીચાર્ડ લોપેસ

ડિસેમ્બર - ૨૦૧૮

મહત્ત્વના દિવસો :

૦૧ ડિસેમ્બર : વિશ્વ એઇડ્સ દિન
૦૨ ડિસેમ્બર : ભોપાલ ગેસ હોનારત દિન
૦૩ ડિસેમ્બર : વિશ્વ દિવ્યાંગ દિન
૦૫ ડિસેમ્બર : વિશ્વ સ્વયંસેવક દિન
૧૦ ડિસેમ્બર : આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિન (૧૯૪૮)
૧૧ ડિસેમ્બર : યુનિસેફ દિન (૧૯૪૬)
૧૪ ડિસેમ્બર : રાષ્ટ્રીય ઊર્જાબચત દિન
૧૮ ડિસેમ્બર : રાષ્ટ્રીય અલ્પસંખ્યક અધિકાર દિન
૨૩ ડિસેમ્બર : કિસાન દિન
૨૪ ડિસેમ્બર : રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિન

ધર્મસભાના મહત્ત્વના દિવસો :

૦૨ ડિસેમ્બર : આગમન ઋતુનો પ્રથમ રવિવાર
૦૩ ડિસેમ્બર : સંત ફ્રાન્સિસ ઝેવિયર
૦૮ ડિસેમ્બર : નિષ્કલંક ગર્ભાધારણનું પર્વ
૧૪ ડિસેમ્બર : ક્રુસભક્ત સંત યોહાન
૨૫ ડિસેમ્બર : નાતાલ
૨૬ ડિસેમ્બર : સંત સ્તેફાન
૨૭ ડિસેમ્બર : પ્રેષિત સંત યોહાન
૨૮ ડિસેમ્બર : નિર્દોષ બાળકો
૩૦ ડિસેમ્બર : પવિત્ર કુટુંબનું પર્વ

ઉપરોક્ત વિષયો ઉપરાંત અન્ય વિષયના લેખો 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય કાવ્યધારાના સંપાદકને તા. પમી નવેમ્બર ૨૦૧૮ સુધીમાં મોકલવા વિનંતી.

પાવન હૃદય
દૂત

કાવ્યધારા

નાના શા બુલબુલને

હવાના હિલોળે, ઊડતું ને કૂદકતું,
ડાળી ડાળી પર ને પર્ણ પર્ણ પરે...
મુજ આંગણ માંહેની
રસ્તો પરે ય ઝૂલતું
અનન્ય ને અજોડ એવું
બુલબુલ કેવું મહાલતું !

અતિ ચંચળ ડોક, ઘુમરાય આસપાસ,
નર્યું નિર્મળ વિસ્મય, છલકાય બેઉ આંખે !
આછો ભૂખરો રંગ, શિરે ત્રિકોણ ટોપી,
તો પૂંછ નીચે કેવું ઘેરું લાલ ટપકું !

ઓ નાના નાજુક પંખી
તારી તે શી વિસાત ?
તોય તવ રૂપમાં ઝરે
કર્તાની અદ્‌ભુત કમાલ !

ને... ઘડીક સુણીને
તારું સૂરીલું ગાન
અનહદ આશ્ચર્ય સહ
ડોલી ઊઠે આતમ-પ્રાણ !

- સવિતા પરમાર

તારલિયો

ગગનના ઘુમ્મટ મહીં દેખાય તારલિયો,
નભ આખું વીંધી નિહાળું !

તારા તણા પ્રકાશ થકી,
ઉર મારું ઝબકી ઊઠે !

અંધકાર ભેદી રાત્રિ તણો,
જગ આખું જાગે પ્રાતઃ કાળ,

રવિ તણા તેજકિરણ થકી
દિલના ઝણકી ઊઠે તાર...

નિહાળી રહું
આભ તણો ઊજાસ !

- ફ્રાન્સિસ ગાલુસ મેકવાન

સંબંધ

સંબંધોના લેખાં જોખાં
આજે ક્યાં સમજાય છે ?

સમયની આંટીઘુંટીઓમાં,
સંબંધો આજે સચવાય છે !

ચર્ચાઓની એરણ પર,
સંબંધ કેવા ટીપાય છે !

લાગણીઓના સંબંધો
ઈતિહાસ રચી જાય છે !

દીવાની જ્યોત સમાન,
તેજોમય કદીક દેખાય છે,

હલકા હલકા વાયરામાં,
સંબંધો ડગમગાય છે !

– વિજય એસ. મેકવાન

પ્રભુને...

પ્રભુ ! મને તમારાં દર્શન દો,
હું રોજ તમારું ધ્યાન ધરું...

હું રોજ તમારું ધ્યાન ધરું,
ને પાયે પડીને અરજ કરું... પ્રભુ મને

પ્રભુ, માંગોને મળશે તમે કહ્યું છે-
તેથી રોજેરોજ હું માગ્યાં કરું...

પ્રભુ માંગ્યા વિના તમે ઘણું દીધું છે.
એ ઉપકારો હું કેમ ભૂલું ?

પ્રભુ દેવાધિદેવ ! તમે એકલા જ છો.
તેથી અન્યને ના હું યાદ કરું !

- જોન બેડા પરમાર

હાઈકુ

•

ચાલ્યા જવાથી તારા
અસ્તિત્વ મારું
દૂર થયું મારાથી.

•

વેદનાઓને વાચા
મળે, વિખેરી
પ્રેમ સંવેદનાને !

•

સાવ ભીની વાતને
આંસુઓ પૂછે -
આંખો કહીને થાકી !

- જીગીષા રાજ

સરનામું

To,
ડૉ. સિલાસ પટેલિયા
૨૦૧-સેફ્રોન ક્લાસિક
SBS Colony, ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨
મો: ૯૩૭૭૨૬૬૮૨૮

તમારો પત્ર

(૧)

ધર્મસભાના ઈતિહાસમાં ઓક્ટોબર - ૧૯૬૨માં દ્વિતીય વેટિકન વિશ્વ પરિષદનો પ્રારંભ થયો. વડાધર્મગુરુ યોહાન ૨૩માએ બે હજાર વર્ષ જૂની ધર્મસભામાં નવી તાજગી તથા નવીનતા લાવવા આહ્વાન કર્યું. વિજ્ઞાનમાં થયેલી પ્રગતિને લીધે દુનિયામાં આધુનિક યુગની શરૂઆત થઈ હતી તે સંદર્ભમાં ધર્મસભા માટે ખુલ્લા થવું જરૂરી હતું.

દ્વિતીય વેટીકનના દસ્તાવેજોની ધર્મસભામાં આમુલ પરિવર્તનનો પ્રારંભ થયો. તેના પગલે ધર્મસભામાં કાર્યરત સાધુ-સાધ્વી સંઘોએ પણ તેમના સંઘમાં નવીનીકરણ માટેના પ્રયાસો આરંભ્યા.

સમય પારખીને ઈસુસંઘમાં ૩૧મા તથા ૩૨મા મહાઅધિવેશનમાં પરિવર્તનનો પ્રારંભ થયો. 'સાંસ્કૃતિકરણ' તથા 'શ્રદ્ધા અને ન્યાય' મુખ્યમંત્ર બની ગયાં. ગુજરાતની ધર્મસભાએ પણ 'સાંસ્કૃતિકરણ-ગુજરાતીકરણ' તરફી ધીમે પણ મક્કમ ગતિએ પ્રયાણ આદર્યું.

આ સમય - સંજોગોમાં યુવાન ફાધર ઈસુદાસ ક્વેલીને તેમના ઉપરીઓ તરફથી કેથોલિક સાહિત્યનું ગુજરાતીકરણ કરવાની તથા નવયુવાન ઈસુસંઘી ધર્મબંધુઓના ઘડતરની બેવડી જવાબદારી સોંપવામાં આવી. ફાધર ઈસુદાસે ભલા ચાકર બનીને નિષ્ઠા તથા ખંતપૂર્વક તેમની તબિયતે સાથ આપ્યો ત્યાં સુધી ગુજરાતની ધર્મસભામાં 'ગુજરાતીકરણ' કરવાના તથા યુવાન ઈસુસંઘીઓનું 'જવાબદારી સાથે સ્વતંત્રતા કેન્દ્રી જીવન ઘડતર' કરવા આધુનિક જમાનાના પ્રવાહો સાથે તાલ મિલાવવાના સંનિષ્ઠ પ્રયત્નો કર્યા.

ધાર્મિક સાહિત્ય સર્જનમાં તથા ગીત-સંગીતની રચના કરવામાં ગ્રીક-હિબ્રુ તથા ગુજરાતી ભાષા પર તેમનું પ્રભુત્વ તથા યુવાન ઈસુસંઘીઓના ઘડતરમાં યુવાનો તથા ઈસુસંઘ પ્રત્યેનો તેમનો ઊંડો પ્રેમ ચમત્કાર સર્જી ગયા. ગુજરાતની ધર્મસભામાં યુગકાર્ય સંપૂર્ણ કરી ૧૬મી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ તેઓ સ્વર્ગે સિધાવ્યા ત્યારે તેમની વસમી વિદાય ઈસુસંઘીઓની સાથે ગુજરાતના ધર્મજનોને હચમચાવી આંખ ભીની કરી ગઈ ! સંત પાઉલ તથા લોયોલાના સંત ઈગ્નાસ જેમના આદર્શ હતા તેવા ફાધર ઈસુદાસ ક્વેલી વિશેના ફાધર રેમન્ડ ચૌહાણના ઉત્કૃષ્ટ અંજલી લેખ બદલ તેમને તથા સપ્ટેમ્બર ૨૦૧૮ના 'દૂત'ના મુખપૃષ્ઠ પર ફાધર ઈસુદાસના ફોટાને સ્થાન આપવા બદલ 'દૂત'ના તંત્રી, પ્રકાશક તથા તંત્રીમંડળના સભ્યોને અંતરથી અભિનંદન.

— રોમાન ભાટિયા

(૨)

શ્રી રમણભાઈ નડિયાદીની વાર્તા 'કૃતાર્થભરી નજરે' વાંચી. વાંચતા જ શ્રી જોસેફ મેકવાન સાહેબની ભાષા સમૃદ્ધિની યાદ તાજી થઈ. ગુજરાતી કેથોલિક લેખકોમાં ખૂબ જ ગણ્યા ગાંઠ્યા લેખકો ચરોતરી બોલીનો પોતાના સાહિત્યમાં ભાષાપ્રયોગ કરે છે. શ્રી રમણભાઈ એમાંના એક છે. મધ્યમ વર્ગનો મોંઘવારીના ચક્કરમાં પીસાતો માનવી પોતાની વ્યથા સુંદર રીતે રજૂ કરે છે. મોગરાની મહેંક, કમળના પોયણા જેવા પ્રાકૃતિક વર્ણન તાદશ્ય જીવંત થાય છે અને મોંઘવારીની ઘટમાળમાં જીવતી વ્યક્તિ તે અનુભવી શકે છે. દાન, ધર્માદા, દેવળ વિધિથી ઉબાઈ ગયેલો માનવી પોતાની નારાજગી વ્યક્ત કરે છે. પોતાની પાસે માત્ર બસો રૂપિયા જ હોવા છતાં બીજાની મદદ માટે સહેજપણ ખચકાટ વગર છાતી ઉપર પથ્થર મૂકીને મોટા મોટા દાનધર્માદાની જાહેરાત કરનારને લપડાક મારે છે. સાચા ખ્રિસ્ત તરીકેની ઓળખ ઊભી કરે છે. શ્રી રમણભાઈને તેઓની ઉત્કૃષ્ટ વાર્તા બદલ અભિનંદન.

'દૂત'માં ઘણા સમયથી સારી વાર્તાઓનો દુકાળ હતો. પરંતુ આજે એક સારી વાર્તા જોઈ હૈયે રાજીપો વર્તાય છે. કારણ 'દૂત' નવોદિત લેખકોનું પ્લેટફોર્મ છે. જ્યાંથી કવિઓ અને લેખકોની સમાજને ભેટ મળે છે, એ સંચાલકોએ ભૂલવું ન જોઈએ. ભવિષ્યમાં વધુ વાર્તાઓ સમાજમાંથી મળતી રહે તેવી શુભેચ્છા.

ઈન્દુબેન રાવની વાર્તા 'ડરેગા વો મરેગા' એક સિદ્ધહસ્ત લેખિકાના હાથે કંડારાયેલી અને અત્યારના સંજોગોમાં ફીટ બેસતી વાર્તા છે. પણ નાની બાળકી કરાટે શીખવા જાય અને કોઈને જાણ ન કરે તે ખૂંચે છે. થોડીક વાસ્તવિકતાની જરૂર હતી. ઈન્દુબેન રાવને પણ ખૂબ અભિનંદન.

એ સિવાય ફાધર રેમન્ડ ચૌહાણ તથા ડૉ. થોમસ પરમારના લેખો ખૂબ જ માહિતીપ્રદ અને રસપ્રદ છે.

અંતમાં 'દૂત' નવાનવા પ્રયોગો કરી ચીલાચાલુમાંથી બહાર આવી સમાજને એક સબળ નેતૃત્વ પૂરું પાડે એ માટે 'દૂત' સત્તાધિશોને વિનંતી.

— હસમુખ વાઘેલા

(૩)

'દૂત' શતાબ્દી સર કરી ટેકનોલોજીની દુનિયામાં પોતાનું આગવું યોગદાન સાથે હરણફાળ આગેકૂચ કરી રહ્યું છે, તે વાતનો આનંદ છે. 'દૂત' ધાર્મિક સામાયિક છે તે ગૌરવવંત બાબત છે. સૌથી અગત્યની બાબત તો છે. કે માત્ર સમયના બદલાવ સાથે 'દૂતે' પોતાની ઓળખ જાળવી રાખી છે. અવનવા ફેરફાર સાથે 'દૂત' કૂદકે ને ભૂસકે લોક હૃદય સુધી પહોંચ્યું છે. મહદઅંશે ઘણાં બધા લખાણોમાં સુધારો જોવા મળ્યો છે. જૂની પુરાણી વાર્તાઓની જગ્યાએ ફેસબુક, વોટ્સએપ, કોમ્પ્યૂટર જેવા માધ્યમોથી યુગને છાજે, લોકને ગમે તેવા લખાણો જોવા મળે છે.

ધાર્મિકતા સાથે એકયા બીજી રીતે લેખકો સમાજને મદદરૂપ બનવા પોતાની કલમ તે દિશાતરફ ચલાવી છે. લખાણ ટૂંકુ, મૌલિક ને વાચકવર્ગને ગમે તેવું જોવા મળ્યું. જેની નવી પેઢીને દિશા સૂચક તરીકે પ્રેરણા મળતી રહે. ફેસબુકના માધ્યમથી યુવા વર્ગમાં લેખન ક્ષેત્રે નવું જોમ આવ્યું. 'દૂત' દ્વારા નવા લેખકોને લેખન ક્ષેત્રે દિશા મળી પોતાની કૃતિ 'દૂત'માં પ્રગટ થતાં નવી પેઢીનું લખાણ સુઘડને ધારદાર બનતાં જોવા મળ્યાં. 'દૂત' માધ્યમથી લેખનમાં વધારો થયો, સમાજને નવી દિશા મળી, વધુને વધુ નવા ચહેરા લખાણ તરફ વળ્યા. આડકતરી રીતે સમાજને લગતી બધી જ બાબતોની છણાવટ 'દૂત'માં જોવા મળી.

તો આવો આપણે સૌ સાથે મળી 'દૂત'ને બીજી શતાબ્દી તરફ લઈ જવા સાથે મળી નવી દિશા, નવો વેગ સાથે ઘેર ઘેર વંચાય 'દૂત', એ જ અભિલાષા.

— શૈલેષ વાણીયા - શૈલ, ખંભોળજ

(૪)

'દૂત' ખ્રિસ્તી સમાજને શ્રદ્ધાનો અનુભવ કરાવતું ધાર્મિક સામયિક છે. આજના આધુનિક યુગમાં 'પાપની માફી' અને કરેલા પાપની શિક્ષા વિશે આજનું યુવાન ધન ભાગ્યે જ ધ્યાન આપે છે. આ બાબતે સપ્ટેમ્બર માસના 'દૂત'માં 'પાપની માફી અને શિક્ષા' ના શિર્ષક હેઠળ લખાયેલ લેખ મારા હૃદયને ખૂબ સ્પર્શી ગયો. પાપની માફી માણસને જે શાંતિ આપે છે જે અદ્‌ભુત છે. વળી પાપની શિક્ષા બાબતે સ્વ. ફાધર દાસ્તીસનો અભિગમ મને ખૂબ ગમી ગયો. વારંવાર એકનું એક જ પાપ ફરીથી ના કરીએ એ માટે પોતાની શિક્ષાને યોગ્ય ગણવી એ અનુભવ જ બતાવી આપે છે.

— લલિત એન. પરમાર

Sushil Candles

We have available High & Medium Quality Candles as Prayer, Baptism, Birthday, First Communion (Decorated), Confirmation, Inauguration, Funeral, Vows, Marriage and various Occations. It is available in various size & look in Glasses, Bowl, with Gelly & sented wax. (મીણબત્તી માટે મળો.)

(Meet for Computer & DTP Jobwork)

Pallavi S. Parmar - 9723113611 (Call & whatsapp)

A/7, Vaibhav Society, St. Xavier's Road, Anand - 388 001

'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

સ્વ. શિરિલભાઈ	નડિયાદ	૧૦૧
સ્વ. વનિતા સુનિલ મેકવાન	આણંદ	૧૦૦
અનામી દાતા	-	૫૦
સ્વ. વિક્ટરભાઈ બી. મેકવાન	અમદાવાદ	૧૦૦
સ્વ. સંગીતાબેન કાન્તિભાઈ ક્રિશ્ચિયન	આણંદ	૧૦૦
વિનોદભાઈ એલ. મકવાણા	આણંદ	૧૫૦
કાન્તિભાઈ આઈ. મેકવાન	આણંદ	૧૫૦
વિજયભાઈ જાદવ	આણંદ	૧૦૦
સ્વ. મિનાબેન વિનોદભાઈ મેકવાન	ચાવડાપુરા	૨૦૧
અનિલ જે. ડાભી	અમદાવાદ	૧૦૦
સ્વ. જોસેફભાઈ	નડિયાદ	૩૦૦
રાયમુન્દ રાફાએલ મેકવાન	વડોદરા	૧૨,૦૦૦
જોન ફિલીપ પરમાર	ઉતરસંડા	૧૦૦
સ્વ. રવિકાન્ત ડી. રાઠોડ	આણંદ	૨૫૦
એલિઝાબેત પી. પરમાર	અમદાવાદ	૨૫૧
હર્ષા વિજયકુમાર પટેલીઆ	આણંદ	૨૦૦
શુશીલાબેન ભાનુભાઈ પટેલિયા	આણંદ	૧૦૧
સ્વ. રેગીનાબેન વિલ્યમભાઈ પરમાર	નડિયાદ	૫૦૦
ફ્રાન્સિભાઈ સેમ્યુલ ક્રિસ્ટી	નડિયાદ	૨૨૫
સ્વ. પરમાર નોયલ નટુભાઈ	નડિયાદ	૨૫૦
સ્વ. જોલી જોન ક્રિશ્ચિયન	વડોદરા	૨૦૦
સ્વ. મનીષભાઈ ચીમનભાઈ ચૌહાણ	વડોદરા	૧૦૦

'દૂત'ની નીતિવિષયક સ્પષ્ટતા
ગ્રાહકોને... લેખકોને...વિજ્ઞાપન દાતાઓને...

૧. 'દૂત'માં પ્રસિદ્ધ થતી જાહેરાત કેથોલિક ધર્મસભાના સિદ્ધાંતો અને મૂલ્યોને સુસંગત હોવી જોઈએ.

૨. 'દૂત'માં આવતી તમામ જાહેરાતોની વિચારસરણી સાથે 'દૂત' બંધાયેલ નથી.

૩. 'દૂત'માં પ્રગટ થતી જાહેરાતની સત્યતાની ખાત્રી ગ્રાહકે કરવાની રહેશે. ખાત્રી બાબતે 'દૂત' જવાબદાર રહેશે નહિ.

૪. 'દૂત'માં પ્રગટ થતા વિચારો કે અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

૫. કાર્યાલયને મોકલેલ લેખની નકલ/ફોટો લેખકે પોતાની પાસે રાખવી, મળેલ નકલ પરત કરવા કાર્યાલય બંધાયેલ નથી.

૬. લેખના સુધારા-વધારાનો અબાધિત અધિકાર તંત્રીનો રહેશે જેની નોંધ લેવી.

૭. અન્યત્ર પ્રકાશિત થયેલ સામગ્રી-લેખ 'દૂત'માં પ્રકાશિત કરાશે નહીં. લેખકે તે અંગેની બાંહેધરી આપવાની રહેશે.

૮. અસ્વીકૃત લેખ/કાવ્ય/સમાચાર અંગે પત્રવ્યવહાર અશક્ય છે.

૯. ધર્મસભામાં નોંધપાત્ર પ્રદાન ધરાવનાર વ્યક્તિઓ વિશેષ જ 'દૂત'માં શ્રદ્ધાંજલિ લેખ પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૦. ન્યાયિક હકૂમત (Jurisdiction) આણંદ જિલ્લો રહેશે.

સંન્યાસીઓ અને સાધ્વીઓ ગરીબોના હામી બને

(વડાધર્મગુરુ માન્ય પ્રાર્થના હેતુ : ઓક્ટોબર ૨૦૧૮)

✍ ફાધર જોસેફ મંગલમ

"સમર્પિત સંન્યાસીઓ અને સાધ્વીઓ જાગૃત બનીને સમાજના છેવાડાના અને અન્યાય સામે અવાજ ઉઠાવવા સક્ષમ નહિ એવા ગરીબોની પડખે રહીને શુભસંદેશના સાક્ષી બને."

સ્નાનસંસ્કાર પામેલા સૌ શ્રદ્ધાળુઓને ધર્મસંઘમાં ઈશ્વરની પ્રજા તરીકે બીજી વેટિકન પરિષદ ઓળખાવે છે. દા.ત. "ધર્મસભા વિશેના સંવિધાનના બીજા અધ્યાયમાં ધર્મસંઘને ઈશ્વરની પ્રજા તરીકે રજૂ કરવામાં આવેલ છે. આ ઈશ્વરની પ્રજામાં દેખીતી રીતે બે જૂથના સભ્યો હોય છે : ૧. ધર્મજનો, જેઓ ધર્મસંઘમાં બહુમતિ ધરાવે છે, ૨. ધર્મસભાનું અધિકારતંત્ર : જેમાં વડાધર્મગુરુ, ધર્માધ્યક્ષો, પુરોહિતો અને ઉપપુરોહિતોનો સમાવેશ થાય છે. તેઓ ધર્મજનોની વિવિધ રીતે સેવા કરે છે અને પાળકો તરીકે દોરવણી આપતા રહે છે. ઈસુની ઈચ્છા મુજબ ધર્મસભાની આ રીતની વહેંચણી થાય છે એમ બીજી વેટિકન પરિષદ સમજાવે છે.

આ બે જૂથના સભ્યો સિવાય ધર્મસભામાં બીજું એક જૂથ પણ હોય છે. જેમને સંન્યાસીઓ અને સાધ્વીઓ તરીકે આપણે ઓળખાવીએ છીએ. હાલની વિશ્વ ધર્મસભામાં એમની સંખ્યા આશરે તેર લાખ જેટલી છે. બીજી વેટિકન પરિષદના ધર્મસભા વિશેના સંવિધાનના શિક્ષણ મુજબ, "ઈશ્વરને સમર્પિત બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને આ આજ્ઞાધીનતા એ શુભસંદેશ - પ્રબોધિત ભલામણો છે. આ ધર્મસભાને પ્રભુ ઈસુ તરફથી મળેલ વરદાન છે, ને પ્રભુની કૃપાથી ધર્મસભાસદ તેનું જતન કરે છે. એ ભલામણોનો પાયો પ્રભુનાં વચનો અને એમનો નમૂનો છે. પ્રેષિતોએ તથા પ્રાચીન ધર્માચાર્યોએ તેમજ ધર્મસભાના ધર્મપંડિતોને ધર્મગુરુઓએ ભલામણોની પ્રશસ્તિ કરી છે. પવિત્ર આત્માની દોરવણી હેઠળ ધર્મસભાનું અધિકારતંત્રએ ભલામણોનું યોગ્ય અર્થઘટન કરવા તેના આચરણનું નિયમન કરવા તથા તે અનુસાર જીવવાની સ્થાયી પ્રણાલીઓ સ્થાપવા પ્રયત્નશીલ રહ્યું છે. પરિણામે પ્રભુના ખેતરમાં દિવ્ય બીજમાંથી ઉગેલ ઝાડમાંથી ચમત્કારિક રીતે સંખ્યાબંધ શાખાઓ જાણે ફેલાઈ ન હોય તેમ, એકાકી તેમ જ સામુહિક સંન્યસ્ત જીવનના ભિન્ન ભિન્ન માર્ગો તથા સાધુ-સાધ્વીઓના ભિન્ન-ભિન્ન પરિવારો વિકસ્યા છે. આ માર્ગો પોતાનાં સભ્યોની તેમજ ઈસુના સમગ્ર શરીરની પ્રગતિ અર્થે આધ્યાત્મિક ઉપાયો પૂરા પાડતા રહે છે." (નં. ૪૩)

"ઈશ્વર પ્રત્યે ઉત્કટ પ્રેમ રાખવામાં તથા તેની પૂર્ણ આરાધના કરવામાં જે કાંઈ અડચણો પોતાને બાધારૂપ બની શકે તેમ હોય તે બધામાંથી તેઓ મુક્ત બને, તથા ઈશ્વરની સેવાને પોતે વધુ ગાઢ રીતે સમર્પિત થાય... આથી એ લોકોનું આધ્યાત્મિક જીવન સમગ્ર ધર્મસભાના કલ્યાણને પ્રતિબદ્ધ હોવું જોઈએ. વ્રતધારી જીવન રાજરાજેશ્વર ઈસુના અપાર સામર્થ્યનો તથા ધર્મસભામાં અદ્‌ભુત રીતે કાર્ય કરી રહેલ પવિત્ર આત્માના અલૌકિક પ્રભાવનો સૌ માનવીઓને ખ્યાલ કરાવે છે." (નં. ૪૪)

ધર્મસભાના ઈતિહાસમાં ડોકિયું કરીએ તો એક વાત સ્પષ્ટ દેખાઈ આવે છે કે ધર્મસભાની શરૂઆતમાં રોમન સામ્રાજ્યમાં લાખો લોકો ઈસુમાં શ્રદ્ધા ધરાવતા થયા. તેમાંના ઘણખરા શ્રદ્ધાળુઓએ ઈસુમાં શ્રદ્ધા ધરાવવાને લીધે શહીદી વહોરી લીધી હતી. ત્યાર પછી ચક્રવર્તી કોન્સ્ટાન્ટાઈન દ્વારા ઈસુના અનુયાયીઓને ધર્મસ્વાતંત્ર્ય બક્ષતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. ધીમે ધીમે ઘણા લોકો દુન્યવી જીવન જીવવા માંડ્યા. આના વિરોધમાં જેઓ ઈસુના જીવનને અનુરૂપ ત્યાગી જીવન અપનાવા માગતા હતા, અને તપમય જીવન જીવીને ઈસુને સમર્પિત જીવન જીવવા માગતા હતા, તેઓ ઈસુની જીવન પદ્ધતિથી પ્રેરણા મેળવીને રણમાં એકલા તપ કરવા લાગ્યા હતા. ધીમે ધીમે તેઓ સંઘ જીવન જીવીને તપ અને ઈશ્વરની સાધના કરવા માંડ્યા. શરૂઆતમાં તેઓ ત્યાગમય જીવન જીવીને પવિત્ર શાસ્ત્રનું પઠન અને મનન કરતાં ઈસુનું અનુકરણ કરતાં. તેમનું એક જ લક્ષ્ય હતું. તે ધ્યાન અને સાધના દ્વારા ઈશ્વર પ્રાપ્તિ. તેઓ ધ્યાન સાધકો (ઝ્હીદ્વૅઙ્ગ્ઠૈદ્દીજ) તરીકે ઓળખાય છે. સંત બાસીલ, સંત બેનેદિક્ત વગેરે સંતો આવા ત્યાગીઓ હતા. તેમણે ઘણા મઠોની સ્થાપના કરી હતી. જેમાં હજારો તપસ્વીઓ જિંદગીભર ઈશ્વરનું ધ્યાન કરતા ઈસુનું અનુકરણ કરતા.

ત્યાર પછી સંત ફ્રાન્સિસ આસીસી જેવા સંતો પાક્યા. જેમણે સંન્યાસ જીવનમાં જે રીતે ઈસુએ ગરીબીને ભેટીને ગરીબોની સેવાને શુભસંદેશની ઘોષણાના કાર્યમાં મહત્ત્વ આવ્યું હતું. તેમ ત્યાગમય જીવન જીવતાં નિરાધારો અને ગરીબોની સેવા કરવા લાગ્યાં. તેઓ મઠમાં સ્થાઈ થઈને રહેવાને બદલે ગામે ગામ ફરીને શુભસંદેશની ઘોષણાના કાર્યમાં તેમના જીવન દ્વારા બતાવી આપ્યું કે જે રીતે ઈસુ ગરીબ રહ્યા તેમ ગરીબીને ભેટીને ગરીબોને સ્વીકાર કરી શકે. આ દિશામાં સંત દોમિનિક અને ત્યાર પછીના સમયમાં સંત ઈગ્નાસ લોયોલા જેવા સંતોએ નવા સંન્યાસી મંડળોની સ્થાપના કરી. સંન્યાસી થઈને તેઓ વ્રતો લઈને પ્રાર્થના, તપ અને ત્યાગની ભાવનાથી સંઘ જીવન જીવતા હતા.

પણ સાથે સાથે પાડોશીની સેવા પણ એમના સમર્પણ જીવનનો અવિભાજ્ય ભાગ હતો. સંત ઈગ્નાસ અને એમની સાથીદારો પ્રેષિત કાર્ય માટે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સ્થાનિક દવાખાનામાં મુકામ કરીને રોગીઓની સેવા કરતા હતા.

આજના ઘણાં સંન્યાસીઓના મંડળો વ્રતધારી જીવનમાં સંઘ જીવનને મહત્ત્વ આપે છે. પણ સાથે સાથે ગરીબો અને કચડાયેલા લોકોની પડખે રહીને આરોગ્ય, શિક્ષણ અને સમાજ સેવાના કાર્યને મહત્ત્વ આપે છે. ગરીબોના માનવ હક્કોનું રક્ષણ કરવા તેઓ પોતાની જાતને સમર્પી દે છે.

તેઓ સંત મધર થેરેસાની જેમ દુઃખી અને નિરાધાર, તરછોડાયેલા માનવોમાં ઈસુના ચહેરાનું દર્શન કરે છે. તેઓ જાહેર જીવનમાં ન્યાય માટે, અને નબળા લોકોને કચડી નીચે એવી પરિસ્થિતિઓ સામે લડીને ઈશ્વરના રાજ્યના આદર્શ પ્રમાણે દુનિયાના નવસર્જનના કાર્યમાં પોતાનું જીવન સમર્પણ કરે છે. તેઓ ગરીબોના દૃષ્ટિકોણથી પોતાના જીવન અને કાર્ય પદ્ધતિનું આયોજન કરતાં ગરીબોની પડખે રહેવાનો પડકાર ઝીલવા તૈયાર થાય છે.

ગરીબોની પડખે રહેવું (option for the poor) એટલે ગરીબોના વિકાસમાં માનવહક્કોના રક્ષણને મહત્ત્વ આપવું, અને પર્યાવરણના રક્ષણ અને જતનને પણ પોતાની કાર્યપદ્ધતિમાં સામેલ કરવા.

ગરીબોની પડખે રહીને સંન્યાસીઓ ગરીબો આગળ શુભસંદેશની ઘોષણા કરી, ગરીબોની દૃષ્ટિથી દુનિયાને નીરખવાની એક નવી દૃષ્ટિ અપનાવતાં તેઓ ગરીબોના પડકારો અને સંઘર્ષોનું મહત્ત્વ સમજીને એમનો સાથ આપી શકે.

સાધુ-સાધ્વીઓ સમર્પિત જીવન જીવીને સમાજના છેવાડાના ગરીબ લોકોની પડખે રહીને એમના ઉત્થાન માટે કાર્યરત રહે તે માટે પવિત્ર આત્મા એમને પ્રેરણા આપતા રહે તેમ પોપ ફ્રાન્સિસની સાથે આપણે પણ પ્રાર્થના કરતા રહીએ.●

બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ

- આકર્ષક ઈમ્પોર્ટેડ વેડિંગ ગાઉન મળશે.
- ડિઝાઈનર વેડિંગ ગાઉન, ફલાવર ગર્લ્સ ડિઝાઈનર-ફ્રોક, ગાઉન, ફર્સ્ટ કમ્યુનિયન અને બેપ્ટિસમ-ડિઝાઈનર ફ્રોક, ગાઉન બનાવનાર.

Parul Macwan **98798 57797, 97277 04125**

એના ટ્રાવેલ્સ

આણંદથી જયપુર, આગ્રા, હરિદ્વાર, મસુરી, દહેરાદુન, પુષ્કર, કુંભલગઢ, શ્રીનાથદ્વાર, ઉદેપુર

દિવસ:- ૬, રહેવા (હોટલ) જમવા સાથે. ફક્ત ૮૦૦૦/-

રમણલાલ એન પરમાર (દાવળાવાળા)
૯૯૨૫૭૫૦૩૬૫ ૯૬૩૮૫૮૯૪૨૬
અમીત પરમાર ૯૭૨૭૧૩૨૩૬૭

અભિનંદન

પી.એચ.ડી. થયા

પ્રભુ ઈસુનો આભાર માનીએ છીએ કે, અમારી દીકરી કુમારી **કુસુમબેન માત્થીઅસભાઈ પરદેશી** જેઓ ચાલુ સાલે ઑગસ્ટ - ૨૦૧૮માં ગુજરાત યુનિવર્સિટી તરફથી Ph.dની ડિગ્રી મેળવેલ છે.

ધન્યવાદ

તેમણે ગુજરાતી હાસ્ય સાહિત્યમાં નિરૂપણરીતિ (“વિનોદ ભટ્ટ અને રતિલાલ બોરીસાગરના હાસ્ય સાહિત્ય સંદર્ભે”) વિષયક પર શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એસ. પારેખ કોમર્સ કોલેજ કપડવંજના એસોસિએટ પ્રોફેસર ડૉ. હિતેન્દ્ર જોશીના માર્ગદર્શન હેઠળ મહાશોધક નિબંધ તૈયાર કરી ગુજરાત યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરી છે.

: શુભેચ્છકો :

પુષ્પાબેન (માતા), માત્થીઅસભાઈ મીઠાભાઈ ખ્રિસ્તી (પિતા)
મું. આગરવા, તા. ઠાસરા, જિ. ખેડા, મો. ૯૫૩૭૦ ૫૨૩૨૮

૧. **અનિતાબેન આશિષભાઈ** (M.A.M.Phil., B.ed) **(બહેન)**
૨. **આશિષ વિનોદ** (M.com) **(બનેવી)**
૩. **હિમાંશુ એમ. પરદેશી** (M.com, M.B.A.) **(ભાઈ)**
૪. **હંસરાજ એમ. પરદેશી** (M.com, M.B.A.) **(ભાઈ)**
૫. **સીનલ હંસરાજ પરદેશી** (M.Sc., B.ed) **(ભાભી)**
૬. **મેહુલકુમાર એમ. પરદેશી** (M.A., M.Phil., B.ed) **(ભાઈ)**

આલ્ફા ઓમેગા ચેરીટેબલ ટ્રસ્ટ

આલ્ફા ઓમેગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રોમન કેથોલિક ભાઈઓ-બહેનો માટે આલ્ફા ઓમેગા મેરેજ બ્યુરોનું કાર્ય શરૂ કરવામાં આવેલ છે. તો જલદીથી આપશ્રી રજીસ્ટ્રેશન કરાવી લેશો. ફેમીલી કોર્ટમાં ચાલતા પ્રશ્નો માટે કાઉન્સિલીંગ કરી ખ્રિસ્તી કુટુંબ બાંધવાનું તેમજ ખ્રિસ્તી લગ્ન કરવા માટે પડતી કાયદાકીય તકલીફોના નિરાકરણની માહિતી અને મેરેજ સર્ટિફિકેટ જેવા કાર્ય હાથ ધરવામાં આવેલ છે. તદ્ઉપરાંત મહિનામાં એક વખત રોડ પર રહેતા નિરાધાર લોકોને ભોજન આપવાનું કાર્ય તો ખરું જ ! તો આ સમાજ સેવાના કાર્ય માટે આપ દાન રોકડેથી તેમજ ચેકથી આપી શકો છો તથા નીચે જણાવેલ સરનામે અમારી ઓફિસે આપ રૂબરૂ મુલાકાત લઈ શકો છો. આપની મુલાકાત અમારા માટે આનંદનો અવસર બની રહેશે.

ALPHA OMEGA CHARITABLE TRUST
A/C No. 37580508519
IFS Code : SBIN0011789

સરનામું : *SF/2, સાંઈબાબા કોમ્પલેક્ષ, ગાંધી પાર્કની પાસે, વિરાટનગર રોડ, અમદાવાદ*

પ્રમુખ	: હરેશભાઈ મેકવાન	**મો. ૯૭૨૭૨૮૯૪૦૮**
સેક્રેટરી	: જુલિયસભાઈ પટેલ	**મો. ૯૩૨૮૦૩૭૦૯૩**
ઉપપ્રમુખ	: વિજયભાઈ ક્રિશ્ચિયન	**મો. ૮૭૫૮૪૭૬૦૧૪**

ગાંધીજીની ઈસુગીરી

✍ શૈલેષ ક્રિસ્ટી

મહાત્મા ગાંધી એટલે શાંતિ દૂત, આપણા દેશના રાષ્ટ્રપિતા અને વિશ્વશાંતિના પ્રહરી. ભારતીય સ્વતંત્રતાની લડાઈમાં તેમનું યોગદાન અજોડ લેખાયું છે એવા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીમાં આપણે ૨-૧૦-૨૦૧૮નાં રોજ પ્રવેશી રહ્યાં છીએ.

જન્મજયંતીની ઉજવણીના શુભ ટાણે મોહનચંદ કે. ગાંધી મહાત્મા ગાંધી તરીકે પોંખાયા, પૂજાયા, ત્યારે તેમના જીવનકવનમાં કયા પરિબળો, પરિવેશ અને વ્યક્તિઓની અસર હતી, એનું વિહંગાવલોકન કરીએ તો સમજાશે કે ગાંધીજીથી મહાત્મા સુધીની જીવનયાત્રા ઘણી જ રસપ્રદ, ઘટનાપ્રચુર અને સંકુલ રહી હતી. કેટલીક ઘટનાઓ અને પ્રસંગો સ્થૂળ અને જગજાહેર છે. જ્યારે કેટલાંક અત્યંત સુક્ષ્મ છતાં પણ ગાંધીજીનું જીવન ખુલ્લી કિતાબ જેવું છે. એથી જ ગાંધીજી હંમેશા કહેતા હતા કે મારું જીવન એ જ મારો સંદેશ છે. આ સંદેશને પામવા ગાંધી જીવનને સમજવું જરૂરી જ નહિ બલકે અનિવાર્ય છે.

ગાંધીજીના પરિવારમાં ત્રણ પેઢી ઉપરાંતથી કારભારું ચાલતું હતું. કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા અને ઉદાર એવા તેમના પિતા હતા. પ્રાથમિક અભ્યાસ રાજકોટમાં પૂર્ણ કરી વધુ અભ્યાસાર્થે તેઓ ઈંગ્લેન્ડ ગયા. ઈંગ્લેન્ડમાં તેમણે બાઈબલનો અભ્યાસ કર્યો હતો. તેમની આત્મકથા મુજબ તેમના મિત્રએ તેમને બાઈબલ વાંચવા આગ્રહ કર્યો હતો. તેઓ લખે છે, "જ્યારે 'નવા કરાર' ઉપર આવ્યો ત્યારે જુદી જ અસર થઈ. ઈસુના ગિરિપ્રવચનની અસર બહુ સારી પડી." (આત્મકથા પૃષ્ઠ ૬૦) આમ ગાંધીજીની વિચારધારા કે પાયાના સિદ્ધાંતોના ઘડતરમાં ઈસુના ગિરિપ્રવચન અને બાઈબલની સ્પષ્ટ અસર જોવા મળે છે. આમ બાઈબલની અસરમાંથી ગાંધીગીરીના બીજ રોપાયા તેવું નમ્રતાથી કહી શકાય.

ગાંધી મૂલ્યોના સ્તંભો

સ્વતંત્રતાની લડાઈમાં ભારતીય સંસ્કૃતિઓના રખેવાળ અને પ્રખર એવા અનેક લોકનેતાઓનું યોગદાન છે, પણ આ સર્વે નેતાઓની સરખામણીમાં ગાંધીજીએ પ્રયોજેલા શસ્ત્રો અન્ય કરતા વધારે અજોડ ભિન્ન અને અસરકારક સાબિત થયા છે. જેમકે ગાંધીજીનું સત્ય, અહિંસા અનુકંપા અને શાંતિના શસ્ત્રોના મૂળ સ્પષ્ટ રીતે બાઈબલમાં જોવા મળે છે.

સત્ય

તેઓ કહેતા 'મારે મન સત્ય જ સર્વોપરી છે.' ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ, અલ્પાત્માને માપવાને સારું સત્યનો ગજ કદી ટૂંકો ન બનો ! ઈશ્વર એ જ સત્ય છે, એમ હું માનું છું. સત્ય મેળવ્યા પછી આપણને કલ્યાણ અને સૌંદર્ય બંને મળી રહે છે. આથી ઈસુ ખ્રિસ્તને હું ભારે 'કલાકાર' કહું છું. કારણ તેણે સત્યની ઉપાસના કરી સત્ય શોધ્યું અને સત્યને પ્રગટ કર્યું. આજ વાત યોહાન



જણાવે છે કે ઈસુ ખ્રિસ્ત મારફતે કૃપા અને સત્ય મળ્યા છે. ઈસુ સ્વમુખે પણ આ જ વાત દોહરાવે છે કે 'હું જ માર્ગ છું. હું જ સત્ય છું અને હું જ જીવન છું.' (યોહાન ૧૪:૬) આમ ગાંધીજીનું સત્ય દર્શન અને સત્યને રોજિંદા જીવનમાં ઉતારવાનું ખાસ તો અંગ્રેજો સામેની લડાઈમાં સત્યને અમલી મૂકવાનું બળ ગાંધીજીને બાઈબલ વાંચનમાંથી જ મળ્યું હતું તેમ કહેવું એ એક સત્ય છે.

અહિંસા

અહિંસા માનવ જાતિનો પ્રાથમિક કાનૂન છે. અહિંસા એ આપણા રોજિંદા જીવનમાં ખીલવી જોઈએ. નિત્ય જીવનમાં એકબીજાની સાથેના વ્યવહારમાં સત્ય, નમ્રતા, સહિષ્ણુતા, પ્રેમ અને કરુણાના રૂપે અનિવાર્યપણે હોવી જોઈએ. કારણ વિશ્વનો ઈતિહાસ યુદ્ધોથી ભરેલો છે અને શાંતિ સૌનું શમણું છે. ત્યારે આવા વાતાવરણમાં યુદ્ધ આપણને સરમુખત્યારી તરફ દોરી લઈ જશે ફક્ત અહિંસા જ આપણને લોકશાહી તરફ લઈ જશે. આથી જ તેઓ કહેતા, 'જે અહિંસાના શસ્ત્ર વડે યુદ્ધ લડે છે, તે યુદ્ધ જીતે છે જ.' આ અહિંસાના મૂળ ગાંધીજીના પ્રિય એવા ગિરિપ્રવચનમાં પડેલાં છે. 'તારા મિત્ર ઉપર પ્રેમ રાખ અને તારા શત્રુ ઉપર દ્વેષ રાખ એમ કહેલું છે તે તમે જાણો છો પણ હું તમને કહું છું કે તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો.' (માથ્થી ૫: ૪૩-૪૫) આમ ગાંધીજી કહેતા હતા કે અહિંસા જ ખરો કાયદો છે. જે ઈસુ કહે છે 'તારા શત્રુ ઉપર પ્રેમ રાખ.' શત્રુ ઉપર પ્રેમ રાખવાથી જ અહિંસા જન્મે છે. એટલું જ નહિ પણ અહિંસાનો આરંભ સ્વ થી જ કરવો જોઈએ.

પ્રેમ

ગાંધીજી લખે છે કે મેં તલવારના ન્યાય વિશે મનમાં ઘણાં વિચાર કર્યા છે અને છેવટે હું એ નિર્ણય પર આવ્યો છું કે મનુષ્યને માટે ઈશ્વરે નિમેલું કાર્ય એ છે કે તેણે અરણ્યનો નિયમ છોડીને પ્રેમધર્મનો સ્વીકાર કરવો જોઈએ. પ્રેમનો બેલી ઈશ્વર છે. કોઈના ઉપર મારી સત્તા ચલાવવા માટે મારી પાસે પ્રેમ સિવાય કોઈ શસ્ત્ર નથી એમ ગાંધીજી કહે ત્યારે આપણને ઈસુ યાદ આવવા જ જોઈએ. 'મેં જેમ તમારા ઉપર પ્રેમ રાખ્યો છે તેમ તમારે પરસ્પર પ્રેમ રાખવાનો છે. એટલું જ નહિ પોતાના મિત્રો ખાતર પ્રાણ પાથરે એના કરતાં મોટો કોઈ પ્રેમ છે જ નહીં' તેમ ઈસુ જણાવે છે. આ વિચારનો પડઘો ગાંધી વિચારમાં જોવા મળે છે. 'આખી દુનિયાની સાથે મિત્રભાવે રહેવું એ મારો ઉદેશ છે, એટલું જ નહિ મેં વિચાર, વાણી અને કાર્યોમાં પ્રેમ પ્રગટ કર્યો છે તેટલા અંશે મને શાંતિ અનુભવવા મળી છે.' આમ ગાંધી વિચારના મૂળ બાઈબલમાં જોવા મળે છે.

સેવાવૃત્તિ

ભારતની આઝાદીની સાથે ગાંધીજીનો મૂળ અને પ્રાથમિક ધ્યેય સમાજમાં વસતા છેવાડાના માણસ સુધી સમાજ નવરચના અને સામાજિક પરિવર્તન પહોંચે તે હતો. દલીત-પીડિતના ઉદ્ધાર અર્થે તેમણે અનેક પગલાં સૂચવ્યા હતા. સમાજવાદ, ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત, સ્ત્રીનો દરજ્જો અને ભૂમિકા સ્ત્રી કેળવણી સાથે સર્વાંગી સમાજસેવાના અનેક પગલાં તેમણે સૂચવ્યા હતા. ૧. સત્ય, ૨. અહિંસા, ૩. ચોરી ન કરવી, ૪. અપરિગ્રહ, ૫. બ્રહ્મચર્ય, ૬. સ્વાવલંબન, ૭. અસ્પૃશ્યતા, ૮. અભય, ૯. સ્વદેશી, ૧૦. સ્વાર્થ ત્યાગ, ૧૧. સર્વધર્મ સમાનતા. આ અગિયાર સિદ્ધાંત કે વિભાવનાના મૂળ બાઈબલની દશ આજ્ઞા તપાસતા તેમાં જણાઈ આવે છે.

વિશ્વભરમાં ગાંધીજીની લોકચાહનાને કારણે જ યુનો દ્વારા દર વર્ષે બીજી ઓક્ટોબર આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે ઉજવાય છે. વિશ્વભરમાં ગાંધીજી પોંખાય અને પૂજાય છે ત્યારે આજે દેશમાં ગાંધી વિચાર અને ગાંધીની ટીકા કરનારા લોકોનો રાફડો ફાટ્યો છે. તેમના જીવન-કવનના નકારાત્મક અર્થઘટન થવા લાગ્યા છે. તેમના પ્રયોગોની નિંદા એ ફેશન બની ગઈ છે. ત્યારે ફરી પાછા ગાંધીજીના શબ્દો જ યાદ આવે છે કે, 'ખોટા કામને નકારો' એ કરનારને નહિ. ઈસુના શબ્દો પણ એ જ હતાં, 'પાપને નકારો, પાપીને નહિ.' પ્રેરણામય જીવનજીવી જનાર ગાંધીજી આજે એટલા જ પ્રસ્તૃત છે, જેટલા પહેલા હતા. કારણ વર્તમાન વિશ્વમાં શાંતિ ઝાંઝવાનાં જળ જેવી ભાસે છે. કોમવાદનું ઝેર અને આતંકવાદનો અજગર માનવજાતને ભરખી જવા મ્હોં ફાડીને બેઠો છે.

ઔદ્યોગિક પ્રગતિના અવાંતરે પર્યાવરણના પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે. ચોમેર પ્રદુષણોએ માઝા મૂકી છે. વિકાસની હરણફાળે યંત્રો શોધાયા, વિકસ્યા પણ ખરા પણ એ વિકાસને અવાંતરે બેકારી વધતી ગઈ. શિક્ષણ વધ્યું. જીવન ઘડતર ઘટતું ગયું. તેવા વિકટ સંજોગોમાં ગાંધીવિચાર ઈસુગીરી થકી જ આ વિશ્વની સમસ્યાઓનું સમાધાન શક્ય છે અને ગાંધી મૂલ્યોનો ફેલાવો ઈસુગીરી દ્વારા ફેલાવવાનું શુભ કાર્ય સ્વયંથી જ શરૂ કરવું પડશે. કારણ ગાંધીને માન આપનારા, બંદગી કરનારા ઘણા મળી રહેશે પણ ગાંધી અનુકરણ કરનાર ઘણા જૂજ જોવા મળશે. ગાંધીએ ઈસુગીરીનો સૂક્ષ્મ રીતે ફેલાવો કરેલ છે ત્યારે ઈસુગીરીના સંદેશને ફેલાવવાની તક આપણે ઝડપી લેવી રહી, કારણ ૧-૯-૨૦૦૫માં ભૂમિપુત્રમાં વિનોબાજીનું લખાણ જોવા મળે છે કે,

ગાંધીજીની બાબતમાંયે આવું જ થવાનું છે.
તમને શું એમ લાગે છે કે,
ગાંધીજીના હજારો પત્રો, લખાણો વગેરે
આપણે છાપીએ છીએ તે
સો વરસ પછી લોકો વાંચવાના છે ?
તેમનું ઘણું બધું કાળગ્રસ્ત થઈ જવાનું !
શું આપણે એવું થવા દઈશું ?●

ચાલો વેલાંગણી માતાના ધામે..... **જાહેર નિમંત્રણ** *ચાલો આમોદ, તા. પેટલાદ.....*

વેલાંગણી માતાનો ૨૦મો ભક્તિ મેળો

વેલાંગણી માતાજીની આશિષો મેળવવા, આભાર માનવા આમોદ ધર્મવિભાગ તરફથી આપ સર્વેને ભાવભીનું આમંત્રણ છે.

: નવ સંધ્યા ભક્તિ :

તા. ૨૨-૧૦-૨૦૧૮ને સોમવાર થી તા. ૩૦-૧૦-૨૦૧૮ મંગળવાર સુધી
સમય : સાંજના ૬:૧૫ કલાકે થશે.

—: ભક્તિ મેળાનો કાર્યક્રમ :—

તા. ૩૧-૧૦-૨૦૧૮, બુધવાર

સરઘસ	:	**આમોદ ડેરીથી દેવાલય સુધી**
સમય	:	**સવારના ૧૦:૩૦ કલાકે**
ખ્રિસ્તયજ્ઞ	:	**માનનીય ધર્માધ્યક્ષશ્રી રત્ના સ્વામીના વરદ્ હસ્તે**
સમય	:	**સરઘસ બાદ**
ભોજન	:	**દાતાશ્રીના પરિવાર તરફથી**
સમય	:	**ખ્રિસ્તયજ્ઞ બાદ**

સ્થળ : કૅથોલિક દેવાલય, આમોદ. તા.પેટલાદ, જિ. આણંદ

ફાધર વેલી : મો. ૯૪૨૭૪ ૯૦૭૪૦, ફાધર પીટર : મો. ૮૮૩૦૨ ૧૮૦૪૭

ક્રોધ

✍ **જસવંત મેકવાન**

‘કેટલીવાર કહ્યું કે, મારા ઓફિસ જવાના સમયે બિનજરૂરી બકવાસ કરવો નહીં પણ તમને તે આદત પડી ગઈ છે ?...’

- એક પતિનો આક્રોશ.

‘હજારવાર કહ્યું તો પણ એ માને શાના ? કોઈ જાણે તેઓ એકલા જ નોકરી કરે છે. ઘરનું એક કામ યાદ રહેતું નથી, પછી શું કરું ?’

- એક પત્નીની હૈયાવરાળ.

‘આજના છોકરાંને ભણવું જ નથી. ઘરકામ તો જાણે દુશ્મન ! સજા થાય નહીં, પાછા વાણી લડવા આવે, બોલો પછી શું થાય ?’

- એક શિક્ષકનો ગુસ્સો.

‘અમને તો કોઈ વિસાતમાં ગણતું જ નથી ને ! જ્યારે જુઓ ત્યારે મોબાઈલમાં જ મોઢું. પૂછીએ તો સરખો જવાબ ન આપે. આજની આ પેઢીને થયું છે શું ?’ - એક વડીલની વેદના.

આવાં તો થોકબંધ ઉદાહરણ મળી આવે જ્યાં માણસનો ક્રોધ વ્યક્ત થતો હોય! ગુસ્સે થવા માટે કંઈ કારણની જરૂર ન હોય. મૂડ ન હોય ને ખબરઅંતર પૂછવામાં આવે તોય આવી બન્યું જાણવું. ઓફિસનો ઉકળાટ ઘેર અને ઘેરનો કકળાટ ઓફિસમાં, એ તો સર્વસામાન્ય બાબત છે. આજની તણાવભરી જિંદગીમાં કોણ ગુસ્સે થતું નથી, એ ભારે સંશોધનનો વિષય છે !

ક્રોધ કરનાર માણસ મટી જાનવર બની જાય છે. તેની મુખાકૃતિ ચિત્ર વિચિત્ર બની જાય છે. તેની બુદ્ધિ બહેર મારી જાય છે. તેના અંગેઅંગમાં નકારાત્મક ઉર્જા વહેવા માંડે છે. પળવાર પહેલાં જે પોતાનું લાગતું હતું તે હવે પરાયું લાગે છે. જે હાથમાં આવે તે હથિયારથી તે કુરુક્ષેત્રનો લલકાર કરે છે અને પછી જોતજોતામાં જાણ્યે અજાણ્યે પારાવાર નુકસાન કરી બેસે છે. ક્યારેક આ ક્રોધ ઘાતક પણ નીવડે છે. અવારનવાર ક્રોધ કરનાર, ઘર-બહાર, સમાજમાં ઠેક ઠેકાણે અપ્રિય અને અળખામણા થઈ પડે છે. આ બહિષ્કાર તેને એકલો પાડી દે છે, જેનાં માઠાં પરિણામ અસહ્ય આવી શકે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા (અધ્યાય : ૨, શ્લોક ૬૨ અને ૬૩) માં ક્રોધની ઉત્પત્તિ અને તેના દુષ્પરિણામ વિશે જણાવ્યું છે :

‘ઈન્દ્રિય વિષયોનું ચિંતન કરવાથી, મનુષ્યને તેમાં આસક્તિ થાય છે અને આવી આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે તથા કામમાંથી ક્રોધ ઉદ્ભવે છે.’

‘ક્રોધમાંથી પૂર્ણ મોહ ઉત્પન્ન થાય છે અને મોહથી સ્મરણ શક્તિનો વિભ્રમ થાય છે. જ્યારે સ્મરણશક્તિ ભ્રમિત થઈ જાય છે ત્યારે બુદ્ધિ નષ્ટ થાય છે અને બુદ્ધિ નષ્ટ થવાથી મનુષ્ય સંસાર-કૂપમાં પતન પામે છે.’

પવિત્ર બાઈબલમાં ઈસુએ કહ્યું : ‘તમે જાણો છો કે, તમારા પૂર્વજોને એમ કહેવામાં આવ્યું હતું કે, ખૂન કરવું નહિ; જે કોઈ ખૂન કરશે તેણે અદાલતમાં જવાબ દેવો પડશે. પણ હું તમને કહું છું કે કોઈ પોતાના ભાઈ ઉપર ગુસ્સો કરશે તેણે અદાલતમાં જવાબ દેવો પડશે.’ (માથ્થી ૫:૨૧-૨૨) ક્રોધ કરનારને અદાલત દંડ કરશે, એમ ઈસુનું કહેવું છે.

ક્રોધ, હત્યા-ખૂનની જેમ ગંભીર પાપ છે, એવું ભાગ્યે જ કોઈ વિચારે છે. સંત યોહાને ઈસુની વાતને જુદી રીતે રજૂ કરી છે. ‘જે કોઈ પોતાના ભાઈ ઉપર દ્વેષ રાખે છે તે ખૂની છે અને તમે જાણો છો કે કોઈ ખૂનીમાં શાશ્વત જીવન હોતું નથી.’ (૧ યોહાન : ૩:૧૫)

અકારણ અને અનિયંત્રિત ક્રોધ હત્યા બરાબર છે. જૂના અને નવા કરાર બંનેમાં માનવ જીવનનો નાશ ન કરવા ચેતાવણી છે. દસ આજ્ઞાઓમાં પણ જીવન બચાવવાની વાત છે.

‘ખૂન કરવું નહિ.’ (મહાપ્રસ્થાન : ૨૦:૧૩ અને અનુસંહિતા ૫:૧૭) ખૂન કરવું એ પ્રેમના વિરુદ્ધનું પાપ છે. વ્યભિચાર કરવો નહિ, ચોરી કરવી નહિ, કોઈ વસ્તુનો લોભ કરવો નહિ - આ અને અન્ય તમામ આજ્ઞાઓનો સારાંશ આ પ્રમાણે છે : તારા માનવબંધુ પર તારી જાતના જેટલો પ્રેમ રાખ. પ્રેમ માનવબંધુનું બૂરું નથી કરતો; એટલે પ્રેમમાં શાસ્ત્રનું પૂરેપૂરું પાલન આવી જાય છે. (રોમ ૧૩:૯-૧૦) સંત પીતરે પણ ઈસુપંથીઓને આ જ સલાહ આપી હતી.

ઈસુ સામાન્ય વ્યક્તિના સ્વભાવની નોંધ કરે છે. માણસ બાહ્ય કાર્યને જ ગંભીર પાપ માને છે. ઈસુના મતાનુસાર માણસના અંતરમાંથી જે બહાર આવે છે તે તેને અભડાવે છે. એટલે અંદરની ઘૃણા, ક્રોધ વગેરે અંગે આપણે ગંભીર બનવું જોઈએ. બહારનાં કાર્ય પ્રમાણે દુનિયા મનુષ્યનો ન્યાય કરે છે પણ ઈશ્વર મનુષ્યનું અંતર પણ જુએ છે.

ઈસુનું શિક્ષણ છે : ‘જે મોઢામાંથી બહાર નીકળે છે તે હૈયામાંથી આવે છે અને તે જ માણસને અભડાવે છે. કારણ ખોટી દાનત, ખૂન, વ્યભિચાર, લંપટતા, ચોરી, ખોટી સાક્ષી, નિંદા એ બધું હૈયામાંથી જન્મે છે. માણસને અભડાવનાર તો એ વસ્તુઓ છે. હાથ ધોયા વગર ખાવાથી કંઈ માણસ અભડાઈ જતો નથી.’ (માથ્થી : ૧૫:૧૮-૨૦)

ક્રોધનો આવિર્ભાવ મનુષ્યના હૈયામાં થાય છે. ક્રોધ એ હત્યા-ખૂનનું બુનિયાદી કારણ છે. ઈર્ષા, કડવાશ, વેરઝેર અને દુશ્મનાવટ ક્રોધમાંથી જન્મે છે, જે પરમેશ્વરના પ્રતિમૂર્તિ માણસની નિંદા અને સતામણી કરે છે. છેવટે સર્વનાશ માટે કારણભૂત બને છે, એટલે ક્રોધ ખતરનાક છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. કોઈનું ખૂન કરવું જેટલું ગંભીર પાપ છે તેટલું જ ગંભીર બલકે તેથી ખતરનાક પાપ છે, ક્રોધ કરવો.

ખતરનાક અને પાપપૂર્ણ ક્રોધ શું છે ? આગનો એક નાનો તણખો જંગલોનાં જંગલનો નાશ કરે છે. ક્રોધ આપણા શરીરને ભ્રષ્ટ કરે છે ને આખા જીવનચક્રને આગ લગાડે છે. 'પછી વાસનાનો ગર્ભ પુષ્ટ થતાં પાપ જન્મે છે અને પાપ પ્રૌઢ બનતાં મૃત્યુ નિપજાવે છે.' એમ સંત યાકોબ(૧:૧૫) ચેતાવણી આપે છે.

આઝાદી પહેલાંના કાળમાં ભારતમાં પ્રવર્તમાન સતીપ્રથા સામે રાજા રામમોહનરાય, વર્ણવ્યવસ્થા સામે ડૉ. ભીમરાવ આંબેડકર અને અંગ્રેજોનાં અમાનુષી અત્યાચાર સામે ગાંધીજીનો પુણ્યપ્રકોપ ઉચિત હતો. સામાજિક પરિવર્તન કે દેશની આઝાદી માટે આ પુણ્યપ્રકોપે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. સાપ્રંત ભારતમાં બેનદીકરીઓની સુરક્ષા અંગે સમાજસેવા સંગઠનો કે મહિલા ઉત્કર્ષના કાર્યમાં સમર્પિત આગેવાનોનો આક્રોશ વાજબી જ છે, એટલે 'સર્વ જન હિતાય.' ઘણીવાર ક્રોધ કરવો એટલો જ અનિવાર્ય હોય છે. આજે આપણા દેશમાં અનેક પડકારો-સમસ્યાઓ છે જેના ઉકેલ માટે અવાજ ઊંચો કરવો આવશ્યક છે.

પુણ્યપ્રકોપની ઓળખ શી ? ન્યાયપૂર્ણ ક્રોધ સ્વાર્થરહિત હોય છે. વ્યક્તિગત જીવનની અસુવિધા કે અન્યાય પ્રત્યે અહીં પ્રતિશોધ નથી ! તેમના પુણ્યપ્રકોપનું લક્ષ્ય સાર્વજનિક હોય છે, જે નિયંત્રણને આધીન અને ન્યાયપૂર્ણ હોય છે. આવા ક્રોધનું પરિણામ સર્જનાત્મક - શાંતિપૂર્ણ હોય છે. આ વિષયે ઉપદેશ આપતાં સંત પાઉલ કહે છે : 'ગુસ્સે થાઓ તોયે પાપ ન કરો. સૂરજ તમને ગુસ્સે જોઈને ન આથમે એ જોજો.' (એફેસસ ૪:૨૬) 'શક્ય હોય તો, તમારું ચાલતાં સુધી સૌ સાથે શાંતિથી રહેજો. વહાલા ભાઈઓ જાતે વેર વારશો નહિ, પણ ઈશ્વરના કોપને માટે અવકાશ રાખજો. કારણ શાસ્ત્રમાં લખ્યું છે કે ''પ્રભુ કહે છે, બદલો લેવો એ મારું કામ છે, હું જ બદલો વાળીશ. પણ તમારે તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે, તમારો દુશ્મન ભૂખ્યો હોય તો ભોજન કરાવવું, તે તરસ્યો હોય તો તેને પાણી પાવું. એમ કરવાથી તું તેને શરમથી ભોંઠો પાડશે.'' (રોમ ૧૨:૧૮-૨૦)

'મારા પિતાના ઘરને તમારે બજાર નથી બનાવી મૂકવાનું' (યોહાન ૨:૧૪-૧૭) કહીને ઈસુએ ક્રોધ વ્યક્ત કર્યો હતો.આવો ક્રોધ કોઈ વ્યક્તિ-દુશ્મન પ્રત્યે નહીં પણ અનેકના પ્રતિ હોય શકે, અધાર્મિકતા સુધારવાનો તેનો હેતુ છે. ક્રોધને ડામવા માટે, અન્ય પરિબળોથી દૂર રહેવા સંત પાઉલ જણાવે છે : 'પણ હવે તમે ગુસ્સો કરવાનું, રીસે ભરાવાનું, ભૂંડાશ રાખવાનું, નિંદા કરવાનું કે અપશબ્દો બોલવાનું. એ બધું છોડી દો.' (કલ્લોસા ૩:૪) 'આચાર એ જ સાચો ધર્મ' માં સંત યાકોબ જણાવે છે : 'મારા વહાલા ભાઈઓ, આટલું સમજી લો ! દરેક જણે સાંભળવામાં ઉતાવળા, બોલવામાં ધીરા અને ગુસ્સે થવામાં ધીમા થવું. માણસ ગુસ્સે થાય એથી ઈશ્વરને ઈષ્ટ ધાર્મિકતા સધાતી નથી.' (યાકોબ ૧:૧૯-અ) પુણ્યપ્રકોપ વેળાએ પણ સમય-સ્થાન, લોકોની માન્યતાઓ વગેરેનું ધ્યાન રાખવું જરૂરી છે.

ક્યારેક પોતાનો સ્વાર્થ અને અધિકારનો દેખાડો કરવા માટે પણ કેટલાક લોકો ક્રોધ વ્યક્ત કરે છે. બદલો વાળવાની ભાવના કે અંગત સ્વાર્થની પૂર્તિ માટે કેટલાક નારાજ લોકોનો પણ સમાવેશ થાય છે.

'માનવ માત્ર એ ભૂલને પાત્ર' કહેવતના અનુસંધાનમાં ક્રોધ એ પ્રાણીમાત્ર માટે સહજ પ્રકૃતિ છે. ક્રોધને વશ થનાર દાનવ અને વશ કરનાર દેવ બને છે. ક્રોધ કરવા માટેનાં કારણ તો હોવાનાં જ, પણ કારણ હોવા છતાં જેઓ વિકાર પામતાં નથી, ક્રોધિત થતા નથી, તેઓ ખરેખર મહાન છે. સ્વામી વિવેકાનંદે યર્થાથ કહ્યું છે : 'માનવ પ્રકૃતિને જીતવાને માટે જન્મ્યો છે, તેની મરજી અનુસાર ચાલવા નહિ.'

- (સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળા-સંચયન)

ક્રોધ આવ્યા પછી તેને નિયંત્રિત કરવાના પ્રયાસ કરવાને બદલે, ક્રોધ ન જન્મે તેવા ઉપાય કરવા જોઈએ. સામાન્ય રીતે માણસના અહ્મને ઘાત થાય તેવા સંજોગો, કોઈ પણ પ્રત્યેની અમર્યાદ આસક્તિમાંથી જન્મતો વિકાર છેવટે ક્રોધમાં પરિણામે છે, એટલે તેવાં પરિબળોથી દૂર રહેવું. તેમ છતાંયે અણધાર્યા કારણસર જો ક્રોધ આવે તો મૌન ધારણ કરવું અને જે તે વ્યક્તિથી-સ્થિતિથી દૂર જવું. ગુસ્સો કરવાથી આવનાર પરિણામનો મનોમન વિચાર કરીએ.

ક્રોધનું શમન કરવા માટે કે ક્રોધનાં દુષ્પરિણામોને પ્રગટ કરતાં શાસ્ત્રવચનનું રટણ કરીએ. કદાચ શક્ય હોય તો પ્રભુનું સ્મરણ કે નામ જપ કરીએ. એથી સરળ સોથી એક સુધીના આંકડાને ઊતરતા ક્રમમાં બોલીએ, રખેને થોડો સમય પસાર થતાં ક્રોધની માત્રા-આવેશ ઓછો થાય અને તેનાં વિઘાતક પરિણામથી આપણે બચી શકીએ, બીજાને બચાવી શકીએ.

ક્યારેક દારૂ જેવાં વ્યસન ક્રોધમાં ઉછાળો લાવે છે. દાવાનળમાં પવનનું જોર તેને વેગ આપે છે તેવું જ વ્યસન ક્રોધને પ્રવેગ આપે છે ને વીજળીના ઝબકારા જેટલા સમયમાં તો સર્વસ્વ ક્રોધની આગમાં બળીને ખાખ થઈ જાય છે, ત્યાર પછી નશો ઓછો થતાં કે ક્રોધ શાંત પડતાં પસ્તાવાનો પાર રહેતો નથી પણ 'રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું ?'

ક્રોધનું નિરાકરણ સમાધાન છે. સંબંધ ખંડિત થાય કે સામેવાળો અદાલતમાં જાય તે પહેલાં સમાધાન કરવા ઈસુએ શીખ આપી છે. (માથ્થી ૫:૨૫). સૂર્યાસ્ત પહેલાં ગુસ્સાને રોકવા સંત પાઉલ આદેશ આપે છે. વળી ગુસ્સાના શમન માટે ઈસુ રામબાણ ઈલાજ - ક્ષમાધર્મ માટે આદેશ કરે છે. ''જો તારો ભાઈ કંઈ અપરાધ કરે, તો તેને ઠપકો આપજે, અને જો તે પસ્તાવો કરે તો તેને ક્ષમા કરજે. જો તે દિવસમાં સાત વાર તારો અપરાધ કરે અને સાત વાર આવીને કહે કે, 'મને પસ્તાવો થાય છે,' તો તારે એને ક્ષમા આપવી.'' (લૂક ૧૭:૫)

ક્ષમાદાન વિના ઈશ્વર આરાધના અસંભવ છે. માનવબંધુ સાથે દુશ્મની રાખીને, ઈશ્વર પ્રત્યે પ્રેમ દર્શાવવો અસંભવ છે. માનવબંધુ સાથે દુશ્મનાવટ રાખવી એ ઈશ્વરથી સંબંધ તોડવા બરાબર છે. સંત યોહાન લખે છે કે, ''જો કોઈ એમ કહેતો હોય કે, 'હું ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખું છું' અને પોતાના ભાઈ પ્રત્યે દ્વેષ રાખતો હોય, તો તે જૂઠું બોલે છે, પોતાની આંખ સામે છે એવા ભાઈ ઉપર જ પ્રેમ રાખતો નથી તે જેને પોતે જોયા નથી એવા ઈશ્વર પ્રત્યે શી રીતે પ્રેમ રાખી શકવાનો હતો ? અને આપણને ઈસુ તરફથી એવી આજ્ઞા થયેલી છે કે, જે ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખતો હોય તેણે પોતાના ભાઈ પ્રત્યે પણ પ્રેમ રાખવો.'' (૧ યોહાન ૫:૨૦-૨૧)

ઈસુએ શિષ્યગણને-આપણને 'આદર્શ પ્રાર્થના' શીખવી છે. (માથ્થી ૬:૭-૧૪) જેમાં અન્યના અપરાધ ક્ષમા કરવાથી જ આપણ અપરાધની ક્ષમા મળે છે, એવું સ્પષ્ટ વિધાન છે !

ક્ષમા ન કરનાર, નિત્ય જીવનથી વંચિત રહેવા પામે છે. નિત્યરક્ષા માટે ઈશ્વર સાથે સંબંધ રાખવો અનિવાર્ય છે. જેઓ દુશ્મનાવટ ઊભી કરે છે, ક્રોધ કરે છે તેઓ નિત્યરક્ષાથી વંચિત રહેવા પામે છે. સ્ત્રોતસંહિતા (૧૩૯:૨૪)માં પણ આજ સલાહ છે :

'જો જે, જાઉં ના અવળે જ પંથે, અનંતના પંથ પરે તું દોર.'

કેટલાક માને છે કે અન્ય સાથે દુશ્મની રાખવા છતાં ઈશ્વર સાથે સંબંધ સ્થાપિત કરી શકીએ છીએ, પણ આ કેવળ મૂર્ખતા છે. ઈસુનું શિક્ષણ જણાવે છે : 'એટલે વેદી પર નૈવેદ્ય ધરાવતાં તને યાદ આવે છે કે તારા ભાઈને મારી સામે કંઈ ફરિયાદ છે, તો તારું નૈવેદ્ય વેદી આગળ જ રહેવા દઈ નીકળી પડજે. પહેલાં તારા ભાઈ સાથે સમાધાન કરજે અને ત્યાર પછી આવીને નૈવેદ્ય ધરાવજે.' (માથ્થી ૫:૨૩-૨૪) પોતાના ભાઈ પર ગુસ્સો કરનાર અદાલતને હવાલે અને તિરસ્કાર કરનાર નરકના અગ્નિને પાત્ર થશે એવી ચેતાવણી પણ ઈસુએ આપી છે. (માથ્થી ૫:૨૨)

બારાખડીમાં ક્રોધનો ક પહેલો અને આજ્ઞાપાલનનો જ્ઞ છેલ્લાં આવે છે, તેની આગળ ક્ષમાદાનનો ક્ષ આવે છે. આપણે છેલ્લાને પહેલા સ્થાને મૂકીએ. આજ્ઞાપાલન અને ક્ષમાદાનને પ્રથમ સ્થાન આપી ક્રોધનું શમન કરીએ. ●

સંદર્ભ : વચનોત્સવમ્

નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૮-૧૯ (માર્ગદર્શન)

(ભારત સરકાર માન્ય કોલેજ તથા કોર્સીસ)

(INC, KNC, KSNEB, RGUHS) માન્ય કૉલેજ

કોર્ષનું નામ	વર્ષ	લાયકાત
G.N.M. નર્સિંગ	3	12th પાસ (Arts, Com., Sci.)
P.B. B.Sc. નર્સિંગ	2	GNM પાસ
M.Sc. નર્સિંગ	2	B.Sc./P.B.B.Sc. પાસ
B.Sc. નર્સિંગ	4	12th પાસ (Sci.B-Group)
BPT (PHYSIO.)	4	12th પાસ (Sci.Ph.Ch.Bi.)
BSC-MIT (CT/MRI)	3	... ઉપર મુજબ ...
BSC (OPT.)	3	... ઉપર મુજબ ...
BSC (PERF. TEC.)	3	... ઉપર મુજબ ...
BSC (OT TEC.)	3	... ઉપર મુજબ ...
MSC (MIT & MPT)	2	... ઉપર મુજબ ...

* ઉત્તમ સગવડ સાથે ક્લાસ રૂમ તથા હોસ્ટેલ. * ક્રિશ્ચિયન કોલેજ * હપ્તેથી ફી ભરવાની સગવડ. * SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ. * એજ્યુકેશન લોન મળશે * ગુજરાતી જમવાનું

સંપર્ક: રાજેશભાઈ મો. ૯૩૨૭૪ ૮૮૫૦૧, ૯૪૦૯૪ ૨૯૧૧૦

રીચ એજ્યુકેશન ગાઈડ (સ્થાપના ૨૦૧૦)

૧૧, ડૉ. લોરેન્સ એવન્યુ, મેથોડિસ્ટ ચર્ચની પાસે, સિયોનનગર, મણીનગર(પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮

ચાલો મળીએ ફરી એકવાર ગામ ગુતાલને પાદરે.....

તા. ૧૧મી નવેમ્બર, ૨૦૧૮ને રવિવારના રોજ સાંજના ૩.૦૦ કલાકે

ઘણા સમયથી મળ્યા નથી એવા આપણા વ્હાલા ગુતાલજનોને મળવા-જાણવા અને ઓળખાવનો મહામૂલો અવસર એટલે ૧૧, નવેમ્બર, ૨૦૧૮ના રોજ યોજાનાર

Welcome Home

દ્વિતીય સ્નેહ મિલન સમારંભ

જેમાં ગુતાલ નિવાસી કે બિન નિવાસી એવા સૌ વડીલો, માતા-પિતાઓ, દીકરા-દીકરીઓ, ભાઈઓ-બહેનો તથા નાનાં-મોટાં બાળકો સૌ સાથે મળીએ અને આપણા વડીલો, બહેનો-દીકરીઓ તથા **તેજસ્વી તારલાઓનું સન્માન** કરીએ, ગુતાલનાં સંભારણાં સ્વરૂપે પ્રસિદ્ધ થનાર **'સ્મૃતિ ગ્રંથ'** તથા **'ગુતાલજન ડિરેક્ટરી'**નું વિમોચન કરીએ અને સાંસ્કૃતિક કાર્યક્રમો માણ્યા બાદ સૌ સાથે મળી પ્રીતિ ભોજન લઈએ. આપની આસપાસ વસતા ગુતાલજનો આ કાર્યક્રમથી અજાણ હોય તો તેમને જાણ કરી, આગ્રહ કરી આપની સાથે લઈ આવશો. આપે 'ઉપસ્થિતિ સંમતિ પત્રક' ન ભર્યું હોય તો આપના આગમનની જાણ નીચેનામાંથી કોઈપણ સભ્યને કરવા વિનંતી.

શ્રી ઈશ્વર ડી. પરમાર (જામનગર) મો. ૯૮૨૫૭ ૨૧૧૮૦
શ્રી સિરિલ એમ. મેકવાન (અમદાવાદ) મો. ૯૮૯૮૦ ૮૭૩૮૦
શ્રી પ્રકાશ આર. પરમાર (સુરત) મો. ૯૮૨૫૫ ૩૪૩૭૭
શ્રી રમેશ બી. વૈષ્ણવ (નડિયાદ) મો. ૯૪૨૯૧ ૨૭૯૨૭
શ્રી ભાઈલાલ એમ. સોલંકી (વડોદરા) મો. ૯૯૦૯૪ ૫૩૭૨૨
શ્રી રમેશ વાય. ક્રિસ્ટી (નડિયાદ) મો. ૯૪૨૭૮ ૫૪૦૮૯
શ્રી જયંતિ એ. પરમાર (ગુતાલ)
શ્રી જસ્ટીન એચ. મેકવાન (ગુતાલ) મો. ૯૬૬૨૨ ૩૬૫૭૧

સંત મધર ક્લોડીન થેવેનેટ

✍ જોસેફ પટેલિયા

શ્રીમાન અને શ્રીમતી થેવેનેટનું ધર્મનિષ્ઠ કુટુંબ ફ્રાન્સના લિયોન શહેરમાં રહેતું હતું લિયોન શહેર રેશમના વણાટકામ માટે વિશેષ પ્રખ્યાત હતું. થેવેનેટ દંપતીને સાત બાળકો હતા. ક્લોડીન થેવેનેટનો જન્મ ૩૦ માર્ચ ૧૭૭૪માં થયો હતો, તેઓ ઘરમાં બીજા ક્રમનું સંતાન હતા, ક્લોડીન બાળપણથી જ ગુણવાન, મદદરૂપ બનવાની ભાવનાવાળા, દયાળુ અને પ્રેમાળ હતા, ક્લોડીનનું બચપણનું ઉપનામ ''ગ્લાડી'' અને ''વાયલેટ'' પણ હતું. ૩૧ મી માર્ચ ૧૭૭૪માં સંત નીઝીયર દેવળમાં તેમને સ્નાનસંસ્કાર આપવામાં આવ્યો હતો.

૯ વર્ષની ઉમરે ક્લોડીન થેવેનેટ, બેનેદીક્ત મંડળના સિસ્ટર્સ દ્વારા ચાલતી સંત પીટર સંસ્થામાં ભણવા માટે ગયાં, જ્યાં તેઓ સાત વર્ષ રહ્યાં અને ઈતિહાસ, સાહિત્ય, ભાષા, ભરતકામ, ગુંથણકામ તેમજ આદર્શ ઘરના સંચાલન માટે ઉપ યોગી તમામ આવડતો શીખ્યાં. આ દરમ્યાન તેમણે પ્રથમ ખ્રિસ્તપ્રસાદ અને બળસંસ્કાર પણ પ્રાપ્ત કર્યો ત્યાર બાદ તેઓ ઘરે આવ્યાં.

આ સમય ફ્રાન્સની ક્રાંતિનો સમયગાળો હતો, લિયોન શહેરની પરિસ્થિતિ ગંભીર હતી, ધર્મ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો એટલે ખ્રિસ્તીઓ તેમની શ્રધ્ધાનું જાહેરમાં આચરણ કરી શકતા નહી, તેથી કલોડીનના બે ભાઈઓ જે સૈન્યમાં જોડાયા હતા. આમ તેઓ નિર્દોષ હોવા છતાં જેલમાં હતા, ક્લોડીને હિમંત હાર્યા વિના જેલમાં ભાઈઓની નીડરતાપૂર્વક પુરુષવેશ પહેરી મુલાકાત લેતા ત્યારે તેમણે ભારે કસોટીઓમાંથી પસાર થવું પડતું પરંતુ નિર્ભયતાથી તેઓ અવશ્ય મુલાકાત લેતાં.

ક્રાંતિને લીધે,૫ જાન્યુઆરી ૧૭૯૪ના દિવસે ક્લોડીનના ભાઈ લૂઈ અને ફ્રાન્સવાને અન્ય કેદીઓ સાથે સાંકળે બાંધી મૃત્યુદંડ આપ્યો ત્યારે ક્લોડીન માટે આ દ્રશ્ય અત્યંત ભયાનક ધ્રૂજાવી દે તેવું હતું ભાઈ લૂઈના છેલ્લા શબ્દો ''ગ્લાડી અમારી જેમ ક્ષમા આપજે'' ની ક્લોડીન પર આજીવન ભારે અસર રહી પરંતુ આ ઘટના તેઓ ક્યારેય ભૂલી શક્યા નહી, પરંતુ આ ઘટનાને પ્રત્યક્ષ જોઈ અને વિચલિત થયા વિના સહન કરી, જે તેમના મજબૂત મનોબળનો અંદાજ આપે છે. થોડા સમય પછી ક્લોડીનના પિતાજી અને ભાઈ-બહેનો ગ્રામ્ય વિસ્તારમાંથી લિયોન શહેરમાં પાછા આવ્યા, કુટુંબ ફરી એકવાર ભેગું થયું, આ સમય દરમ્યાન ક્લોડીને તેમના માબાપને સંભાળવા, ભાઈ-બહેનોને ભણાવવામાં કુટુંબને મદદ કરવી તેવું સમજીને પરિવારના પ્રશ્નોમાં ઊંડો રસ લેવા લાગ્યા, તેમના પિતાજી ૧૮૧૫ માં મરણ પામ્યા.ત્યારે ક્લોડીન તેમના માતા અને ફોઈ સાથે એકલા રહેવા લાગ્યા. તેમની માતા માટે ક્લોડીન આધારસ્તંભ બન્યા તેઓએ તેમની માતાને ખુબ પ્રેમ આપી અત્યંત કાળજી લીધી.

આજ સમય દરમ્યાન ક્લોડીનને તેમનો સમય, પૈસા અને તેમનું બધું જ બીજા માટે સમર્પણ અને બીજાનું ભલું કરવાની તીવ્ર ઈચ્છા જાગી, ઈશ્વરને ઓળખ્યા વિના જીવવું અને મરણ પામવું તેમને નિરર્થક લાગ્યું આમ પ્રભુના જ્ઞાનનો તેમણે ઊંડો અનુભવ કર્યો, ગરીબ, શારીરિક અને નૈતિક જરૂરીયાતવાળા બાળકોને મદદ કરી તેઓ પરમસંતોષ અનુભવતા તેથી કોઈને પણ તેઓ મદદ કે સહાય આપ્યા વિના પાછાં જવા દેતા નહીં, તેમ નહીં કરવામાં તેમને તેઓનું અપમાન લાગતું કેટલી ઉંચી તેમની ભાવના..! તેથી તેમણે પરોપકારના કાર્યોની શરૂઆત કરી બેકારી, વ્યથિત, મહેનત કરી, પેટીયું રળતા ગરીબ કુટુંબોની મુલાકાત લેતા અને તેમને શક્ય તેટલી મદદ કરતા અસહ્ય ભૂખથી પીડાતા અને ભગવાન વિશે બિલકુલ ન જાણતા બાળકો અને તેમાં ખાસ છોકરીઓને મળીને તેમનું દિલ વિશેષ ભરાઈ આવતું. તેથી તેમણે તેઓ માટે મદદના કાર્યો કરવાની અને તેમના આત્માઓને બચાવવાની જવાબદારી માથે લીધી અને આ કાર્યો માટે તેમની જાત સમર્પણ કરી, તેમના આવા કાર્યો માટેનો ઉત્સાહ, ધગશ, ખંત જોઈ, તેમની પ્રેરણા લઈ, તેમના કાર્યોથી આકર્ષાઈને બીજી યુવાન છોકરીઓ આ શુભકાર્યોમાં જોડવા લાગી આમ તેમની પાસે એક મજબૂત બળ ઉભું થયું. અને તેઓ તેમના લિયોન શહેરના સંત બ્રુનો તાબામાં કામ કરવા લાગ્યા અને આવા કાર્યોને લીધે તેઓ એ વિસ્તારમાં ખાસા જાણીતા બન્યા.

૧૮૧૫માં સહાયક પુરોહિત ફા.ક્વાર્ન્દ્રે, સભાપુરોહિત ફા. કાગ્નરના માર્ગદર્શનથી બે તરછોડાયેલી, ચીંથરેહાલ, ભૂખથી મરણતોલ અને ઠંડીથી ધ્રુજતી ત્રણ અને ચાર વર્ષની બાળકીને લઈને મદદ અને આશ્રય અપાવવાના હેતુથી ક્લોડીન પાસે આવ્યા, ક્લોડીન તેમની બહેનપણી મારીચીરાટના ઘરમાં આશરો આપ્યો, પછી ટુંક જ સમયમાં બીજા પાંચ અનાથ બાળકો પણ આવ્યા એમ સંખ્યા વધતા ''ઈસુનું પૂજ્ય હૃદય આશ્રયધામ'' શરુ કર્યું જે ''સંત બ્રુનો આશ્રયધામ''થી વધારે જાણીતું

બન્યું આ બાળકોની સંભાળ રાખવા ઉપરાંત, તેમના આવશ્યક શિક્ષણ, તેમના ચારિત્ર્ય ઘડતર, સ્વ નિર્ભર બની શકે તે માટે સ્વરોજગારીની તાલીમ અને સારું ધર્મ શિક્ષણ આપવાની ક્લોડીન થેવેનેટની અને તેમના જૂથે કરી .

દિવસેને દિવસે તેમની વધતી જતી તેમની પ્રવૃતિઓ અને પ્રેષિતિક કાર્યની ચર્ચા વિચારણાના અંતે તેમણે સામુહિક જૂથ ૩૧ જુલાઈ ૧૮૧૬ ના રોજ સંત ઈગ્નાસના તહેવારના દિવસે ઈસુના પૂજ્ય હૃદયના સામુહિક જૂથની સ્થાપના કરવામાં આવી જેના અધ્યક્ષ તરીકે ક્લોડીનને નીમવામાં આવ્યા, સર્વ સાથીદારોએ જૂથના નિયમો પાલન કરવાનું સ્વીકાર્યું. આ જૂથ સાધ્વીમંડળ નહોતું પણ ભવિષ્યમાં થનાર ઈસુ અને મારિયા સાધ્વીમંડળ વટવૃક્ષનું અંકુર હતું.

૩૧ જુલાઈ ૧૮૧૮ ના રોજ સામુહિક જૂથના બે વર્ષની ઉજવણી માટે બધા ભેગા થયા, આ વર્ષ દરમ્યાન તેઓ બધાએ વ્યક્તિગત પવિત્રતામાં ઘણી પ્રગતી કરી હતી, અન્ય આત્માઓ માટે કામ કરવા આતુર પણ બન્યા હતા વિશેષ ક્લોડીન ઉચ્ચ કોટિનું પવિત્ર જીવન જીવવા વધુ ઊંડું આધ્યાત્મિક જીવન જીવતા હતા, આ બધાને ધ્યાને લઈ ફાધર ક્વોન્દ્રે જણાવ્યું કે ''તમારા માટે પ્રભુના સર્વોચ્ચ મહિમા કરવા માટે અને તમારી પવિત્રતા સિદ્ધ કરવાનો સમય આવી ગયો છે, ઈશ્વરે તમારા માટે માર્ગ તૈયાર કર્યો છે અને આ સાહસભર્યા કાર્ય માટે આગળ વધવાનું છે જે માટે ઈશ્વરે ક્લોડીનને પસંદ કરી છે'' જે બાબતને સૌએ સહર્ષ સ્વીકારી લીધી. ક્લોડીને વિશેષ શ્રધ્ધાથી હા પાડી અને આમ 'ઈસુ અને મારિયા સાધ્વીમંડળ'ની શરૂઆત સંત ઈગ્નાસના બંધારણ અને સંત અગુસ્તીનના નિયમ આધારિત કરી ત્યારે તેમની સંખ્યા ૨૪ની હતી. આ સમય ક્લોડીન માટે ઘણો કઠીન અને સંઘર્ષમય હતો તેમના વૃદ્ધ વિધવા માતા એકલા હતા તેમની સંભાળ રાખવી પણ એટલી જ જરૂરી હતી. એક બાજુ મંડળને પણ તેમની જરૂરીયાત એટલી જ હતી. શરૂઆતમાં તેઓ બન્ને બાજુ ધ્યાન આપતા પરંતુ જરૂરીયાત પ્રમાણે તે વધુ ધ્યાન મંડળ બાજુ અને તેની પ્રવૃત્તિઓ પર આપતા જે બાબતની તેમની માતા ટકોર પણ કરતા. પરંતુ એક સમયે તેમણે દિલને મજબૂત કરી ઈશ્વર પર શ્રધ્ધા રાખી ૫ ઓક્ટોબર ૧૮૧૮ના રોજ માતાને એકલા છોડી મંડળમાં આવી ગયા. આ રાત્રી તેમના માટે તીવ્ર વેદનાવાળી હતી એ સ્વાભાવિક હતું પરંતુ ક્લોડીનનું અને તેમની માતાનું આ કેટલું મોટું બલિદાન હતું...! ૨૮ મે ૧૮૨૦માં ૭૪ વર્ષની વયે તેમના માતા મરણ પામ્યા.

હવે આશ્રય સ્થાનમાં અને મંડળમાં ઉમેદવારોની સંખ્યાનો વધારો થતા નવા રહેઠાણની જરૂરીયાત ઉભી થઈ હતી. માટે ૨જી નવેમ્બર ૧૮૨૦ ના રોજ લે-આન્જેલિક મકાન પ્રમાણમાં થોડું સગવડવાળું હતું જે કુવિયેરમાં પવિત્ર મારિયાના મંદિર સામે હતું જ્યાં તેમના જુના અને પહેલું ઘર 'પિયેરેપ્લાન્ટેસ'થી ખસેડવામા આવ્યું. ક્લોડીન ઉત્તમ વ્યવસ્થાપક હતા તેથી બાળકોની વ્યવસ્થાઓને અગ્રતા આપી સલામતી અને પ્રેમનો અનુભવ કરાવ્યો. અને બધાની જરૂરીયાતો સચવાય તે મુજબની અને દેવળ સહિતની વ્યવસ્થાઓ કરી, સંખ્યામાં થતા સતત વધારાને કારણે તેમણે બીજો માળ પણ બાંધ્યો.

કુટુંબોની મુલાકાતો દરમ્યાન સમજાયું કે પૈસાદારવર્ગના બાળકો પણ અભાવના ભોગ બન્યા છે અને આધ્યાત્મિક ઘડતરથી વંચિત છે તેથી શાળા શરુ કરવાનો સંકલ્પ કર્યો. અનાથ બાળકો માટે તેમને અપાર પ્રેમ અને લાગણી હતા. ગંદા ગોબરા અને ચિતરી ચડે તેવા બાળકોને તેઓ વિશેષ પ્રેમ કરતા અને કાળજી લેતા. આશ્રયસ્થાન અને છાત્રાલયમાં સંખ્યામાં વધારો થતો હતો. ત્યારે ઘણીવાર પડકારો આવતા. અનાજ અને ખોરાકની અછત રહેતી. એક દિવસ ઘરમાં લોટ કે કોઈ અનાજ હતું નહી ત્યારે ખાવું શું તે પ્રશ્ન હતો ત્યારે ક્લોડીને ઘરમાં જે એક જ પાંઉ રોટી હતી તે લઈ અન્ય સાથીદારો સાથે ઈશ્વરને પ્રાર્થના કરી અને પછી વહેચવા કહ્યું તો તે આશ્ચર્ય વચ્ચે રોટી વધી વધીને ૩ દિવસ સુધી ચાલી, હજી તેમને લોટની જરૂરીયાત હતી, તેના માટે પૈસા ન હતા ત્યારે તેમણે પ્રિતસંસ્કાર આગળ જઈ આગ્રહભરી પ્રાર્થના કરી અને અચંબા વચ્ચે કોઈ વ્યક્તિ લોટની ગુણ લઈને આવ્યા, ક્લોડીને કહ્યું કે અમે તે મંગાવ્યો નથી અને એના માટે ચૂકવવાના પૈસા પણ નથી તો તે માણસે સ્મિત સાથે કહ્યું કે, 'બહેન ચિંતા ન કરશો તેના પૈસા ચૂકવાઈ ગયા છે.' ૨૫ જાન્યુઆરી ૧૮૧૭માં જન્મેલ જીનને જન્મથી જ શરીરની કંપારીની બીમારી હતી તે આશ્રયસ્થાનમાં પણ પથારીમાં રહેતી હતી તેથી તે દુર્બળ બની ગઈ હતી. વળી તેની માંસપેશી ભયંકર રીતે વિકૃત થઈ ગઈ હતી ત્યારે પવિત્ર મારિયાની પ્રેરણાથી ક્લોડીને અન્ય સિસ્ટરોને માતાના મંદિરમાં લઈ જવા કહ્યું, ત્યાં તેમણે જીન માટે પ્રાર્થના અને આજીજી કરી અને વિસ્મય રીતે તે સાજી થઈ ગઈ. ડૉકટરે તે બાબતનું પ્રમાણપત્ર પણ આપ્યું. આ બાબતો ક્લોડીનની પવિત્રતા, તેમની આધ્યાત્મિક શક્તિ અને ઈશ્વેર પ્રત્યેની અગાધ શ્રદ્ધાનો ચિતાર આપે છે. ક્લોડીને સંત ઈગ્નાસને રક્ષક સંત તરીકે સ્વીકારેલા હતા એટલે તેમને 'ક્લોડીન માતા સંત ઈગ્નાસ' પણ કહેતા હતા. ઈસુ મારિયાના મંડળના સિસ્ટરો ૧૮૨૩ માં બીજા નવા ધર્મપ્રાંત-મોનીસ્ટ્રોલ(૬ જાન્યુઆરી ૧૮૨૩) અને લે-પૂઈ(૪ ફેબ્રુઆરી ૧૮૨૩)માં મંડળના કામની શરૂઆત કરી અને ૨૫ ફેબ્રુઆરી મંગળવાર ૧૮૨૩ના રોજ ૫ સિસ્ટરોએ આજ્ઞાધીનતા, ગરીબાઈ અને બ્રહ્મચર્યના આજીવનવ્રત લીધા અને પ્રાર્થના, મૌન અને આજ્ઞાધીનતા અને પ્રેમભાવને વધુ મહત્વ આપતા. ત્યારે મંડળના સભ્યો સાદો કાળો પહેરવેશ પહેરતા હતા.

એક દિવસ ક્લોડીન ગમગીન અને સંતાપભર્યા લાગતા અન્ય સિસ્ટર પૂછ્યું કે શું તમે બીમાર છો ? ત્યારે તેમણે જણાવ્યુકે 'મને ખબર નથી પડતી પણ કોઈ દુઃખદ ઘટના આવી પડવાના ભણકારા મને લાગે છ' અને ૩ દિવસ પછી સમાચાર મળ્યા કે ફાધર ક્વોન્દ્રે જે તેમને શરૂઆતથી જ મદદ કરતા હતા, તે ૩૦ મે ૧૮૨૬ના રોજ મરણ પામ્યા છે જે ઘટનાનો સંકેત અગાઉ ૩ દિવસ પહેલાથી ક્લોડીનને અનુભવાયો હતો. ૧૮૩૦માં ફ્રાન્સમાં દ્વિતીય ક્રાંતિ ફાટી નીકળી હતી, સમગ્ર દેશમાં કોલેરા પણ ફાટી નીકળ્યો હતો. હજારો લોકો મરણ પામતા હતા, ત્યારે લોકો સાથે ક્લોડીન અને મંડળના સિસ્ટર્સ સતત પ્રાર્થના કરતા તેથી લિયોન શહેરના લોકોનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો. કુવિયર મંદિરનું બાંધકામ પણ ક્લોડીનની આગેવાનીમાં લોકોના સહયોગથી શરૂઆત કરવામાં આવેલુ. જે પર ક્રાંતિકારીઓ દ્વારા ભારે તોપમારો કરવામાં આવેલો છતાં સાધ્વીઓનો મઠ અને કુવિયેરનું મંદિર યથાવત

રહ્યા હતા જે ઈશ્વરીય રક્ષણનો પુરાવો હતો. આ જગ્યા સરકાર માટે સંરક્ષણના હેતુસર સૈન્ય માટે ઉતમ હતી. તેથી સરકાર આ જગ્યા લેવા માટે ઘણી જ ઉત્સુક હતી પણ ક્લોડીન અને તેમના સાથીદારોની સતત પ્રાર્થનાના બળથી સરકારે એ જગ્યા લેવાનું માંડવાળ કર્યું, તે પણ એક ચમત્કાર જ હતો. આમ ૧૯ વર્ષ સુધી ક્લોડીને સંન્યસ્ત પરિવારનું સંચાલન કર્યું. આ દરમ્યાન તેમણે ઘણી મુસીબતો, મુશ્કેલીઓ, અડચણો વેઠી અને ખુબ અઘરી જવાબદારીઓ નિભાવી અને સતત કામ કર્યું. તેથી તેની તેમની તબિયત પર ગંભીર અને માઠી અસર પડી હતી. તેમને સતત માથાનો દુઃખાવો, ધ્રુજારી અને શ્વાસની તકલીફ થઈ ગઈ હતી ત્યારે પણ ક્લોડીનની પ્રાર્થના હતી કે, ''પ્રભુ મારી ઈચ્છા નહી, તમારી ઈચ્છા પૂરી થાઓ.'' દિવસે દિવસે તેઓ દુર્બળ થતા જતા હતા, ૨૯ જાન્યુઆરી ૧૮૩૭ના રોજ ક્લોડીનની તબિયત અતિશય ગંભીર બની અને તેમને ખૂબ પીડા થતી હતી. તેઓ થોડી થોડી વારે સભાન અને બેશુદ્ધ રહેતા હતા, જે પરિસ્થિતિ અત્યંત નાજુક હતી. ૧લી જાન્યુઆરી ૧૮૩૭ને બુધવારના રોજ તેઓ સભાન અવસ્થામાં હતા ત્યારે ઈશ્વરની સ્તુતિ કરતા કરતા તેમના છેલ્લા શબ્દો ''ભગવાન કેટલો ભલો છે'' તે હતા ત્યારે તેઓ આ શબ્દો પ્રેમપૂર્વક,અને દ્રઢતાથી બોલ્યા હતા ત્યારે તેમનું મુખ તેજોમય હતો. ત્યાર પછી તેમની વાચા બંધ થઈ ગઈ હતી અને ૧૮૩૭ના ઉજી ફેબ્રુઆરી પ્રથમ શુક્રવારે બપોરે ૩ કલાકે તેઓનો સ્વર્ગવાસ થયો ત્યારે સૌમાં ઘેરા શોકની લાગણી હતી.

ત્યાર પછી ધીમે ધીમે ઈસુ મારિયા મંડળનો વિશ્વના ૨૯ દેશોમાં ફેલાવો થયો. ભારતમાં આગ્રાથી કામની શરૂઆત કરી આજે ભારતના કુલ ૧૬ રાજ્યોમાં કાર્યરત છે ગુજરાતમાં તેઓની ૧૦ સંસ્થાઓ છે જેમાં ૬૫ સાધ્વીબહેનો કાર્યરત છે. ગુજરાતમાં સૌ પ્રથમ પેટલાદ મરીયમપુરાથી શરૂઆત કરી હતી, ત્યાર પછી વડોદરા, આંકલાવ, ખંભાત, ગોઠડા, હાલોલ અને પાલનપુરમાં સંસ્થાઓ શરુ કરેલ છે. સંસ્થાની પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે શાળાઓ, છોકરીઓ માટે છાત્રાલયો, દવાખાના, સ્વરોજગારી માટેની પ્રવૃત્તિઓ, અનાથઆશ્રય સ્થાન અને પ્રેષિતિક કાર્યો છે આ ઉપરાંત સ્થાનિક ધર્મજનોના જૂથો 'ફેમીલી ઓફ જીસસ અને મેરી' આ ધર્મસભામાં ભાગીદારી વધે તે માટે શરુ કરવામાં આવેલ છે જેઓ પણ કાર્યરત છે.

આમ સમગ્ર રીતે ઈસુ મારિયા સાધ્વીમંડળના સ્થાપિકા ક્લોડીન થેવેનેટની પવિત્રતા તેમના થકી થયેલા ચમત્કારો, આધ્યાત્મિક ઉન્નતિ અને ધર્મસભાના સતત પરીક્ષણો બાદ વડાધર્મગુરુ તરફથી તેમને ૨૧ માર્ચ ૧૯૯૩ના રોજ સંતોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. સંત ક્લોડીન થેવેનેટ ને ધન્ય હો!

૧૮૧૮ થી શરુ કરાયેલું કાર્ય આજે ૨૦૧૮માં વટવૃક્ષ બની દુનિયામાં તેમના કાર્ય થકી તેમની સુવાસ ફેલાવી રહ્યા છે ત્યારે તેમના દ્વિ-શતાબ્દી ઉજવણી ટાણે 'જય હો સંત ક્લોડીન થેવેનેટ' બોલ્યા વગર રહી શકાતું નથી અને અત્યાર સુધીના તમામ ઈસુ મારિયા મંડળના સાધ્વી બહેનોનું અભિવાદન કરતા શુભેચ્છાઓ પાઠવીએ છીએ.●

મહેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

(૧) માઉન્ટ આબુ

પ્રવાસ તા. ૧૨/૧૦/૧૮ **રાત્રે** ૮:૦૦ કલાકે

પરત તા. ૧૫/૧૦/૧૮ સવારે **ટિકિટ દર** રૂા. ૨૦૦૦/-

(૨) સાપુતારા - દમણ

પ્રવાસ તા. ૧૮/૧૦/૧૮ **રાત્રે** ૮:૦૦ કલાકે

પરત તા. ૨૧/૧૦/૧૮ સવારે **ટિકિટ દર** રૂા. ૨૦૦૦/-

(૩) ગોવા-મહાબળેશ્વર - પંચગીની - ખંડાલા - લોનાવાલા - મુંબઈ

(બસ-૧) પ્રવાસ તા. ૦૩/૧૧/૧૮ **બપોરે** ૧૨:૦૦ કલાકે

પરત તા. ૧૧/૧૧/૧૮ સવારે

(બસ-૨) પ્રવાસ તા. ૨૨/૧૨/૧૮ **બપોરે** ૧૨:૦૦ કલાકે

પરત તા. ૩૦/૧૨/૧૮ સવારે

ટિકિટ દર : રૂા. ૬૨૦૦ (નોન એ.સી.), રૂા. ૬૭૦૦ (એ.સી. બસ)

(૪) ઉદેયપુર - જોધપુર - જયપુર - અજમેર - પુષ્કર - કુંભલગઢ - હલ્દીઘાટી

પ્રવાસ તા. ૧૨/૧૧/૧૮ **રાત્રે** ૮:૦૦ કલાકે

પરત તા. ૧૮/૧૧/૧૮ સવારે

ટિકિટ : રૂા. ૪૯૦૦(નોન એ.સી.), રૂા. ૫૪૦૦ (એ.સી. બસ)

(૫) લોનાવાલા - ખંડાલા - માથેરાન - મુંબઈ

પ્રવાસ તા. ૦૭/૧૨/૧૮ **રાત્રે** ૮:૦૦ કલાકે

પરત તા. ૧૧/૧૨/૧૮ સવારે **ટિકિટ દર** રૂા. ૩૫૦૦/-

- દરેક પ્રવાસમાં એક ટાઈમ ચ્હા-નાસ્તો, બે ટાઈમ જમવા તથા હોટલમાં રહેવાની સાથે (હોટલ, બુકિંગ)
- રૂા. ૧૦૦૦/- આપી સીટી બુક કરાવો.
- દરેક પ્રવાસની બસ આણંદ-નડિયાદ-અમદાવાદ - થઈને જશે અને સિટ બુક પણ થશે.

બસ ઉપડવાનું સ્થળ

(૧) સી.ટી.એમ. અમદાવાદ
(૨) ટી.પી. ૧૩ પાણીની ટાંકી પાસે,
છાણી જકાતનાકા, વડોદરા

: આયોજક :
મહેશ એચ. વાઘેલા (ક્રિશ્ચિયન)
મો. ૯૮૨૫૫ ૬૮૨૮૧ / ૮૩૨૦૧ ૫૦૭૩૮

પાલક દૂતની છત્રછાયા

✍ સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાન

અંગ્રેજી શબ્દ 'Angel' દૂત એ મૂળ ગ્રીક ભાષાનાં 'Angeles' પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ થાય છે સંદેશવાહક કે અવકાશી દૂત. આ દૂતોની ઉત્પત્તિ સૃષ્ટિનાં પ્રારંભથી જ જોવા મળે છે, કારણ યોબનાં ગ્રંથમાં પ્રભુ યોબને કહે છે, 'જ્યારે પ્રભુએ તારાઓ બનાવ્યા, ત્યારે બધાં જ દૂતો પ્રભુની સ્તુતિ આરાધના કરતાં હતાં.' (યોબ ૩૮:૭) જૂના કરારમાં ઉત્પત્તિનાં ગ્રંથમાં દૂતે પ્રભુનાં હુકમને માથે ચઢાવીને લોટને ભયજનક આપત્તિમાંથી ઉગારી લીધો હતો.

દૂતો, પ્રભુનું એક નાજુક, નમણું અને શ્રેષ્ઠ એવું અદ્‌ભુત સર્જન છે. પ્રભુએ માણસને બનાવીને તેની સારસંભાળ માટે તેને જાણે કે આમ એકલો અટૂલો નથી મૂક્યો, પરંતુ પ્રત્યેકને રક્ષકદૂતની અતિ દિવ્ય ભેટ આપી છે, જેથી માનવને પળે પળે પ્રભુની હાજરીની અનુભૂતિ મળતી રહે. દેવદૂતો એ સંપૂર્ણપણે એક શુદ્ધ અને આત્મિક કૃતિ છે, જે હંમેશા પ્રભુ પિતાની હજૂરમાં, અને પ્રભુની સેવામાં હરહંમેશ તેનાં નિત્યે ગુણગાન ગાયા કરે છે. આ રક્ષકદૂતો પ્રભુની દરેક વાતોને એક યા બીજી રીતે માનવ વચાળે પ્રગટ કરી પ્રભુનો મહિમા છતો કરે છે.

યહુદીઓની પુરાણી લોકવાયકા મુજબ દેવદૂતો સર્વેનું ખૂબ જ જતનપૂર્વક રક્ષણ કરે છે. અને આપણા પ્રભુઈસુ પણ આ જ દૂતોનો ઉલ્લેખ કરી આગાહી કરે છે કે, 'તમે આકાશને ઊઘડેલું અને દેવદૂતોને માનવપુત્ર દ્વારા ચડતા અને ઊતરતા જોશો.' (યોહાન ૧ : ૫૧)

ટોબિયતને કહે છે કે તે પ્રભુની ઈચ્છાથી તમારી સાથે આમ મુસાફરીમાં જોડાયો હતો, અને પોતાનાં શરીરથી પર હોઈને તેણે ખાવાનો પણ જાણે કે ટોબિતને ભાસ થયો હતો. (ટોબિત ૧૨:૧૯). અહીં દૂતો પોતાની આધ્યાત્મિક શક્તિ દ્વારા માનવોથી પર છે, ભલે દૂતો સર્વત્ર પ્રભુની જેમ વિરાજી શકતાં નથી પરંતુ તેઓનાં ચિત્ત આપણા કરતાં વધુ ઉપર ઊઠેલાં છે. દુન્યવી શક્તિ આગળ તેમની દિવ્ય શક્તિની આભા ખરેખર નિરાળી છે.

દિવ્ય શક્તિથી ભરપૂર એવા આ દૂતો ખરેખર વિશાળ સંખ્યામાં છે. દાનિયેલનાં ગ્રંથમાં, 'તેની આગળથી ધગધગતા અગ્નિનો ધોધ નીકળીને વહેતો હતો. હજારો તેની સેવા ઉઠાવતા હતાં, અને કરોડો તેની ખિદમતમાં ખડા હતાં. ન્યાયસભા ભરાઈ અને ચોપડા ખોલવામાં આવ્યાં.' (દાનિયેલ ૭:૧૦) અહીં પયગંબર દાનિયેલ દૂતોની સંખ્યા નહિ ગણાઈ શકતા હજારો અને કરોડોની સંખ્યામાં આ દેવદૂતો પ્રભુની સેવામાં પ્રભુ સમક્ષ ઊભા રહે છે. સ્તોત્રસંહિતામાં, મહાન રાજા દાવિદનાં શબ્દોમાં, 'દૂતો પ્રભુનો મહિમા ગાનાર, શ્રેષ્ઠ અને પ્રભુનું સર્વોત્તમ સર્જન છે.'

માનવમુક્તિનાં તારણકાર્યમાં પણ આ પવિત્ર દૂતોનો એક અમૂલ્ય ફાળો રહેલો છે, આ દૂતો પ્રભુનાં શબ્દને આ ધરતી ઉપર માનવ વચાળે દોરી લાવ્યા.

આપણે પણ આપણા રક્ષકદેવદૂતને પ્રેમથી પિછાણવો રહ્યો, તથા તેની હાજરીની પળેપળ અનુભૂતિ કરવી, જેથી પ્રભુનાં આ દૂતો એક મજબૂત મનોબળ, પ્રેરણા શક્તિ તથા પ્રભુ પ્રત્યેનાં પ્રેમની ભક્તિમાં આપણને ઉત્તરોત્તર આગળ ધપાવતા રહે. એટલે જ પ્રભુ કહે છે. 'જો મારો દૂત અહીં છે, તે તારી બાજુમાં જ છે, ને તારી સાથે જ છે, અને તે તારી સેવા તથા કસોટીની પળે હરહંમેશ તારી પડખે હાજર છે.'

સંત બર્નાડ કહે છે કે, પ્રભુએ દૂતોને એક શ્રેષ્ઠ અને ઉમદા જવાબદારી સોંપેલી છે અને તેથી જ આપણે રક્ષક દેવદૂતોનાં હૃદયપૂર્વક આભારી રહેવું જોઈએ. કારણ, પ્રભુ પ્રત્યેનાં તેમનાં અગાઢ પ્રેમ અને આજ્ઞાપાલનથી તેઓ આપણી પ્રત્યેક નાની-મોટી આપત્તિ કે સુખદ અને દુ:ખદ પ્રસંગોમાં આપણી વ્હારે થાય છે. એટલે એક નક્કર હકીકત છે કે પ્રત્યેક ખ્રિસ્તી ભક્તજન ક્યારેય એકલો નથી બલ્કિ પ્રભુએ તેની હાજરી રૂપે તેનાં દૂતને આપણી સાથે મોકલી આપ્યો છે. આ દૂતો પ્રભુનાં ત્રણ મહામૂલા એવા કાર્યોને સાર્થક કરે છે.

૧. પ્રભુની સ્તુતિ આરાધના કરે છે.
૨. પ્રભુનાં સંદેશાવાહક બને છે.
૩. પ્રભુનાં ભક્તોની દેખભાળ કરે છે.

યોબ અને ગીતશાસ્ત્રનાં ગ્રંથોમાં દેવદૂતોનો ઉલ્લેખ જોવા મળે છે. નવા કરારમાં ઝખરીયા પ્રભુનાં દૂતનું દિવ્ય દર્શન નિહાળે છે. યોસેફ સ્વપ્નમાં દર્શન કરીને મહામોટી આફતમાંથી ઉગરી જાય છે. ભરવાડો દેવદૂતનાં દર્શન થકી જગતનાં તારણહારને ગભાણમાં ભાળે છે, અને પ્રભુની સ્તુતિ કરે છે. માગી રાજાઓ દેવદૂતનાં દર્શનથી તારણનાં કાર્ય માટે નવા જન્મેલા ઈસુરાજાને હેરોદનાં ક્રૂર અને ઘાતકી નિર્ણયથી બચાવી લે છે. આ દૂતો પ્રભુ ઈસુની કસોટી વેળાએ ગેથસેમાની વાડીમાં પ્રભુને સાંત્વન બક્ષે છે. પુનરુત્થાનની સવારે કબરે આવેલી સ્ત્રીઓને પ્રભુના પુનરુત્થાનનો પ્રથમ પેગામ આ દૂતો જ પ્રસરાવે છે, અને પ્રભુનાં સજીવન દેહની સાક્ષી પૂરે છે.

આ દૂતોની સ્વર્ગીય આભા પણ નિરાળી છે. કારણ દૂતો અત્યંત જીવંત, બુદ્ધિશાળી તથા પ્રભુના જ્ઞાનથી ભર્યાભર્યા છે. દૂતો આપણી જેમ શારીરિક શરીર જેવી કોઈ રચના ધરાવતા નથી, બલ્કિ આધ્યાત્મિક અને સ્વર્ગીય શરીરનું અદ્‌ભુત સર્જન છે. દમાસ્કસનાં સંત જોન કહે છે કે, 'દૂતો જેવાં દેખાય છે, તેવાં જ આપણે નરી આંખે જોઈ શકતા નથી. પરંતુ હા, જો પ્રભુ ઈચ્છે તો આ દૂતના દૈવી દૂત તરીકે દર્શન કરવાને લાયક બને છે.'

ટોબિતનાં ગ્રંથમાં પ્રભુનો દૂત ટોબિત અને તેના પુત્ર સાથે આખી મુસાફરી દરમિયાન સાથે ચાલ્યો હતો.

પ્રેષિતોનાં ચરિતોનાં પણ આ દૂતો પ્રભુનાં પુનરુત્થાન પછી અદ્‌ભુત કામગીરી બજાવે છે. (પ્રેષિતોનાં ચરિતો ૫:૧૯) પીતર, પાઉલ તથા યોહાનને પ્રભુનાં દૂતે દૈવી શક્તિ દ્વારા બચાવી લીધાં. પાઉલની દરિયાઈ મુસાફરીમાં પ્રભુનો દૂત પાઉલને પ્રભુની દિશા ભણી દોરતો રહ્યો.

આ દેવદૂતો Heavenly Powers , કે જે શુદ્ધ, સાત્વિક અને બુદ્ધિજીવી Spiritual creature જીવ છે, જેનાં સહવાસે પ્રત્યેક ભક્તજન સ્વર્ગનાં દ્વારની નજીક પહોંચી જાય છે. ઘણું કરીને આપણે સૌ જન્મથી મૃત્યુ સુધી દેવદૂતોની છત્રછાયામાં જ લપેટાયેલાં રહીએ છીએ, જેનો અણસાર સુધ્ધાં આપણને આવતો નથી. પ્રત્યેક શ્રદ્ધાળુ ભક્ત માટે તેનાં રક્ષણહિત કાજે ભલા પ્રભુએ રક્ષણકર્તા નીમેલા છે, હા, પ્રભુએ આપણને એક દૈવી, શક્તિશાળી, પ્રાર્થનામય એવા પરમ મિત્રની અનોખી ભેટ આપી છે, કે જે હંમેશા આપણી સંભાળમાં દિવસ-અને રાત તહેનાત રહે છે. જ્યારે આપણે આપણા આ પાર્થિવ દેહની મુક્તિ પામી પ્રભુએ આગળ આવી પહોંચીએ છીએ, ત્યારે આપણા આ દેવદૂતો કેવા મનોમન હરખાય છે કે તેમની દોરવણી હેઠળ જીવનપર્યંત આપણે સત્‌કર્મો કરીને સ્વર્ગનું સુખ પામવાને લાયક ઠર્યા છે.

બીજી ઓક્ટોબરે આપણા પાલકદૂતોનો તહેવાર ઉજવતાં આ અવકાશી દૂતોની છત્રછાયામાં તેમની દિવ્ય અને અજીબોઅજીબ દૈવી શક્તિ વડે પરિતૃપ્ત બનીએ, તથા પરીક્ષણો અને પ્રલોભનની વેળાએ પાલક દૂતોની પ્રેરણાને મનોમન પારખીએ. અસ્તુ.●

✝ ઈસુ ગોવાળ છે મારો ✝

આશીર્વાદ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

પ્રવાસ નં. ૧ : પુણ્યભૂમિ ઈઝરાયેલ યાત્રા પ્રવાસ નવેમ્બર-૨૦૧૮
ઈઝરાયેલ-જોર્ડન-પેલેસ્ટાઈન-ઈજીપ્ત, દુબઈ
દિવસ : ૧૩ **ટિકિટનો દર :** રૂા. ૧,૨૫,૦૦૦/-

પ્રવાસ નં. ૨ : જયપુર-દિલ્હી-આગ્રા-મથુરા-વૃંદાવન-ચિતોડગઢ
પ્રયાણ તા. ૦૭-૧૧-૨૦૧૮ **પરત તા.** ૧૪-૧૧-૨૦૧૮
દિવસ : ૭ **ટિકિટનો દર :** રૂા. ૬૨૦૦/-
અમદાવાદ-નડિયાદ-આણંદથી પીકઅપ અને ડ્રોપ

પ્રવાસ નં. ૩ : મહાબળેશ્વર-પંચગીની-ગોવા(૩ દિવસ)-લોનાવાલા-ખંડાલા-મુંબઈ
પ્રયાણ તા. ૨૨-૧૨-૨૦૧૮ **પરત તા.** ૩૦-૧૨-૨૦૧૮
દિવસ : ૮ **ટિકિટનો દર :** રૂા. ૬૫૦૦/-
અમદાવાદ-નડિયાદ-આણંદ-ભરૂચ-અંકલેશ્વર-સુરતથી પીકઅપ અને ડ્રોપ

દરેક પ્રવાસમાં સવારમાં ચા-નાસ્તો તથા બે ટાઈમ ભોજન, રહેવાની વ્યવસ્થા હોટલમાં. રૂા. ૧૦૦૦/- આપી આપની સીટ બુક કરાવો.

બસ ઉપડવાનું સ્થળ : *(૧) ઈ/૧૭૬ - સત્યનારાયણ ટાઉન શીપ, ટી.પી. ૧૩, છાણી જકાતનાકા - વડોદરા - ૨૪, (૨) ખોખરા સર્કલ, મણિનગર-અમદાવાદ*

આયોજક સંપર્ક : આશીર્વાદ વાઘેલા મો. ૭૩૮૩૫ ૧૪૨૩૮

સંજય વાઘેલા	સંગીતા વાઘેલા
મો. ૯૭૨૩૮ ૨૨૩૧૧	મો. ૯૮૭૯૬ ૩૧૧૭૭

રેવ. ફાધર જયંત રાઠોડ : મો. ૯૪૨૭૦ ૬૨૬૨૧

Prime Wellness Centre

આ રીઝલ્ટ વ્યક્તિગત અલગ અલગ હોઈ શકે છે...

NUTRITION
80%
20%
EXERCISE

LOSE WEIGHT,
LOOK GREAT

આપના સ્વાસ્થ્યને લગતા પ્રશ્નોનું તમામ નિરાકરણ...

- શું આપ વજન ઘટાડવા માગો છો ?
- રોજિંદા કામકાજથી આપને વેટ રીઝલ્ટ નથી મળી રહ્યું ?
- શું આપ તંદુરસ્ત રહેવા માંગો છો ?
- શું આપ ફીટ દેખાવા માંગો છો ?

તો Healthy Active Lifestyle
Enjoy કરવા આજે જ અમારો સંપર્ક કરો...

Call Now... **97261 94731**

હાર્દિક અભિનંદન

ખ્રિસ્તી સમાજનું ગૌરવ

શ્રીમાન મહેશભાઈ ચી. પરમાર (સ્પર્શ) સાહેબ (આચાર્યશ્રી, મહાલક્ષ્મી કન્યા શાળા, ઠાસરા, જિ.ખેડા)ને ચાલુ શૈ. વર્ષ ૨૦૧૮માં શિક્ષક દિનના પર્વે ગાંધીનગર મુકામે માન. રાજ્યપાલશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. શિક્ષણ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં રાજ્યપાલશ્રીના વરદ્‌ હસ્તે 'શ્રેષ્ઠ શિક્ષક ૨૦૧૮ / રાજ્ય કક્ષાનો પારિતોષિક' મળેલ છે. જે બદલ સમગ્ર ખ્રિસ્તી સમાજનું ગૌરવ આપશ્રીએ રાજ્યકક્ષાએ રોશન કર્યું છે.

આપશ્રીને ખૂબ ખૂબ અભિનંદન...!
ઉન્નતિના શિખરો સર કરો તેવી અભ્યર્થના સહ !

: શુભેચ્છક :
શ્રી કિરણકુમાર વી. પરમાર
મુખ્ય શિક્ષકશ્રી,
જાખેડ પ્રા. શાળા, તા. ઠાસરા, જિ. ખેડા

ઝીણીયાના જીવીદાદી

✍ ડૉ. થોમસ પરમાર

(૧લી ઓક્ટોબર - વિશ્વ વૃદ્ધ દિન નિમિત્તે)

જીવીદાદી આણંદમાં લોટીયા ભાગોળમાં માટોળાં, નળીયાવાળા, ભાડાના ઘરમાં રહેતાં. તેમનાં ઘરની પાછળના ભાગે કૂવો હતો. જુવાનીમાં જ તેઓ વિધવા થઈ ગયાં હતાં અને સંતાનો પણ એક પછી એક મૃત્યુ પામ્યાં. જીવીદાદી સંસાર-સાગરમાં એકલા અટૂલા પડી ગયાં. કોઈના ઓશિયાળા બનવાને બદલે એકલા રહીને જીવવાનો માર્ગ અપનાવ્યો. તમાકુની ખળીમાં અને ખેતરમાં મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા. તેમના નજીકના સગામાં કોઈ રહ્યું ન હતું. દૂરના સગામાં માત્ર તેમની વિધવા ભત્રીજા-વહુ શાંતા અને તેના ચાર છોકરાં હતાં. શાંતા અમદાવાદમાં હોસ્પિટલમાં આયાની નોકરી કરતાં. શાંતા છોકરાંઓને લઈને બે-ત્રણ મહિને આણંદ જઈ જીવીદાદીની મુલાકાત લેતાં. ત્યારે જીવીદાદીની સુકી જીવનવાડીમાં લીલી હરિયાળી છવાઈ જતી. દાદીના હરખનો પાર ન રહેતો. બજારે જઈ જલેબી લઈ આવતા. લાકડાના ચૂલા પર માટીની કાળી હાંડલીમાં ખિચડી રાંધતાં અને લીલી છાયવાળું ઘી નાંખીને હોંશે હોંશે શાંતાને અને છોકરાંઓને જમાડતાં.

જીવીદાદી ખૂબ જ વૃદ્ધ અને અશક્ત થઈ ગયા ત્યારે શાંતાએ તેમને અમદાવાદ લાવી પોતાની સાથે રાખ્યાં. શરૂઆતમાં તેમને પોતાનું ઘર અને આજુબાજુના લોકો અવારનવાર યાદ આવતા. પરંતુ ધીમે ધીમે તેઓ શાંતાના ઘરમાં હળીભળી ગયાં. ઘરની બહારની લોબીમાં તેમણે રહેવાનું પસંદ કર્યું. લોબીમાં તેમની ખાટલી, ગોદડી પડ્યા રહેતાં. લાકડાના એક ખોખામાં તેમનો લોટો, તાંસળી, છીંકણીની બાટલી, સાબુ, સોય-દોરાં, કપડાં અને ઠીકરાં રાખતાં. આ જ તેમની ઘરવખરી હતી. આણંદની જ છીંકણી સુંઘવાનો આગ્રહ રાખતાં. શાંતા તે છીંકણી પણ કોઈ જતા-આવતાની પાસે મંગાવી આપતાં. બારેમાસ બહાર જ સૂતાં અને બારેમાસ ગરમ પાણીથી સ્નાન કરતાં. તેમની આંખો તેજદાર હતી. કદી ચશ્મા નહતા આવ્યાં. પોતાની ગોદડી અને ફાટી ગયેલાં કપડાં જાતે સીવતાં. પોતે જ કપડાં ધોતાં અને વાસણ માંજતાં. કોઈની પર પણ બોજ બનતા નહિ. તેમને સાંભળવાની જ એક માત્ર તકલીફ હતી. જોરથી બોલીએ તો જ તેઓ સાંભળી શકતાં. તેમની આ બહેરાશથી ઘણીવાર હાસ્યનું મોજું ફરી વળતું. એક રાત્રે તેઓ વાળુ કરતાં હતાં ત્યારે શાંતાએ તેમને પૂછ્યું :

'ફોઈ, બીજી ખીચડી આપું ?'

'છીંકણી ? હું ખઈ રહું પછી આપજે.' દાદીના જવાબથી બધા હસી પડ્યા હતા.

શાંતાના સૌથી નાના છોકરાને તેઓ ઝીણીયો કહીને બોલાવતા. ઝીણો એટલે નાનો. ઝીણો અવાર નવાર દાદીની હાથની લબડી પડેલી ચામડી ઊંચી-નીચી કરતો. ત્યારે દાદી કહેતાં, 'જો તું ય ઘૈડો થઈશ તારે તારી ચામડીય આવી થઈ જશે.' પછી હાથ પર છુંદણાંથી લખાયેલું નામ જીવી-તેજી બતાવી કહેતા, 'જો આ મારું નામ છે જીવી એટલે હું અને તેજી એટલે મારી મા.' દાદી તો નિરક્ષર હતા. તેમને જ, ત કે વ અંગેની કશી ખબર ન હતી ! માથાના બધાં જ વાળ ધોળા. વરસાદના પાણીથી ભીની થયેલી કાંપની માટી સૂકાઈ જાય પછી તેમાં ચાસ પડી હોય તે રીતે દાદીના મોં પરની ચામડીમાં કરચલીઓ પડી ગઈ હતી. યૌવનકાળમાં એ ચહેરો કેટલો માંસલ અને ભરાવદાર હશે ! વૃદ્ધત્વનું આ કેવું રોલર જે સપાટ કરવાને બદલે ખરબચડું અને ઢીલુંઢસ બનાવી દે. દાદી દિવસે ક્યારેય ઊંઘતા ન હતાં. ભીંતને ટેકવીને બેઠાં બેઠાં ઝોકું લઈ લેતાં. રાત્રે સીધા ચત્તા જ સૂતાં. ક્યારેય પડખે સૂતાં ન હતાં. રાત્રે એક બે વાર તો ઊઠતાં. ત્યારે છીંકણી સૂંઘવા તકીયાની આસપાસ મૂકેલી ડબ્બી શોધતાં. ડબ્બી હાથ ન લાગે તો તેને ભાંડતાં, 'મામી હાહુ, અતારે જડતી નથી પણ હવારે તારી વાત છે.' ઉનાળામાં રાતે હાથનો પંખો ન મળે તો તેને પણ ભાંડતાં, 'મામા ચ્યાં મરી જ્યોતો ? હું ગરમીમાં મરી ગઈ.' પછી પંખાને ખાટલાની ઈસ સાથે પછાડી તેને સજા કરતાં. શિયાળામાં ગોદડી ઓઢતાં ગોદડીનો ખૂણો વધેલો જણાય તો બોલતાં, 'તેં કાન ભલે વધાર્યો, કાલ હવારે ચપ્પાથી તારો કાન વાઢી કાઢીશ.' આમ દાદી નિર્જીવ વસ્તુઓ પર પોતાનો ગુસ્સો કાઢતાં, પરંતુ ઘરમાં કે બહાર કોઈની પણ સાથે ઊંચા સાદે બોલ્યાં નથી. નરી નમ્રતાની મૂર્તિ જોઈ લો. છીક કે બગાસું ખાધા પછી બોલતા, 'હાશ, ભગવાન, ભલું થજો.'

દાદી ભક્તિવાળા હતાં. હાથ જોડી બેઠાં બેઠાં પ્રાર્થના કરતાં. એમના મોંમાંથી ક્યારેય કોઈનું નામ નીકળતું નહીં. માત્ર ભગવાન બોલતાં. ઘરમાં ભીંત સાથે ગોઠવેલી વેદી આગળ બે હાથ જોડી પ્રાર્થના કરતાં. વેદીમાં ત્રણ પૂતળાં હતા. પરંતુ દાદીને પૂતળાં કોના છે એની ખબર જ ન હતી. એ તો એટલું જ જાણતા હતા કે વેદીમાં ભગવાન છે. કુટુંબની પરંપરા પ્રમાણે ઝીણીયો પવિત્ર શુક્રવારે વેદીમાંના ત્રણે પૂતળાંઓને આડા સૂવડાવી દેતો અને દાદીને કહેતો, 'જુઓ દાદી ભગવાનનાં આ ત્રણ પુતળાં મરી ગયા છે.' દાદી જોઈને આશ્ચર્ય અનુભવતાં. હાથ જોડી માથું નમાવતા. એ પછી ઝીણીયો જાંબુડી રંગના પડદાથી વેદીને ઢાંકી દેતો. પાસ્ખાના દિવસે ઝીણો પૂતળાં ઊભા કરી દેતો અને દાદીને બતાવીને કહેતો, 'જુઓ દાદી આ પૂતળાં ત્રીજા દા'ડે એની મેળે જીવતાં થયા અને ઊભા થઈ ગયા છે.' દાદી આ વખતે તો વધુ મંત્રમુગ્ધ થઈ જતાં અને હાથ જોડી માથું નમાવતા અને 'ભગવાન' બોલતાં. તેમની જ વયના આશાદાદીને જઈને આ ચમત્કારની વાત કરતાં.

'આસી, અમારી શાંતાના ઘેર તો હાજરા હજૂર ભગવાન છે. વેંત જેવડાં તૈણ પૂતળાં મરી જાય છે અને તીજા દા'ડે મારાં વા'લા ઊભાં થઈ જાય છે. આવું તો મેં મારા બાપ-જન્મારામાંયે જોયું નથી.' એક નિરક્ષર ખેતમજૂર વૃદ્ધાની કેટલી શ્રદ્ધા ! એક નાના કિશોરની વાત પર કેટલો મોટો

વિશ્વાસ! દાદીને તો એ પણ ખબર નથી કે તે કોનાં પૂતળાં છે. ઝીણીયાનો આશય દાદીને છેતરવાનો ન હતો પરંતુ કુટુંબમાં જે પ્રથાનું પાલન થતું હતું તે જ ઝીણાએ કર્યું હતું.

ઘરમાં એકવાર વાત નીકળી કે દાદી પ્રાર્થના શીખે તો સારું. ૯૦-૯૫ વર્ષના બહેરાં દાદીને પ્રાર્થના કેમની શીખવી શકાય ? ઝીણાએ દાદીને પ્રાર્થના શીખવવાનું બીડું ઝડપ્યું. ક્રૂસની નિશાનીથી શરૂઆત કરી પિતા, પુત્ર અને પવિત્ર આત્મા. આ બોલવાનું દાદીને ના જ આવડ્યું. માત્ર કપાળે અને ખભે હાથ મૂકતાં જ આવડ્યું. એમાં પણ સાચું એટલું જ કે પ્રથમ વાર હાથ કપાળે મૂકતાં. જમણા અને ડાબા ખભાનો ક્રમ ન જળવાતો. આ પછી 'હે અમારા બાપ' પ્રભુ પ્રાર્થના શીખવવાનું શરૂ થયું.

'દાદી, બોલો હે અમારા બાપ.'

'તારા બાપ ઝીણીયા ? એ તો ક્યારનાય મરી ગયા. એનું અત્તારે શું કામ પડ્યું ?'

દાદીના બફાટથી ઘરનાં સૌ ખડખડાટ હસી પડ્યાં. ઝીણાનું પ્રાર્થનાનું મિશન ફેઈલ ગયું.

એક પાસ્ખાએ બધાં જમીને પરવાર્યા હતાં તે પછી દાદીએ શાંતાને અને તેમના ચારે દીકરાઓને ખાટલા પર બેસાડ્યા. પછી પાણી ભરેલ કળશિયો અને તાંસલી લઈને આવ્યાં અને બોલ્યાં,

'જો આજે મને કોઈ રોકતાં નહિ. હું કરું તે કરવા દેજો.' એમ કહી પાંચેના પગ ધોવા લાગ્યાં. દાદી શું કરવા માંગતા હતાં તે શાંતાને અને દીકરાઓને ખબર પડી ગઈ હતી. તેમણે દાદીને ઘણુંયે વાર્યા પણ દાદી ના જ માન્યાં.

'સગા છોકરાંયે ના કરે એટલું તમે પાંચેયે મારું કર્યું છે.' એમ કહીને પગ ધોતાં તાંસળીમાં પડેલું પાણી દાદી પી ગયા. પાંચેયની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. તાંસળીમાં પડેલું પાણી અને આંખમાંના આંસુ એ બેમાંથી કોને મૂલ્યવાન ગણવા ? પ્રથમમાં ઋણ સ્વીકારનો ભાવ તો બીજામાં કૃતકૃત્યતાનો ભાવ હતો. છેલ્લે દાદીએ વારાફરતી પાંચેના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા, 'ભગવાન સાત સાત પેઢી સુધી તમારું ભલું કરે.'

દાદીને મોતીયાના ઓપરેશન વખતે એક જ વાર હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યાં હતાં. એ સિવાય તેઓ ક્યારેય બીમાર પડ્યા ન હતાં. એક દિવસ તેઓ માંદા પડ્યાં. સતત પાણીના જેવા ઝાડા થતા રહ્યા. પેટમાં પાણીનું ટીપું પણ ન ટકે. પથારીમાં એ પડ્યા તે પડ્યા. તેમના જીવનની એ પહેલી અને છેલ્લી માંદગી હતી. માંદગીના ત્રીજા દિવસે દાદીનું પ્રાણ પંખેરું ઊડી ગયું. ઝીણીયો દાદીના નિશ્ચેતન શરીરને જોઈ રહ્યો. તેણે દાદીનો જમણો હાથ જોયો. હાથ પર લખાયેલું 'જીવી-તેજી' દેખાતું ન હતું કારણ કે ચામડી એટલી બધી લબડી પડી હતી કે તે નામ ચામડીની કરચલી નીચે ઢંકાઈ ગયું હતું. જાણે કે જીવી-તેજી પર કાળનો પડદો પડી ગયો હતો. દાદીને દફનાવ્યા બાદ પાછા ફરતાં ઝીણીયો વિચારતો હતો કે, માનવીએ ઘડેલા માટીનાં પૂતળાંઓને મારી નાખવાની અને તેમને જીવતા કરવાની મારી કરામત અહીં કામ ન લાગી કારણ કે જીવીદાદી તો ઈશ્વરે ઘડેલ જીવતું-જાગતું હાડમાંસનુ પૂતળું હતું. એને માટીનો માણસ કેવી રીતે જીવતાં કરી શકે ?●

ચાલો...મા. આબુ... જયપુર.... ચાલો...

નડિયાદ - શ્રીનાથજી - હલ્દીઘાટી - કુંભલગઢ - જયપુર - અજમેર - પુષ્કર - મેડતા - જૂના રણુંજા - જોધપુર - મા. આબુ - અંબાજી - પરત

પ્રવાસની તા. : ૧૦-૧૧-૧૮ થી ૧૬-૧૧-૧૮
દિવસ : ૭ **ટિકિટ** રૂા. ૫૦૦૦/-
પરત આવવાની તા. : ૧૬-૧૧-૧૮ **રાત્રે :** ૧૨:૦૦ વાગે
બસ ઉપડવાની તા. : ૯-૧૧-૧૮ **રાત્રે :** ૯:૩૦ વાગે

નોંધ : સવારે ચ્હા - નાસ્તો - બે ટાઈમ ભોજન, રહેવા માટે કોમન હોલ, એડવાન્સ રૂા. ૧૦૦૦/-

બસ ઉપડવાનું સ્થળ

એલિમ મોથોડિસ્ટ ચર્ચ પાસે, મિશન રોડ, નડિયાદ

: સંપર્ક કરો :

વિનુભાઈ એસ. મકવાણા
મો. ૯૮૨૪૩ ૧૫૯૫૭

શૈલેષ	ભૂપેન્દ્ર
મો. ૯૯૨૫૭ ૨૦૪૨૬	મો. ૯૭૨૩૭ ૫૮૬૦૮

આવકાર સિલેક્શન

(ગુજરાતનું સૌથી સારૂ અને મોકળુ સ્થળ) અમારે ત્યાં લગ્નની મેક્ષી, બર્થ ડે ફ્રોક કોમ્યુનિયન ફ્રોક, કલર મેક્ષી, ડિઝાઈનર મેક્ષી, રિસેપ્સન ગાઉન તમારા બજેટમાં બનાવી આપવામાં આવશે. *રૂા. ૩૦૦૦/- થી શરૂઆત થાય છે.*

કોમલ.એસ.પરમાર / રેખા.આર.ચૌહાણ
૧૭ વર્ષના અનુભવી ફોન કરીને આવવું **મો. ૯૯૧૩૫૬૧૨૭૫ / ૯૭૨૭૨૩૨૦૨૨**

ઘર નં-૫, આશીર્વાદ કોલોની,સેંટ ઝેવિયર્સ રોડ પાધરીયા આણંદ - ૩૮૮૦૦૧

લગ્ન વિષયક

ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર - ૨૬ વર્ષ, ઊંચાઈ ૫', અભ્યાસ G.N.M., (B.Sc. Nursing અભ્યાસ ચાલુ નોકરી સાથે) માટે સરકારી નોકરી કરતા કેથોલિક યુવકના વાલીઓએ બાયોડેટા સહિત સંપર્ક કરવો.

મો. ૯૪૨૯૩ ૨૮૮૨૯ / ૯૫૭૪૨ ૨૫૧૨૬

સરજીલભાઈ **મો. ૯૫૭૪૯ ૫૪૭૮૬ ૯૬૦૯૪ ૧૫૧૮૦**

MAA સ્ટીલ ફર્નિચર

દરેક પ્રકારનાં દીવાલગોખલાનાં ડ્રેસિંગ કબાટ, અભરાઈ કબાટ, કીચન કબાટ સંતોષકારક બનાવનાર.

વડોદરા, પેટલાદ, આણંદ, નડીઆદ બહારગામના ઓર્ડર લેવામાં આવે છે.

કિશોરમિત્ર

ઓક્ટોબર-૨૦૧૮

"તમારું ભવિષ્ય તમે આજે વર્તમાનમાં શું કરો છો એની પર નિર્ભર છે."

- મહાત્મા ગાંધી (૨ ઓક્ટોબર ૨૦૧૮ - બાપુની ૧૫૦મી જન્મજયંતી)

ડાંગ એક્સપ્રેસ

તાજેતરમાં ઈન્ડોનેશિયામાં એશિયન ગેમ્સ આયોજિત થયો હતો. ભૂતકાળ કરતાં આ વખતે ભારતીય રમતવીરોનું પ્રદર્શન ઘણું સારું રહ્યું અને આની પહેલાંના એશિયન રમતોત્સવ કરતાં વધુ ચંદ્રકો જીતી લાવ્યા. ૧૫ સુવર્ણ ચંદ્રક, ૨૪ રજત અને ૩૦ કાંસ્ય ચંદ્રક સાથે કુલ ૬૯ ચંદ્રકો ભારતીય રમતવીરોએ જીતી લઈને દેશનું નામ રોશન કર્યું. ગુજરાતના ખેલાડીઓએ પણ સારો દેખાવ કર્યો. ડાંગ એક્સપ્રેસ તરીકે નામના પામેલ દોડવીર સરિતા ગાયકવાડે ચાર બાય ચારસો મીટરની રીલે દોડમાં સુવર્ણ ચંદ્રક જીતીને એક નવો જ ઇતિહાસ રચી દીધો. આ સાથે એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ગુજરાતી એથ્લીટ તરીકેની સિદ્ધિ પણ હાંસલ કરી. સરિતાની સાથે આ દોડમાં બીજી ત્રણ એથ્લીટ હિમા દાસ, એમ આર પૂવામ્મા અને વિસ્મયા સામેલ હતા.

સરિતાની સફળતા એક સ્વપ્ન કથા જેવી રહી છે. છેવાડાના આદિવાસી જિલ્લા ડાંગના એક આંતરિયાળ ગામ કરડિયા આંબા ખાતે પહેલી જૂન ૧૯૯૪ના રોજ સરિતાનો જન્મ થયો હતો.અત્યંત ગરીબ પરિવારમાં માતા રામુબેન અને પિતા લક્ષ્મણભાઈની આ દીકરીએ ફક્ત માતા-પિતાનું જ નહિ પરંતુ ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારત દેશનું ગૌરવ વધાર્યું છે. ખેતમજૂરી કરતાં માતા-પિતાને આર્થિક તંગી તો સતત નડતી જ રહી છે. ત્રણ દીકરીઓ અને એક દીકરો એમ કુલ ચાર બાળકોને ઉછેરવામાં સરિતાના માતા-પિતાને અત્યંત હાડમારીનો સામનો કરવો પડ્યો છે. આર્થિક તંગી ઉપરાંત પહાડ જેવી અનેક મુશ્કેલીઓ વટાવી સરિતાએ અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. સરિતાનું ગામ અત્યંત છેવાડાનું ગામ છે. અહી વાહન વ્યવહારની કોઈ સગવડ નથી. બીજે જવા માટે લગભગ ચાર - પાંચ કિલોમીટર ચાલીને બહાર મેઈન રોડ પર આવો ત્યારે તો બસ મળે. ગામને સ્વચ્છ પીવાના પાણીની સગવડ પણ તાજેતરમાં થોડા મહિનાઓ ઉપર જ પ્રાપ્ત થઈ છે. ગામમાં વીજળીની લાઈન તો છે પરંતુ વીજળી ક્યારે આવે તેનું કોઈ જ ઠેકાણું નહિ. અને મોબાઈલ નેટવર્ક માટે તો દૂરના ડુંગર પર ચઢો ત્યારે મોબાઇલ પકડાય !!! આવી હાડમારીઓનો સામનો કરતાં કરતાં દ્રઢ મનોબળને લીધે સરિતાએ સુવર્ણ ઈતિહાસ રચી દીધો છે. પીવાના પાણી માટે રોજ ડુંગર ચઢીને જવું પડતું. આર્થિક તંગી અને બીજી મુશ્કેલીઓએ સરિતાને શારીરિક અને માનસિક રીતે મજબૂત બનાવી.

શાળા દરમિયાન સરિતા ખો-ખો રમતી અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક મેડલો જીતી ચુકી હતી. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ બાદ સરિતાએ ચીખલીની કોલેજમાં પ્રવેશ લીધો. અહી તેના પ્રશિક્ષક જયમલ નાયકની નજરે સરિતામાં એક એથ્લીટ તરીકેની સંભાવના નજરે પડી. તેમણે સરિતાને દોડ સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહન આપ્યું. સરિતા પહેલા તો ખુલ્લા પગે દોડતી કારણ દોડવા માટેના સારા બુટ પણ તેને પાસે નહોતા. તેની કોલેજે તેને બુટ લેવા તથા બીજી અનેક રીતે સહાય પુરી પાડી, અને એક દોડવીરની કારકિર્દીનો શુભારંભ થયો. સરિતાએ રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ અનેક મેડલો જીત્યા અને આખરે તેની પસંદગી આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ. સહુ

"મારી જીતનું શ્રેય અનેકને ફાળે જાય છે, જેમાં મારા મમ્મી-પપ્પા ટોચ પર છે....."

પ્રથમ વાર ભારત માટે રમતા સરિતાની પસંદગી ઑસ્ટ્રેલિયા ખાતે યોજાયેલ કોમન વેલ્થ ગેમ્સ માટે થઈ. અહીં તે કોઈ ખાસ દેખાવ કરી શકી નહિ. પરંતુ તેને વિશ્વસ્તરની સ્પર્ધાઓનો અનુભવ મળ્યો. આ સિવાય તેણે બીજી ઘણી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લીધો અને આખરે ૩૦ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ જકાર્તા શહેરમાં એશિયન ગેમ્સમાં ચાર બાય ચારસો મીટરની રીલે દોડમાં સુવર્ણ ચંદ્રક જીતી લીધો.

પોતાની સફળતાનો યશ સરિતા ગાયકવાડ પોતાના માતા-પિતા અને પ્રશિક્ષકને આપે છે.સરિતા જણાવે છે, "મારી જીતનું શ્રેય અનેકને ફાળે જાય છે, જેમાં મારા મમ્મી-પપ્પા ટોચ પર છે. રમતમાં આગળ જવા બાબતે તેમણે રોકવા-ટોકવાનું તો દૂર, સતત પ્રોત્સાહન જ આપ્યું છે.અન્ય માતા-પિતાઓએ પણ પોતાના સંતાનોને આ જ રીતે પ્રોત્સાહિત કરવા જોઈએ." છેલ્લા છ વર્ષ કરતાં વધુ સમયથી રોજના પાંચ કલાક પ્રેક્ટિસ કરતી સરિતા કહે છે, "ફિટનેસ જાળવવામાં શારીરિક રમતો ખુબ જરૂરી છે. બાળકો-યુવાનોનો મોટો વર્ગ આઉટડોર ગેમ્સને બદલે મોબાઈલ પાછળ ઘેલો થયો છે. હું સ્માર્ટ ફોનની વિરોધી નથી, પરંતુ તેનો ઉપયોગ જરૂરિયાત પૂરતો જ થવો જોઈએ." સરિતાનું હવે પછીનું લક્ષ્ય ૨૦૨૦ની ઓલમ્પિક રમતમાં મેડલ જીતવું એ છે.

ભારતની આ ગોલ્ડન ગર્લ અને ગુજરાતની દીકરી સરિતાને "કિશોરમિત્ર" તરફથી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ !!!

રક્ષક દેવદૂત

ઈશ્વરપિતાએ આપણા રક્ષણ કાજે દરેકે દરેક વ્યક્તિ માટે રક્ષક દેવદૂત નીમ્યા છે. રક્ષક દેવદૂત હર હંમેશ આપણી પડખે રહે છે અને આપણું રક્ષણ કરે છે. ઉપરાંત આપણા માટે ઈશ્વરપિતાને અરજ પણ કરે છે. જૂના કરારમાં દેવદૂત ઈશ્વરની વાણી લોકો સમક્ષ જાહેર કરતાં જોવા મળે છે. ઉત્પત્તિના ગ્રંથમાં બે દેવદૂતો લોતનું રક્ષણ કરતાં જોવા મળે છે. દેવદૂતોને લોત પોતાના ઘેર આશરો આપે છે ત્યારે ત્યાંની પ્રજા આ બે દેવદૂતોને મારવા આવી પહોંચે છે. લોત લોકોના ટોળાને બારણામાં રોકવા આગળ આવે છે તો લોકોનો રોષ લોત પર ઊભરી આવે છે. ત્યારે ટોળાથી લોતને બચાવી લેવા દેવદૂતો તેને ઘરમાં ખેંચી લે છે. "પણ પેલા બે માણસોએ હાથ લંબાવીને લોતને ઘરમાં પોતાની પાસે ખેંચી લીધો અને બારણું વાસી દીધું, અને નાનામોટા જે માણસો બારણાં આગળ ભેગા થયા હતા તેમને આંધળા બનાવી દીધા, એટલે તેઓ બારણાં માટે ફંફોસી ફંફોસીને થાકી ગયા." (ઉત્પત્તિ ૧૯ : ૧૦-૧૧).

અબ્રાહમની કસોટી કરવા પરમેશ્વર તેને અત્યંત વહાલો એવો તેના પુત્ર ઈસહાકનું બલિદાન માંગે છે. ઈશ્વર પરાયણ અબ્રાહમ ઈસહાકનો વધ કરવા

જ્યાં છરો ઉગામે છે ત્યાં જ પ્રભુના દેવદૂત આકાશમાંથી બૂમ મારીને અબ્રાહમને રોકી લે છે. (સમગ્ર કથા વાંચો - ઉત્પત્તિનો ગ્રંથ - અધ્યાય ૨૨) મહાપ્રસ્થાનના ગ્રંથમાં તેત્રીસમાં અધ્યાયમાં પરમેશ્વર મોશેને કહે છે, "હું એક દૂતને તારી આગળ મોકલીશ..."

નવા કરારમાં અનેક ઠેકાણે દેવદૂતની વાત જોવા મળે છે. ઈસુ કહે છે, "હું તમને કહું છું કે, એમના દેવદૂતો સ્વર્ગમાં સતત મારા પરમપિતાનું પ્રત્યક્ષ દર્શન પામે છે." (માથ્થી ૧૮ : ૧૦)

આધુનિક જગતમાં રક્ષક દેવદૂતનો ખ્યાલ બરગંડીના ઔતાનના હોનોરીઓસ દ્વારા પ્રચલિત થયો. બારમી સદીના હોનોરીઓસ મહાન ધર્મશાસ્ત્રી અને જ્ઞાની પુરુષ ગણાય છે. તેમના અનેક વિચારો ધર્મસભાએ સ્વીકાર્યા છે અને પ્રચલિત થયા છે. હોનોરીઓસે જણાવ્યું કે દરેક વ્યક્તિ દીઠ એક રક્ષક દેવદૂત નિયુક્ત હોય છે જે તે વ્યક્તિનું રક્ષણ કરે છે. સતત તે વ્યક્તિની પડખે રહે છે. સંત જેરોમ કહે છે, "દરેક વ્યક્તિનો આત્મા કેવો મહાન છે, કારણ જન્મની સાથે જ તેના રક્ષણ માટે એક દેવદૂત નિયુક્ત હોય છે."

આપણી ધર્મસભા ઓક્ટોબરની બીજી તારીખે રક્ષક દેવદૂતનો તહેવાર ઉજવે છે. ૨૦૧૪માં આ દિવસે વડા ધર્મગુરુ પોપ ફ્રાન્સીસે પરમપૂજા વખતે પોતાના સંદેશમાં કહ્યું હતું, "કોઈ વ્યક્તિ એકલો હોતો નથી... આપણને એમ થયા કરે છે કે આ સારું છે... આ કરવું જોઈએ... કે પછી આ ખોટું છે ... વગેરે. આ માર્ગદર્શન સતત આપણને આપણા રક્ષક દેવદૂત તરફથી મળતું રહે છે. આ સંદેશ આપણને રક્ષક દેવદૂત તરફથી મળતો રહે છે.

વહાલા કિશોરમિત્રો, તમે પણ રક્ષક દેવદૂતની વાત કાને ધરજો. તેનું કહ્યું સાંભળજો. તેના માર્ગદર્શનને અનુસરજો. રક્ષક દેવદૂત જરૂર તમારી પડખે રહેશે.

વિશ્વ દ્રષ્ટિ દિન

પ્રતિ વર્ષ ઓક્ટોબરના બીજા ગુરુવારે વિશ્વ દૃષ્ટિ દિનની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વમાં લખો લોકો દૃષ્ટિહીનતાથી પીડાય છે. તેમના માટે આ સુંદર શ્રુષ્ટિ એક અંધકાર ભરેલ ગુફા જેવી હોય છે. દૃષ્ટિહિનતાને લીધે તેઓ આ દુનિયાની સુંદરતા જોઈ શકતા નથી.

વર્ષ ૨૦૦૦ની સાલમાં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO – Wrold Health Organisation) દ્વારા વિશ્વ દૃષ્ટિ દિન ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. એક અંદાજ મુજબ વિશ્વમાં ત્રણ કરોડ સિતેર લાખ લોકો અંધાપાથી પીડાય છે. ભારતમાં દોઢ કરોડ જેટલા લોકો દૃષ્ટિહીન છે. આમાંની મોટાભાગની દૃષ્ટિહીનતા નિવારી શકાય કે પછી તેનો ઉપચાર કરી શકાય એમ છે.

આ દિવસે લોકોમાં આંખોની સંભાળ પ્રત્યે જાગૃતિ આવે, લોકો અંધાપા પ્રત્યે જાગૃત બને અને ચક્ષુદાન કરવા પ્રેરાય તે માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વ્યક્તિના મરણ પછી તુરંત, છ કલાકની અંદર જ જો તેના ચક્ષુ દાનમાં આપવામાં આવે તો કોઈ બે અંધ વ્યક્તિના શરીરમાં આરોપણ કરી બે વ્યક્તિને આંખોની રોશની મળી શકે. મૃત્યુ પછી શરીરની સાથે આંખો પણ માટીમાં દફન થઇ જાય કે પછી અગ્નિમાં સ્વાહા થાય છે. આમ મોંઘામૂલનાં બે રતન નાશ પામે છે. તેને બદલે જો ચક્ષુદાન કરવામાં આવે તો મૃત્યુ પછી પણ બીજી વ્યક્તિના શરીર દ્વારા આપણે આપણી આંખો વડે આ સુંદર દુનિયા નીરખી શકાય. આનાથી વધુ રૂડું શું હોય શકે ???

વિશ્વ બચત દિન

૩૧ ઓક્ટોબરનો દિવસ વિશ્વ કરકસર દિન (વિશ્વ બચત દિન) તરીકે ઉજવવામાં આવે છે. ઓક્ટોબર ૧૯૨૪માં વિશ્વની બચત બેંકોના સંઘનું એક સંમેલન ઈટાલીના મિલાન શહેરમાં યોજાયું હતું. દુનિયાભરમાં લોકો નાની બચતનું મહત્વ સમજે અને બચત કરવા પ્રેરાય તે હેતુથી વરસમાં એક દિવસ નાની બચત દિન તરીકે ઉજવાય એમ આ સંમેલનમાં નક્કી કરવામાં આવ્યું. અને આમ તે દિવસ એટલે કે ૩૧ ઓક્ટોબર ૧૯૨૪થી વિશ્વ નાની બચત દિનની શરૂઆત થઇ.

આ દિવસની ઉજવણીમાં બેંકો તરફથી સારો સહકાર મળી રહે છે. બધી જ બેંકો તેમના ગ્રાહકોને નાની બચત ખાતું ખોલવા પ્રોત્સાહિત કરે છે. મહિલા મંડળો પણ તેમના મંડળના સભ્યોમાં બચતનો ખ્યાલ વધે એ માટે નાની બચત ખાતું ખોલાવે છે. નાના નાના વ્યવસાય જેવા કે, શાકભાજી વેચતાં ફેરિયાઓ, ચાની કીટલી વાળાઓ, પાનના ગલ્લા વાળાઓ, વગેરે લોકો પણ ભલે તેમની આવક ઓછી હોવા છતાં થોડાઘણી બચત કરી તેને બેન્કમાં જમા કરાવે એ માટે તેમને સમજાવવામાં આવે છે. જો આ નાના વ્યવસાયના લોકો બેંક જઈ શકે તેમ ન હોય તો બેંક તેમના એક કર્મચારીને રોજે રોજ આવા ધંધાદારીઓને ત્યાં તેમની એકઠી કરેલ રકમ લેવા મોકલે છે.

મોહમ્મદ યુનુસ નામના બાંગ્લાદેશના એક સામાજિક કાર્યકર અને અર્થશાસ્ત્રીએ તેમના દેશમાં ગ્રામીણ બેન્ક દ્વારા ગરીબ અને મધ્યમવર્ગમાં નાની બચત દ્વારા ક્રાંતિ આણી અને લોકોના જીવનમાં આર્થિક સ્થિરતા અને સુખમય જીવન આણ્યું. તેમના આ ભગીરથ કાર્ય માટે મોહમ્મદ યુનુસ અને બાંગ્લાદેશની ગ્રામીણ બેન્કને ૨૦૦૬નું નોબલ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું. આપણા ગુજરાતમાં ઈલાબેન ભટ્ટ અને તેમની સેવા સંસ્થા (SEWA - Self Employed Women's Association) પણ આવું જ સુંદર કાર્ય કરી રહેલ છે.

નાના ભુલકાઓમાં પણ બચતનો ખ્યાલ વિસ્તરે અને તેઓ પણ બચતનું મહત્વ સમજે એ ખુબ જરૂરી છે. બાળકો પોતાની એક પિગી બેંક (પૈસા ભેગા કરવાનો ગલ્લો) રાખે છે અને પોતાના પોકેટમનીમાંથી કે પછી કોઈ પ્રસંગે કે ઘેર આવેલ મહેમાનોએ આપેલ રોકડ ભેટને આ ગલ્લામાં ભેગી કરે છે.

વહાલા કિશોરમિત્રો, આજની બચત એ કાલની મુશ્કેલીઓનો સામનો કરવા જરૂરી મદદ પુરી પડે છે. આકસ્મિક સંજોગોમાં બચત કરેલ આવી રકમ ખુબ ઉપયોગી થઈ પડે અને કોઈની પાસે હાથ લાંબો કરવો પડતો નથી. તો બાળ મિત્રો, તમે પણ એક ગલ્લો રાખજો અને બચત કરવાની ટેવ પાડજો.

આ મહિનાના ઈસુસંઘી સંત : સંત પેદ્રો કેલગસોંડ

સંત પેદ્રોને નજીકના ભૂતકાળમાં જ સંતોની પંક્તિમાં સામેલ કરવામાં આવ્યા છે. ૨૧ ઓક્ટોબર ૨૦૧૨ના રોજ વડા ધર્મગુરુ પોપ બેનિડિક્ટ દ્વાર તેમને સંત જાહેર કરવામાં આવ્યા. માંડ સત્તર વર્ષની યુવા આયુમાં મૃત્યુને વરેલ સંત પેદ્રો બધા બાળ કિશોરમિત્રો માટે પ્રેરણારૂપ ગણી શકાય. પેદ્રોનો જન્મ ૧૬૪૨માં થયો હશે એમ પ્રાપ્ત પુરાવાથી કહી શકાય અને ૨ એપ્રિલ ૧૬૭૨ના રોજ તેમણે ધર્મને ખાતર શહાદત વહોરી લીધી.

ફિલિપાઈન્સ દેશના સંત પેદ્રોના જન્મ અને બાળપણ વિષે ખાસ કોઈ માહિતી ઉપલબ્ધ નથી. પરંતુ ફિલિપાઈન્સના મહાન મિશનરી સંત ડિએગો વિટોરિસના સાથી તરીકે પેદ્રોએ સેવાઓ આપી હતી. ફિલિપાઈન્સમાં ઈસુસંઘી પુરોહિતો કિશોરોને તાલીમ આપી મિશનરી કાર્ય માટે તૈયાર કરતા. આ રીતે બાળ પેદ્રોએ પણ હોસ્ટેલમાં રહી ઈસુસંઘી પુરોહિતો પાસે તાલીમ લીધી હશે. ત્યાર પછી મારિયાનાસ ટાપુ પર ધર્મશિક્ષક (કેટિકિસ્ટ) અને દેવળમાં સેક્રેસ્ટિયનની સેવાઓ આપી.

ફાધર ડિયેગો અને યુવા પેદ્રોની મહેનતને લીધે ઘણા લોકોએ સ્નાન સંસ્કાર સ્વીકાર્યો. આ સમયે એક ચીની વ્યક્તિ ફાધર ડિયેગોની સામે પડ્યા અને ફાધરને મારી નાખવાનો પેંતરો રચ્યો. આ ચીની વ્યક્તિએ એવી અફવા ફેલાવી કે કેથોલિક પુરોહિતો બાપ્તિસ્મા અને ખ્રિસ્તયજ્ઞ મારફતે ઝેર ફેલાવી રહ્યા છે.

ફાધર ડિયાગો વૃધ્વસ્થાને કારણે બરોબર જોઈ શકતા ન હતા. આથી તેઓ કમરે એક રસ્સી બાંધી રાખતા અને પેદ્રો એ રસ્સી પકડી રાખીને જૈફ પુરોહિત ફાધર ડીએગોને દોરતા. એક નવજાત અને તેની માતાને સ્નાન સંસ્કાર પ્રદાન કર્યા પછી તુરંત ફાધર ડિયાગો અને પેદ્રોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા. જો ઇચ્છતા તો પેદ્રો વૃદ્ધ ફાધર ડીએગોને છોડી પોતાનો જીવ બચાવી શક્યા હોત. પરંતુ તેમ ના કરી તેમણે ધર્મને ખાતર અને પોતાના ગુરુ એવા ફાધર ડિયાગો ખાતર પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા અને શહાદત વહોરી.

ચિંતન પુષ્પ

-: રક્ષક દેવદૂતની પ્રાર્થના :-

ઓ મારા રક્ષક દેવદૂત,
મારા સ્વર્ગીય પિતાથી, હું તને સોંપાયેલ છું,
માટે તું મારુ રક્ષણ કર, અને મને સુપંથે દોર. આમેન.
(આ માસમાં આવતા રક્ષક દેવદૂતોના પર્વને અનુલક્ષીને)

રાજેશ ક્રિશ્ચિયન
કિશોરમિત્ર સંપાદક
(M) ૯૪૨૬૫ ૮૪૦૨૮
email : rajesh.christian@yahoo.co.in

શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતાઓ

✍ **સંકલન**

'કોઈપણ ભોગે સેવા અને નહિ કે કોઈપણ કિમતે સતા'નો સંદેશ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને રાષ્ટ્રપતિપદેથી નિવૃત થતાં ભારતની જનતાને આપ્યો હતો, જેમનો જન્મદિવસ આપણે શિક્ષકદિન તરીકે ઉજવીએ છીએ. આ વર્ષે શિક્ષકદિન, ૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ ટાઉનહોલ-ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામાહિમશ્રી ઓ.પી. કોહલીના હસ્તે રાજ્યના ૩૨ ગુરુજનોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવ્યા.

શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતાઓમાં કેથોલિક સમાજના ત્રણ ગુરુજનોને સન્માન મળ્યું છે. પ્રત્યેકને શાલ, પ્રશસ્તિપત્ર, કાંસ્ય ચંદ્રક, પુસ્તકો અને રૂા. ૫૧,૦૦૦/- અર્પણ કરવામાં આવ્યાં હતાં. રાજ્યનો શિક્ષણક્ષેત્રે આ સન્માનીય પારિતોષિક વિજેતા ગુરુજનોને જિલ્લા-રાજ્યની વિવિધ સમિતિઓમાં નિમણૂક ઉપરાંત એસ.ટી.માં નિઃશુલ્ક સવારી માટે સ્માર્ટ કાર્ડ આપવામાં આવશે. ગુજરાતની ધર્મસભા આનંદ અને ગૌરવ સાથે આપણા સન્માનિત ગુરુજનોને હાર્દિક અભિનંદન પાઠવે છે જે અન્વયે તેમનો પરિચય આપતો સંકલન લેખ રજૂ કરે છે. - તંત્રીશ્રી

(૧)

પરમાર્થી શિક્ષકશ્રી : શ્રી મહેશકુમાર સી. 'સ્પર્શ'

'શિક્ષણનું વ્યાપારીકરણ થયું છે,' એવો આરોપ અનેકના મુખે સાંભળવા મળે છે, જેમાં ઘણા આરોપીમાં ક્યારેક શિક્ષક પણ આવી જાય ખરો ! આ સંજોગોમાં અપવાદરૂપ કેટલાક ગુરુજનો હોય છે જેઓ ગાંઠનું ખરચીને વિદ્યાર્થીગણના ઉત્કર્ષમાં રાતદિવસ કાર્યરત હોય છે. તાજેતરમાં શ્રેષ્ઠ શિક્ષકનો પારિતોષિક મેળવનાર શ્રી મહેશકુમાર સી. 'સ્પર્શ' એવા એક ગુરુજન છે જેમણે પોતાને મળેલાં નાણાંનો ઉપયોગ, પોતાની જ શાળાની જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓ માટે ખર્ચવાની જાહેરાત કરી છે, જે ખરેખર અનુકરણીય ઉદાહરણ છે.

શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવીને તેમણે માતાપિતા-સવિતાબેન તથા ચીમનભાઈ તેમજ ખેડા જિલ્લાનું રાજ્ય સ્તરે ગૌરવ કર્યું છે. તેમનું મૂળ ગામ ડભાલી પણ હાલમાં મહાલક્ષ્મી કન્યાશાળા ઠાસરામાં મુખ્ય શિક્ષક તરીકે સેવા આપે છે. અંદાજે ૧૮ વર્ષના અધ્યયન-અધ્યાપન કાર્યકાળમાં તેમણે શિક્ષણ જગતને કોઈ જુદા જ અંદાજમાં જીવી જાણ્યું છે. સાહિત્ય વાંચન-સર્જન તથા સંગીત તેમના મુખ્ય શોખ રહ્યા છે. ડૉ. કલામના શબ્દોમાં કહીએ તો 'તેઓ એવાં સ્વપ્ન જુએ છે જે સ્વપ્નાં વિચારમાં પરિવર્તન થાય છે અને વિચારો કાર્યમાં પરિણામે છે.'

પોતાના તન, મન અને ધનથી તેઓ પોતાના વ્યવસાયને સમર્પિત ગુરુજન છે, આચાર્ય છે. શાળા ઉપરાંત સ્લમ વિસ્તારનાં બાળકોને તેમના વિસ્તારમાં જઈ શિક્ષણ આપે છે. કેટલાંક જરૂરિયાતમંદ બાળકોને તેમણે દત્તક લીધાં છે, જેમનો ધોરણ -૧૨ સુધીનો ખર્ચ પૂરો કરવાનો સંકલ્પ કર્યો છે. દર મહિનાના પ્રથમ રવિવારે જાહેર સ્થળોએ પુસ્તક પરબનું આયોજન કરે છે અને સમાજને સાત્વિક વાંચન માટે અભિમુખ કરે છે. 'હેપી ગૃપ' દ્વારા શૈક્ષણિક અને સામાજિક સેવા દ્વારા સમાજ ઉત્કર્ષનું ઉમદા કામ પણ તેઓ કરી રહ્યા છે.

જીવનનાં ચાર દાયકાં પૂરાં કરવામાં તો હજુ થોડાં વર્ષ બાકી છે તે પહેલાં તો શિક્ષણ સેવાનાં વર્ષો જેટલાં પુસ્તકો તેમણે આપ્યાં છે.

૨૦૧૧ માં તેમનો સૌ પ્રથમ લઘુકથા સંગ્રહ 'ચુકાદો' પ્રકાશિત થયો. 'સાચકલો મોર' (૨૦૧૨), 'કક્કાની કમાલ વાર્તાની ધમાલ' (૨૦૧૫), બાળવાર્તા સંગ્રહો અને 'દીકરી એટલે ઈશ્વરના આશીર્વાદ' (૨૦૧૫), બાળ નાટિકા, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત કૃતિઓ છે. ત્યાર પછી 'કુપોષણ એ મહાદૂષણ છે' (બાળ નાટિકા) તથા માતૃભાષા શિક્ષણ પૂરક સાહિત્ય તરીકે સ્વીકૃત 'સચિત્ર બાળાવાર્તા શ્રેણી' તેમજ 'ચાંદામામા આવો', 'બહાદુર બાવાજી' અને 'નીંદરપરી' તેમના સચિત્ર બાળવાર્તા સંગ્રહ છે. હજુ ચારેક પુસ્તકો પ્રકાશનની પ્રતીક્ષામાં છે. 'વિદ્યાનો ઉપાસક વિદ્યાર્થી' તથા 'બાળક @ મસ્તી કોમ' જેવાં બાળકલક્ષી સામયિકના તેઓ સંપાદક છે. બાળ સાહિત્ય અકાદમી અને ગુજરાતી લેખક મંડળના તેઓ આજીવન સભ્ય અને સર્વ સાહિત્ય સભા, ઠાસરાના પ્રમુખ છે.

નાની ઉંમરના દાયરામાં, વિપુલ બાળ સાહિત્ય સર્જક 'સ્પર્શ'ને વિવિધ સંસ્થાઓ દ્વારા પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યા છે. 'ધી ઓપન પેજ, અમદાવાદ' સંસ્થાએ ૨૦૧૬-૧૭ના વર્ષ માટે 'શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ' તથા 'માતૃભાષા અભિયાન' અમદાવાદ સંસ્થાએ 'ગુજરાતી ભાષા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ' અર્પણ કર્યા છે. બાળવાર્તા સ્પર્ધામાં દ્વિતીય ક્રમ મેળવવા બદલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી - ગાંધીનગર દ્વારા પુરસ્કાર અને સન્માન મળ્યાં છે. આ ઉપરાંત રાજ્યભરની બાળ સાહિત્યને ઉત્તેજન આપનારી સંસ્થાઓ દ્વારા પુરસ્કાર અને પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા છે. ગુજરાતી વિષયના મોડ્યુલ લેખક તરીકે તેમજ વિવિધ સ્તરે તજજ્ઞ તરીકે તેમની કામગીરી પ્રશંસનીય રહી છે. પોતાના ઉચ્ચત્તમ પ્રયાસથી

કર્મભૂમિ શાળાને પણ અન્ય શાળાઓની સરખામણીમાં ઊંચેરું સ્થાન અપાવ્યું છે. ડાયેટ કઠલાલ તથા ઠાસરા નગરપાલિકા દ્વારા શાળાને 'સ્વચ્છ શાળા પુરસ્કાર'નું સન્માન રળી આપ્યું છે.

આમ વિશેષ પ્રતિભા દ્વારા ગુજરાત રાજ્યમાં શ્રેષ્ઠ શિક્ષકનું બહુમાન મેળવનાર ભાઈ મહેશ, આવનાર વર્ષોમાં રાષ્ટ્રીય સન્માનના અધિકારી બને એ જ અભ્યર્થના.

સંપર્ક : sparsh81mahesh@gmail.com
કિરણભાઈ વી. પરમાર
આચાર્યશ્રી જાખેડ પ્રાથમિક શાળા, જાખેડ.

(૨)

પડકારો ઝીલનારા શિક્ષકશ્રી : હિરેનભાઈ મેકવાન

લોખંડી પુરુષ સરદારના વતન કરમસદમાં જોનભાઈના ઘરે રાહેલબેનની કૂંખે તા. ૨૨મી ડિસેમ્બર ૧૯૭૫ ના રોજ અવતરેલ શ્રી હિરેનભાઈએ પોતાનું પ્રાથમિક શિક્ષણ આર.સી. મિશન શાળા કરમસદ અને આમોદ તથા માધ્યમિક શિક્ષણ સેન્ટ મેરીસ હાઈસ્કૂલ, મરિયમપુરા ખાતેથી પ્રાપ્ત કર્યું. આમ, શરૂઆતથી જ શિસ્ત, નિયમિતતા, ફરજ પાલન, ધાર્મિકતા, આજ્ઞાપાલન અને એવા અનેક ગુણો તેમનામાં વિકસ્યા. મો.ન. અમીન અધ્યાપન મંદિર આણંદ ખાતેથી પી.ટી.સી. પાસ કરી, ખંભોળજ ખાતે આર.સી. મિશન શાળામાં શિક્ષક તરીકે જોડાયા.

ત્યારબાદ તેઓ જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળા, હાડગુડના શિક્ષક તરીકે જોડાયા અને બાદમાં સી.આર.સી. તરીકેની કામગીરી સંભાળી. આ સમય દરમ્યાન તેમણે અંગ્રેજી વિષય સાથે એમ.એ.ની પદવી હાંસલ કરી. સાથે સાથે સંગીત વિશારદ, સીવણ, હિન્દી વિનીત અને ચિત્રકામની પરીક્ષાઓ પણ પાસ કરી.

આ અરસામાં એચ-ટાટ પરીક્ષા પસાર કરીને મુખ્યશિક્ષક તરીકે પસંદગી પામ્યા અને અન્ય વિકસિત શાળાઓની પસંદગી ઉપલબ્ધ હોવા છતાં, પે સેન્ટર હાડગુડની શાળા કે જ્યાં ૨૪ શિક્ષકો અને ૯૦૦ થી વધુ બાળકોની વિશાળ સંખ્યા હોવા છતાં તે શાળાને જ પસંદ કરી મુખ્ય શિક્ષક તરીકેની કામગીરી શરૂ કરી.

શાળામાં અપૂરતી સગવડો, ટાંચા સાધનો, સુવિધા વિનાના અપૂરતા વર્ગખંડો, સેનિટેશન અને પાણીની નહીવત્ વ્યવસ્થા તથા ગંદકી અને ઘોંઘાટભર્યા વાતાવરણમાં પણ વિષયલક્ષી અને મૂલ્યલક્ષી શિક્ષણ આપવાની ફરજો સુપેરે અદા કરતા હતા તે સંનિષ્ઠ અને કર્મનિષ્ઠ શિક્ષકોનો સહયોગ તેમને પ્રાપ્ત થયો.

વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યાના પ્રમાણમાં પૂરતા અને સુવિધાયુક્ત વર્ગખંડો ઉપલબ્ધ હોય તો જ શૈક્ષણિક કાર્યમાં સરળતા રહે. તેથી સૌ પ્રથમ કાર્ય સરકારશ્રીની વિવિધ યોજનામાંથી વર્ગખંડો બાંધવાનું કર્યું. કમ્પાઉન્ડ વોલ બનાવી શાળાને સુરક્ષિત કરી ને તેમાં ત્રણ નાના નાના બગીચા બનાવ્યા. વૃક્ષો વાવી તેનું જતન કર્યું. પરિણામે પચીસથી વધુ વૃક્ષો, બસોથી વધુ છોડ અને કુંડામાં ઉગાડેલ અસંખ્ય રોપને કારણે શાળાનું વાતાવરણ સુંદર અને રળિયામણું દીસી રહ્યું.

આ ઉપરાંત ઉદાર દાતાઓનો સહયોગ મેળવી પાણી માટે બોર, પીવાના પાણી માટે આર.ઓ. સિસ્ટમથી સજ્જ વોટરકૂલરની વ્યવસ્થા કરી. કુમારો અને કન્યાઓ માટે અલગ અલગ સેનીટેશન બનાવ્યાં. મધ્યાહ્ન ભોજન માટે પૂરતી વ્યવસ્થાયુક્ત શેડ બનાવ્યો ને હાથ પગ ધોવા માટે તથા થાળી, વાટકા ધોવા માટે અલાયદી વ્યવસ્થા ઊભી કરી.

બાળકો વર્ગશિક્ષણની સાથે સાથે ઈતરવાંચનથી જ્ઞાન પ્રાપ્ત કરે તે માટે બે હજારથી વધુ પુસ્તકો તથા દૈનિક સમાચારપત્રો સાથેનું પુસ્તકાલય શરૂ કર્યું. ટેક્નોલોજીના આ યુગમાં બાળકો વંચિત ના રહી જાય તે માટે અગિયાર કોમ્પ્યૂટર સાથેની લેબ બનાવી. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત અદ્યતન સુવિધાયુક્ત સ્માર્ટ ક્લાસ બનાવ્યા.

બાળકોના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી. વિદ્યાર્થીઓની તમામ પ્રવૃત્તિઓથી વાલીઓ વાકેફ રહે તે માટે વિદ્યાર્થીકાર્ડ શરૂ કર્યા. દર માસે કસોટીઓ લેવાનું ચાલુ કર્યું. શાળાના સ્થાપનાદિનના ૧૨૧ અને ૧૨૩ વર્ષોની શાનદાર ઉજવણી કરી. તેમાંયે સવાશતાબ્દી વર્ષની તો ભવ્યાતિભવ્ય રંગારંગ ઉજવણી કરી ખાસ સ્મરણિકા 'વિકાસનાં વાવેતર' પ્રકાશિત કરી. વિદ્યાર્થીઓ તમામ ધર્મોથી માહિતગાર થાય તે માટે નવરાત્રી, નાતાલ, જન્માષ્ટમી, રક્ષાબંધન, ઉત્તરાયણ, ઈદ જેવા તહેવારો ઉજવવાનું ચાલુ કર્યું. બાળકોના શારીરિક વિકાસ માટે કસરત અને યોગ-ધ્યાન જેવી પ્રવૃત્તિઓની સાથે રમતોત્સવ પણ યોજવામાં આવ્યાં અને આ શાળાનાં બાળકોએ અનેક રમતોમાં ઉચ્ચ કક્ષા સુધી પહોંચી, વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું. વિજ્ઞાનમેળા યોજવામાં આવ્યા ને આ શાળાનાં બાળકો છેક રાજ્ય કક્ષા સુધી ઝળક્યાં.

વિવિધ સ્થળોના શૈક્ષણિક પ્રવાસો ગોઠવ્યા ને રાજભવનમાં રાજ્યપાલની મુલાકાત પણ બાળકોને કરાવી. ઈકો ક્લબની સ્થાપના કરી ને જનજાગૃતિ માટે રેલીઓ પણ યોજી. ગાંધીઆશ્રમ અમદાવાદના સહયોગથી મહાત્મા ગાંધીની જીવનઝાંખી રજૂ કરતું ત્રિદિવસીય પ્રદર્શન યોજ્યું. આણંદ જિલ્લા સુરક્ષા સેતુના સહયોગથી છેલ્લાં ત્રણ વર્ષથી કન્યાઓ માટે સ્વ રક્ષણની તાલીમ માટે કરાટેના પ્રશિક્ષણ વર્ગો યોજવામાં આવ્યા. વિવિધ હરિફાઈઓ, બાળમેળો, શિક્ષકદિનની ઉજવણી અને અનેક સંસ્થાઓની મુલાકાતનું આયોજન કરી બાળકોના જ્ઞાનમાં વધારો કરી તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવાનો સરસ પ્રયત્ન કર્યો.

ગ્રામજનો અને અન્ય ઉદાર દાતાઓના દાનની પહેલ સરવાણી તથા સરકારશ્રીની અનેક યોજનાનો યોગ્ય લાભ ઉઠાવી, વિશિષ્ટ પ્રવૃત્તિઓ અને નવતર અભિગમને પ્રતાપે આ શાળામાં ખાનગી

શાળાઓને પણ ટક્કર મારે તેવી સુવિધાઓ અને વાતાવરણ પેદા કરવામાં સફળતા મળી. પરિણામે સમગ્ર વિસ્તારમાં આ શાળાની એક રચનાત્મક છાપ ઊભી થઈ. મોંઘી ફી ભરીને ખાનગી શાળાઓમાં બાળકોને ભણાવવા કરતાં તેનાથી ઉત્તમ સુવિધાઓ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ વિના મૂલ્યે આ સરકારી શાળામાં ઉપલબ્ધ થયેલ હોવાથી બાળકોને ખાનગી શાળાઓને બદલે આ શાળામાં જ દાખલ કરવાનું વલણ વાલીઓમાં પેદા થયું. અરે ! છેલ્લાં બે ત્રણ વર્ષોમાં તો ખાનગી શાળામાંથી પણ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ આ શાળામાં આવ્યા. ગુણોત્સવમાં પણ આ શાળાએ છેલ્લાં છ વર્ષથી 'એ' ગ્રેડ પ્રાપ્ત કર્યો. આમ, આ શાળાની ખ્યાતિ ચોમેર ફેલાવા માંડી, પરિણામે 'અભિયાન' જેવાં પ્રતિષ્ઠિત અને જાણીતા સામાયિકે આ શાળાની પ્રગતિ વિશે કવર સ્ટોરી પ્રકાશિત કરી.

શૈક્ષણિક કામગીરીની સાથોસાથ હિરેનભાઈ એક સારા ગીતકાર અને સંગીતકાર પણ છે. હાલ, ચાવડાપુરા ચર્ચના કવાયરમાં સંગીતની સેવાઓ આપે છે. પોતે લખેલ ગીતોને જાતે જ સ્વરબદ્ધ કરી 'પ્યારા ઈસુ,' 'નાચે છે દિલ', 'નિત્ય સહાયક માતા' જેવી કેટલીક કેસેટો પણ બહાર પાડી છે. વાંચન-લેખનનો શોખ ધરાવનાર હિરેનભાઈએ પ્રાર્થના, ભજન અને બાળગીતોનો સંગ્રહ 'બાળકિલ્લોલ', રમતોનું સંકલન 'બાળકલરવ', તહેવારોનું સંકલન 'ઉત્સવ' , પ્રાર્થના-ધૂનોનું સંકલન 'ગીતગુંજન' અને 'પ્રેરણાપથ' જેવા પુસ્તકો રચ્યાં છે. આ ઉપરાંત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના માસિક 'આનંદ'ના તંત્રીમંડળમાં પણ સેવાઓ આપી છે. બી.આર.સી. ભવનના માસિક 'સમય'ના તંત્રી પણ રહી ચૂકેલ છે. શાળાની તમામ પ્રવૃત્તિઓની માહિતી દર્શાવતું મુખપત્ર ઈ-મેગેઝીન 'ઉજાસ' દરમાસે નિયમિત પ્રગટ થાય છે. અગાઉ 'નેશન બિલ્ડર'નો એવોર્ડ મેળવનાર હિરેનભાઈને ચાલુ વર્ષે નિવેદિતા ફાઉન્ડેશન તરફથી શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પણ મળેલ છે.

પોતાને મળેલ રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકનું આ પારિતોષિક શાળા, બાળકો, ગ્રામજનો, અધિકારીઓ, પદાધિકારીઓ, પરિવારજનો-તેમાંયે પોતાનાં પત્ની બીનલબેનને આભારી છે તેમ જણાવી આંખોમાં એક ચમક લાવી આ માટેનો મુખ્ય શ્રેય તો સાથી શિક્ષક મિત્રોને આપી તે જણાવે છે કે, 'મોર પીંછે રળિયામણો' લાગે છે એ જ રીતે સાથી શિક્ષકોના સહયોગ થકી જ આ મુકામે પોતે પહોંચી શક્યા છે. વધુમાં ઉમેરે છે કે, 'મેં તો ખાલી આયોજન કર્યું પણ તેનું સુચારું અને વ્યવસ્થિત અમલીકરણ તો મારા સાથી શિક્ષકોએ કરેલ છે. પ્રભુ પરની અડગ શ્રદ્ધા અને સાથી શિક્ષકો પર મૂકેલ વિશ્વાસનું આ પારિતોષિક છે.' સાચે જ શિક્ષકની નિષ્ઠા એ જ શાળાની પ્રતિષ્ઠા. હિરેનભાઈને તેમની આ સિદ્ધિ માટે અભિનંદન સાથે ઉજ્જવળ ભાવિ માટે હાર્દિક શુભેચ્છાઓ.

સંપર્ક : crchadgud@gmail.com

- રાજેશ ચૌહાણ

(૩)

બહુમુખી પ્રતિભાશાળી શિક્ષક : શ્રી શૈલેષ રાઠોડ

''શિક્ષણ કાર્ય ત્યારે જ દીપી ઊઠે જ્યારે શિક્ષકના હૃદયમાં સમાનતા, પ્રેમ, નમ્રતા અને શાળા પ્રત્યે વફાદારી હોય. પાઠ્યપુસ્તક પથદર્શક છે, પરંતુ તેને આધારે આપવામાં આવતી સર્વાંગી કેળવણી સાચું શિક્ષણ છે. ચોક, ડસ્ટર ટકાવારી માટે જરૂરી છે, તો પ્રવૃત્તિઓ સામાજિક ઘડતર માટે જરૂરી છે.'' ઉપરોક્ત વિચારો ગુજરાત રાજ્ય સરકારના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પ્રસંગે શૈલેષ રાઠોડે ઉચ્ચાર્યા હતા.

શ્રી શૈલેષ રાઠોડની જન્મભૂમિ ઉમરેઠ પરંતુ કર્મભૂમિ ભાલ પંથકનું ખંભાત. અભ્યાસે તેઓશ્રી ઈલેક્ટ્રીકલ એન્જિનિયર, પરંતુ વ્યવસાયે નખશિખ શિક્ષક. આ શિક્ષકનાં લક્ષણો માતા-પિતા શિક્ષક હોવાને નાતે ગળથૂથીમાં જ પ્રાપ્ત થયેલાં. સાથોસાથ તેઓશ્રી લેખક, ફ્રિલાન્સ પત્રકાર, કર્મશીલ અને સામાજિક કાર્યકર તરીકેની એક આગવી ઓળખના માલિક. આવા બહુમુખી પ્રતિભાશાળી શિક્ષક શ્રી શૈલેષ રાઠોડને સાહિત્ય જગત 'અભિધેય'ના હુલામણા નામથી સંબોધે છે.

ગુજરાતી સાહિત્યમાં ૧૭ જેટલાં પુસ્તકોનું પ્રદાન, પાઠ્યપુસ્તક રચનામાં મહત્ત્વનું યોગદાન, ઈનોવેશન પોગ્રામ, તારુણ્ય શિક્ષણ, સ્વૈચ્છિક સંગઠનના કાર્યક્રમો, ગ્રામ્ય કક્ષાના સામાજિક પ્રશ્નો, સાયન્સ પ્રોજેક્ટ, નાટકો, નિબંધો, કાવ્ય, ગઝલ, લેખનમાં તેમના વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ દેખાવો, કન્યા શિક્ષણ, મફત શિક્ષણ ફંડ, કોમ્પ્યૂટરની સુવિધા, શાળા-સંસ્થાના પ્રશ્નોને લેખ દ્વારા દાનમાં રૂપાંતરણ, ખંભાતની ૬ શાળામાં સૌ પ્રથમ કોમ્પ્યૂટર શિક્ષણની સુવિધા, મોરજ શાળા માટે 'અમારું સ્વપ્ન' પુસ્તક અંતર્ગત દાનની સરવાણી, શાળા દત્તક લેવી, ઓમેગા સંસ્થા અંતર્ગત ૧૨૨ કોમ્પ્યૂટર સેન્ટરનું આયોજન જનહિત દિવ્યાંગ શાળાનું નિર્માણ, સ્કૂલ બસની વ્યવસ્થા, પીપલ્સ ટ્રેનિંગ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અંતર્ગત અકીકના વ્યવસાયમાં સિલિકોસિસ નામની જીવલેણ બીમારીમાં લડત અપાવી ૧૫૩ મૃતક કારીગરોના પરિવારોને ૩ લાખની સરકારી સહાયની ઉપલબ્ધિ, ઈન્સ્પાયર પ્રોજેક્ટ અંતર્ગત ૧૨ લાખની ગ્રાન્ટ મેળવી ધો. ૧૨ સાયન્સના ૨૦૦ વિદ્યાર્થીઓને તાલીમ, ડોક્યુમેન્ટરી ફિલ્મ 'ધ હાર્ટ ઓફ ડાર્કનેસ' રાજ્ય અને રાષ્ટ્રીય લેવલે પ્રસારિત... આવી અઢળક કામગીરીને ધ્યાને લઈ સને ૨૦૧૮ નો ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત થતાં સમગ્ર સમાજ આનંદની લાગણી અનુભવે છે.

તેઓ ખંભાતની શ્રી માધવલાલ શાહ હાઈસ્કૂલમાં ૨૬ વર્ષથી ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સંનિષ્ઠ શિક્ષક તરીકેની સેવાઓ બજાવી રહ્યા છો. આ ઉપરાંત નવી દિલ્હી નહેરુ યુવા કેન્દ્ર દ્વારા 'શ્રેષ્ઠ યુવા કાર્યકર'નો પારિતોષિક, ભારત સરકારના વિજ્ઞાન વિભાગ દ્વારા 'હાઈ ટેક ટાઉન કૃતિને' ઉત્તમ કૃતિ તરીકે સન્માન, કેથોલિક સમાજ દ્વારા 'સ્વ. ઉરૈયા પત્રકારત્વ પારિતોષિક' એનાયત, કાલુપુર કમર્શિયલ બેન્ક દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ, બધિર વિદ્યાલય દ્વારા 'યુવા ગૌરવ' પુરસ્કાર એનાયત થયેલા છે.

રાજ્ય અને કેન્દ્ર સરકારના NCERT, COBSE, INSPIRE, STEP, SKILL INDIAN, CNRT, GSEB, DIET સહિતની સંસ્થાઓના કાર્યક્રમનું સંચાલન, આયોજન અને પ્રચાર-પ્રસારનું કામ કરે છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, SKILL INDIA અંતર્ગત તાલીમો, COBSE ના તારુણ્ય પ્રોજેક્ટનું સંચાલન, INSPIRE અંતર્ગત વિદ્યાર્થીઓને તાલીમો અને વૈજ્ઞાનિકો સાથે મુલાકાત - વ્યાખ્યાન, વ્યવસાયલક્ષી તાલીમ કાર્યક્રમ, ખેડૂત શિબિરનું સંચાલન તેમજ પ્રચાર-પ્રસારનું કાર્ય પણ સંભાળે છે.

ખંભાત જેવા છેવાડાના ઉપેક્ષિત વિસ્તારમાં છેલ્લાં ૨૪ વર્ષથી કાર્યરત રહી, આ વિસ્તારમાં ચેકડેમ નિર્માણ લડત અને સિલિકોસીસની બીમારીમાં સહાયની મહત્ત્વની ભૂમિકા ભજવી. ૭૮ ખેતતલાવડી, ૩ ચેકડેમ, ૭ સામુહિક આરોગ્ય કેન્દ્રો, કોઝ વે તેમજ રસ્તાઓ નિર્માણ પામ્યાં છે.

તેઓશ્રી દ્વારા નિર્મિત ૩૧ વિજ્ઞાન પ્રોજેક્ટ, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ પ્રસિદ્ધિ પામ્યાં છે. તેઓશ્રીના ૧૬ નાટકો પ્રદેશ રાજ્ય કક્ષાએ પ્રસિદ્ધ થયાં છે. દર વર્ષે તેઓશ્રી લિખિત વિજ્ઞાન નાટિકાઓ રાષ્ટ્રીય રોલ પ્લે સ્પર્ધામાં પ્રદર્શિત થાય છે. તેઓશ્રી દ્વારા તૈયાર કરાયેલ નિબંધ, વકતૃત્વ, કાવ્ય-ગઝલ, લેખન-પોસ્ટર સ્પર્ધામાં દર વર્ષે રાજ્ય કક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. રાષ્ટ્રીય કક્ષાએ, બે વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજયી બનેલ છે.

નિયમિત ગ્રામ્ય વિસ્તારની મુલાકાતથી ૨૩૮ દીકરીઓ શાળામાં શિક્ષણ મેળવે છે. શાળામાં શિક્ષણ સહાયક મંડળ બનાવી પ્રવૃત્તિ દ્વારા દર વર્ષે ૮૦ થી વધુ વિદ્યાર્થીઓને ફી, યુનિફોર્મ, નોટબૂક સહિતની સુવિધા આપવામાં આવે છે. માતાપિતા વિનાનાં બાળકો માટે મફત શિક્ષણ અને સુવિધા માટે ફંડ ઊભું કર્યું છે.

શાળામાં શુદ્ધ આર.ઓ. પ્લાન્ટની વ્યવસ્થા, આયુર્વેદિક ઉપવન, બ્લોક, કોમ્પ્યૂટર સેન્ટર, આઈ.ટી. ક્લાસ સહિતની સુવિધાઓ ઊભી કરી પ્રાઈવેટ શાળાઓને શરમાવે તેનુ આહ્લાદક વાતાવરણ ઊભું કર્યું છે. છેલ્લાં ૫ વર્ષમાં ૩૧૧ વિદ્યાર્થીઓ ખાનગી શાળા છોડી શ્રી માધવલાલ શાહ હાઈસ્કૂલમાં અભ્યાસ કરે છે. શાળાના શિક્ષકો પણ પોતાનાં બાળકોને આજ શાળામાં શિક્ષણ અપાવે છે. શાળાના ઉત્તમ શિક્ષણને કારણે રાજ્યની બોર્ડની પરીક્ષામાં ત્રણ વિદ્યાર્થિનીઓ ટોપ ટેનમાં વિજયી બની છે. તેઓશ્રીએ શાળા વિકાસના લેખો લખી દેશ-વિદેશમાંથી દાન એકઠું કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

ગુજરાતમાં સૌથી વધુ ડ્રોપ આઉટ રેશિયો અને સ્ત્રી જન્મદરનું પ્રમાણ અંગે ચિંતા કરી લોકજાગૃતિના કાર્યક્રમો યોજી રાજ્યના અખબારોમાં પ્રકાશિત કરેલ, જેના ભાગરૂપે તત્કાલિન જિલ્લા કલેક્ટરશ્રીએ એક્શન પ્લાન તૈયાર કરાવેલ; જેના પગલે પંથકમાં ૭ સરકારી શાળા, બહેનો માટે બે હોસ્ટેલ અને નિવાસી શાળાનું નિર્માણ શક્ય બન્યું.

આજીવન શિક્ષક તરીકે શિક્ષણ સેવાયજ્ઞમાં સમર્પિત માતાપિતા કરુણાબેન તથા સ્વ. શ્રી સેમ્યુલભાઈ રાઠોડના શિક્ષણસેવાના સંસ્કારને ગૌરવ અપાવનાર શૈલેષભાઈને હાર્દિક અભિનંદન.

સંપર્ક : shaileshrathod.sr@gmail.com

- સંજય વાઘેલા

ઈઝરાયેલ પુણ્યભુમિની યાત્રા

KEEYA TOURS & TRAVELS

પ્રવાસના દિવસો **13** NOV - 2018

TraveliciousTrip

વિશેષ આહલાદાયક પ્રવાસ જે અમારો ધ્યેય છે...

અમદાવાદ એરપોર્ટથી **ETIHAD** એરલાઈન્સથી પ્રવાસની શરૂઆત....

અમદાવાદ - જોર્ડન - ઈઝરાયેલ - પેલેસ્ટાઈન ઈજીપ્ત - દુબઈ - અમદાવાદ

પ્રભુ ઈસુના જન્મ અને પુનરૂત્થાન સુધીના પવિત્ર ખાઈબલને અનુસરી વિવિધ પાવન સ્થળોનાં દર્શન

પવિત્ર ભુમિની યાત્રા બાદ વિશેષ આકર્ષણ દુબઈમાં...
અંડર વોટર ઝૂ એન્ડ એકવેરિયમ - ડેઝર્ટ સફારી - ગોલ્ડ શોપીંગ

જૂજ સીટ બાકી... આજે જ બુકીંગ કંન્ફર્મ કરાવો.

બુકીંગ માટે

રેવ. ફા અનિલ પરમાર એસ.જે. ગામડી, આણંદ મો. ૭૯૯૦૧ ૮૧૧૩૯

રેવ. ફા. પીયુષ પરમાર એસ.જે. નડીયાદ મો. ૯૮૭૯૧ ૨૬૬૪૪

વિપુલ મેકવાન - આણંદ. મો. ૯૦૯૯૬ ૪૪૯૦૦

સેલ... સેલ... સેલ...

કૃપા સ્ટીલ એન્ડ વુડન ફર્નિચરનો મેગા સેલ

અમારે ત્યાં સ્ટીલ તીજોરી, સ્ટીલ સ્ટોરવેલ, વુડન વોર્ડરોબ, બોક્સ પલંગ, દિવાન પલંગ, પાટ, મેટ્રેસીસ, સોફાસેટ, ટીપોઈ, ડાઈનીંગ ટેબલ, ડ્રેસીંગ ટેબલ, રીવોલ્વીંગ ચેર, તમામ પ્રકારના હીચકા, ઝૂલા તેમજ ઘર તથા ઓફિસનું તથા સ્કૂલનું તમામ ફર્નિચર મળશે.

કોલીન (સામરખાવાળા)

મો. ૯૮૨૪૬ ૧૭૮૫૪

મો. ૯૦૩૩૪ ૨૫૨૫૬

: સ્થળ :

અમૂલડેરી રોડ, રેલવે ફાટક પાસેના ગ્રાઉન્ડમાં, આણંદ

સંયુક્ત રાષ્ટ્ર સંગઠન-(યુનો)

✍ ડૉ. રોમાન ભાટિયા

સંયુક્ત રાષ્ટ્ર સંગઠન - યુનો વિશ્વનું સૌથી વિશાળ, સૌથી વધુ જાણીતું, આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિત્વ કરતું આંતર સરકારી સંગઠન છે. જેનો પ્રમુખ હેતુ આંતરરાષ્ટ્રીય શાંતિ-સહકાર તથા વ્યવસ્થાને સ્થાપવાનો તથા તેનું જતન - સંવર્ધન કરવાનો છે.

બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વના નેતાઓએ અમેરિકાના સાનફ્રાંન્સિસ્કો ખાતે યુનો ચાર્ટર તૈયાર કર્યું. જેની પર ૨૬ જૂન ૧૯૪૫ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા અને ૨૪મી ઑક્ટોબર ૧૯૪૫ના રોજ સંયુક્ત રાષ્ટ્ર સંગઠનનો શુભારંભ કરવામાં આવ્યો. યુનોના મુખ્ય ઉદ્દેશો-આંતરરાષ્ટ્રીય શાંતિની સ્થાપના તથા તેને મજબૂત કરવી, વિશ્વના દેશોનો ખાસ કરીને ગરીબ દેશોના સામાજિક અને આર્થિક વિકાસને ઉત્તેજન આપવું - વૈશ્વિક પર્યાવરણનો બચાવ કરવો - દુષ્કાળ, કુદરતી આપત્તિ, શસ્ત્ર સંઘર્ષની સ્થિતિમાં માનવીય મદદ પહોંચાડવી છે. પ્રારંભમાં યુનો સાથે ૫૧ દેશો જોડાયેલા હતા. હાલ તેની સભ્ય સંખ્યા ૧૯૩ છે. યુનોનું હેડક્વાર્ટર મેનહટ્ટન-ન્યુયોર્કસીટી-અમેરિકા ખાતે છે. તદુપરાંત જીનીવા-સ્વિટ્ઝરલેન્ડ, વિયેના-ઓસ્ટ્રીયા તથા નૈરોબી - કેન્યા ખાતે તેની ઓફિસ આવેલી છે.

યુનોના છ મુખ્ય સંગઠનો છે.

(૧) જનરલ એસેમ્બલી

(૨) સેક્યુરીટી કાઉન્સિલ

(૩) ઈકોનોમિક્સ અને સોશ્યલ કાઉન્સિલ

(૪) ટ્રસ્ટીશીપ કાઉન્સિલ

(૫) ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીશ

(૬) સેક્રેટેરીયલ

આ ઉપરાંત યુએન પદ્ધતિમાં વર્લ્ડ બેંક, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, વર્લ્ડ ફુડ ઓર્ગેનાઈઝેશન, યુનેસ્કો - જે શિક્ષણ સાથે કાર્યરત છે અને યુનિસેફ બાળકલ્યાણની પ્રવૃત્તિઓ હાથ ધરે છે - નો સમાવેશ કરવામાં આવે છે.

યુનોની કામગીરીની સફળતા તથા નિષ્ફળતા વિચારીએ તો ૧૯૪૭ ઈઝરાયેલને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપવામાં આવી તેમાં યુનોની કામગીરી મુખ્ય અને સરાહનીય બની હતી.

યુનોની સફળતા

૧. યુનોના સતત પ્રયાસોના કારણે વિશ્વમાં ત્રીજું વિશ્વ યુદ્ધ શરૂ થયું નથી. ૧૯૪૫ પછી પીસ કિપીંગ કોર્સ - શાંતિ સંરક્ષણ દળોના કારણે દુનિયાના દેશોમાં થતા રાજકીય સંઘર્ષમાં મૃત્યુ પામનારાની સંખ્યા સતત ઘટી રહી છે.

૨. લેબનોન અને સર્બિયાના નેતાઓ સાથે આંતરરાષ્ટ્રીય ટ્રીબ્યુનલમાં કેસ ચલાવવામાં આવ્યો હતો અને યુદ્ધના ગુનાસર સજા ફટકારવામાં આવી હતી.

૩. દુષ્કાળનો અંત - આજની વૈશ્વિક વ્યવસ્થા અસમાનતાથી ભરેલી છે. ભુખમરાને કારણે અનેક લોકો મૃત્યુ પામે છે. ૨૦મી સદીમાં લગભગ ૭૦ મીલીયન લોકો ભૂખમરાનો ભોગ બન્યા હતા. પરંતુ ૨૧મી સદીમાં યુનોના ફૂડ પ્રોગ્રામ તથા કૃષિમદદના કારણે મૃત્યુની સંખ્યા સતત ઘટવા પામી છે.

૪. યુનોના પ્રયત્નોથી દક્ષિણ આફ્રિકા, કાઝીકસ્તાન, જેવા દેશોએ તેમનો પરમાણુ કાર્યક્રમ પડતો મૂક્યો છે. તથા અનેક દેશો પરમાણુ પરીક્ષણ, સંશોધન સ્થગિત કરવાની બાંહેધરી આપી છે. તદુપરાંત યુનોની એટોમિક એનર્જી એજન્સી દ્વારા અણુબોમ્બ અંગેના સંશોધન અંગે ચકાસણી કરવાની મંજૂરી આપવામાં આવે છે.

૫. યુનેસ્કો દ્વારા એક હજાર કરતાં વધુ વૈશ્વિક ઈમારતોને હેરીટેજ સાઈટ-આંતરરાષ્ટ્રીય ધરોહર - જાહેર કરવામાં આવી છે. તેના કારણે ઈમારતોની ભવ્યતાની જાળવણી કરવામાં ઘણી મદદ મળી રહે છે. જે તે દેશોમાં પ્રવાસ ઉદ્યોગ ખીલી રહ્યા છે અને રાષ્ટ્રની આવકનું સાધન પણ બન્યો છે.

યુનોની નિષ્ફળતા

૧. યુનોના શાંતિદળો સામે જે દેશની રક્ષા કરવાની જવાબદારી તેમને સોંપવામાં આવી હોય તે દેશની મહિલાઓ તથા બાળકોના જાતીય શોષણ અંગે વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. કંબોડિયા, બોસ્નિયા, હૈતી, કોંગો જેવા દેશોની કામગીરી ટીકાપાત્ર બની છે.

૨. આફ્રિકાના હૈતીમાં વર્ષ ૨૦૧૦ના ભૂકંપ પછી કોલેરા ફાટી નીકળ્યો હતો. જેમાં ૭ લાખ લોકો કોલેરાનો ભોગ બન્યા હતા અને ૮૦૦૦ મૃત્યુ પામ્યા હતા. જે માટે નેપાળથી આવેલા શાંતિદળો જવાબદાર હોવાનું આપવામાં આવે છે.

૩. ખનીજ તેલના વેચાણ સંદર્ભે યુનો દ્વારા થયેલી કામગીરી ખૂબ ટીકાપાત્ર બની હતી. ખૂબ ભ્રષ્ટાચાર થયો હતો. જેને યુનોના આર્થિક ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ માનવામાં આવે છે.

૪. ૧૯૯૫ની સાલમાં સર્બિયાના સૈનિકો દ્વારા બોસ્નિયામાં ૮૦૦૦ કરતાં વધુ મુસ્લિમોની કત્લેઆમ કરવામાં આવી હતી. જેને યુનોની સૌથી મોટી નિષ્ફળતા ગણવામાં આવે છે.

૫. ૧૯૯૪માં રવાન્ડામાં શાંતિ દળોની હાજરીમાં તુત્સી નામની લઘુમતીના દસ લાખ લોકોની હત્યા કરવામાં આવી હતી. જેનાથી વિશ્વમાં હાહાકાર મચી ગયો હતો અને યુનોની કામગીરી પર દુનિયાનો લોકોએ પ્રહારો કર્યા હતા.

આમ છતાં આજે ઓક્ટોબર-૨૦૧૮માં સંયુક્ત રાષ્ટ્ર સંગઠન - યુનો ૭૦ વર્ષમાં પ્રવેશી રહ્યું છે. અમેરિકા ખાતે ૧૫મી સપ્ટેમ્બરથી જનરલ એસેમ્બલીની શરૂઆત થઈ ચૂકી છે.

છેલ્લાં સાત દાયકા દરમ્યાન યુનોની કામગીરીએ વિશ્વને નવી આશા આપી છે. મીલીનીયમ ડેવલેપમેન્ટ ગોલ્સ દ્વારા વૈશ્વિક સમાજ દિનપ્રતિદિન વધુને વધુ સુખી બને તે માટે પ્રયત્નો કર્યા છે. અમેરિકા અને રશિયા વચ્ચેના શીતયુદ્ધ દરમ્યાન તથા હાલની અમેરિકા-ઉત્તર કોરીયા વચ્ચેના તણાવને હળવો કરવાની મથામણ ચાલી રહી છે. યુનોના સેક્રેટરી પદે હાલ પોર્ટુગલના અંતોનિયો ગુતાહેશ બીરાજે છે. ભૂતપૂર્વ સેક્રેટરી કોફી આન્નાનને તેમની યશસ્વી કામગીરી માટે નોબલ શાંતિ પારિતોષિક મળ્યું હતું.

યુનોની યશકલગીમાં સરાહનીય ઘટના એ છે કે ૨૦૦૧માં સંયુક્ત રાષ્ટ્ર સંગઠનને તેની વૈશ્વિક ભૂમિકા અને યોગદાન માટે નોબલ પ્રાઈઝથી નવાજવામાં આવેલ હતું.●

બારમી સ્મરણાંજલિ

સ્વ. કલ્પના દિનેશ પાટીલ

જન્મ: ૦૮-૧૦-૧૯૬૬

અવસાન: ૦૨-૧૦-૨૦૦૬

"કલ્પના"...

તારી યાદોની ભરમાણ ચાલી...
જાણે અષાઢની ઝરઝરણી આવી...
ઊભરાયું મનનું રીપ-કુંજ કેરું દિલમાં...
છલકાઈ ગયા આંખોના ખૂણે ખૂણા...
તું હતી - ન - હતી થઈ મારી કલ્પનામાં...
તારી યાદની ખૂબ વણઝાર ચાલી...
જોયાં હતાં સ્વપ્નો તારી સાથનાં...
પણ! નિષ્ફળ રહ્યો તારા સંગાથમાં...
વૈરાગી બની "દિનુ" કલ્પાંત કરે... કે...!
ક્યારે! પુનરુત્થાને ફરી સાથે મળીશું?

- દિનેશ પાટીલ "રીકુંજ."

પ્રભુપ્રિતા તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે...
એજ પ્રભુપિતાને સહૃદયી અભ્યર્થના...

ફર્મ:
"રીકુંજ" ટ્યુશન ક્લાસીસ
"રીકુંજ" ઈન્શ્યુરન્સ કન્સલટન્સી

લિ. તારાં જ રીપલ
Kunjal (Canada), દિનેશ વાય. પાટીલ
તથા જેકબ પટેલિયા પરિવાર

બી-૧૫, ચૈતન્ય પાર્ક,
આણંદ-બોરસદ રોડ,
મુ.પો. જિંટોડિયા, આણંદ
મો. ૯૮૭૯૯ ૮૬૫૦૩
૮૪૮૮૯ ૬૩૪૩૭

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. આલોઈસ ફ્રાન્સિસ મેકવાન

જન્મ : ૨૯-૦૩-૫૪

અવસાન : ૧૦-૧૦-૨૦૧૩

વ્હાલા પપ્પા,

સમાજના દરેક પ્રસંગ ને વ્યવહારોમાં જેઓ સદાય પરિવારના પથદર્શક રહ્યા છે. જેઓએ અમોને આપેલું સરળ-સહજ જીવન, ઉચ્ચ વિચાર, ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્ય, પ્રામાણિક વ્યવહાર અને નિષ્કપટ વાણીના વારસાને અમો સદાય આત્મસાત કરીએ છીએ. પરિવાર જેનો શ્વાસ હતો, પરિશ્રમ જેનું જીવન હતું, પુરુષાર્થ જેમનું કર્તવ્ય હતું, નિઃસ્વાર્થપણું જેની વૃત્તિ હતી, તેવા અમારા માર્ગદર્શક અને પ્રેરણામૂર્તિ પિતા, જેના દરેક વિચારમાં દાન-ધર્મનું ઝરણું વહેતું હતું. તેમને આ પાંચમી શ્રદ્ધાંજલિ અર્પતા અમો તમારા ચીંધ્યા માર્ગે ચાલતા પ્રયત્નશીલ છીએ.

તમારી જુદાઈ, જિંદગી જીવતા શીખવી ગઈ, પણ આપની અનુપસ્થિતિમાં કેમ જીવવું ? એ જ ના શીખી શક્યા અમે.

અંતે જો મૃત્યુ માણવાં જેવું હોય તો ! સ્મરણોની સદાબહાર સૃષ્ટિને મૃત્યુ ક્યારેય નથી સમેટી શક્યું... એમાં તો એની હાર જ છે !

લિ. સદા આપને સ્મરણમાં રાખતા આપનો સમગ્ર પરિવાર
અનીતા આલોઈસ મેકવાન, અમીત-જીજ્ઞા, બર્નાડ, સ્મિત-શેરોન, એમીલ

વિશ્વ અન્નદિન

✍ અંકિતા જોનભાઈ પરમાર

૧૬ ઓક્ટોબર એટલે વિશ્વ સ્તરે ઊજવાતો 'અન્નદિન.' અન્નનો એક દિવસ હોઈ શકે ખરો ? આપણે અન્નની પરિભાષા 'ખોરાક' તરીકે લઈએ તો દરેક સજીવ માટે એ દૈનિક જરૂરિયાત છે. એટલે આપણા રોજિંદા જીવનમાંથી તેને અલગ કરવું લગભગ અસંભવિત છે. ધાર્મિક કે શારીરિક હેતુસર કોઈ દિવસ ઉપવાસ કરીએ તો પણ આપણે અન્નનો ત્યાગ કર્યો છે કે એવું કહી શકાય નહિ તે તો જીવન માટે અવિભાજ્ય છે.

બાઈબલના પ્રથમ ગ્રંથ 'ઉત્પત્તિ' અનુસાર ઈશ્વરે સકલ સૃષ્ટિનું સર્જન કર્યું તેમાં તેણે જમીનમાંથી બીજ આપનાર અને ફળ આપનાર છોડ અને ઝાડ પેદા કર્યા. ત્યારબાદ ઈશ્વરે માણસ અને દરેક સજીવને ખોરાક તરીકે તેનો ઉપયોગ કરવો એવો આદેશ / આશીર્વાદ આપ્યો. પણ માણસ તેનો દૂર ઉપયોગ કરે છે બાકીના સજીવ નહિ એટલે ઈશ્વરે માણસને બીજો આદેશ આપવાનો હતો કે તારે 'તેનો' દુરપયોગ કે બગાડ કરવો નહિ. જો આવો આદેશ આપ્યો હોત તો 'અન્ન દિન'ની ઉજવણીનો વખત આવ્યો જ ન હોત.

ટૂંકમાં, 'અન્નદિન'ની ઉજવણી એ અન્નના મહત્ત્વ સાથે - સાથે તેનો બચાવ અને તેના ઉપયોગમાં સમજણ રાખવી એ નૈતિક બાબત પણ શીખવે છે. વાસ્તવમાં અન્નદિન શું છે અને તેની શરૂઆત ક્યાંથી થઈ તેનો ઈતિહાસ જોઈએ તો સંયુક્ત રાષ્ટ્રોના ઉપક્રમે ઈ.સ. ૧૯૪૭ માં FAO (Food & Agricultare Organistion) ની સ્થાપના થઈ. આ સંસ્થાએ વિશ્વ સ્તરે અન્ન અને ખેતી વિષયક સંશોધનો કર્યા, તેની બેઠકો યોજી. આખરે ઈ.સ. ૧૯૭૯માં યોજાયેલી ૨૦મી બેઠક દરમ્યાન તેમાં વિશ્વના ૧૫૦ જેટલા રાષ્ટ્રોએ ભાગ લીધો અને તેમની ચર્ચાને આધારે તેમાં 'વિશ્વ અન્નદિન' ઉજવણીની રજૂઆત થઈ. અને બે વર્ષ પછી એટલે કે ૧૯૮૧માં ૧૬ ઓક્ટોબરે તેની પ્રથમ ઉજવણી કરાઈ.

આ સંસ્થા દ્વારા કરાયેલા સંશોધનમાં અનાજનો પુરવઠો અને વિશ્વ સ્તરે ભૂખમરો આ બંને મુદ્દા મુખ્ય હતાં. જેમાં ૨૦૩૦ સુધીમાં વિશ્વસ્તરેથી ભૂખમરાને નાબૂદ કરવાનો લક્ષ્યાંક સિદ્ધ કરવાનો છે. વધતી જતી વસ્તી અને આધુનિકીકરણને કારણે અનાજની ખોટ પડે એ સ્વાભાવિક છે. વસ્તી વધારો એ એક સળગતી સમસ્યા તો છે જ પણ તેની સાથે સાથે આધુનિકીકરણને કારણે ખેતીલાયક જમીનને પણ બિનખેતીલાયક જાહેર કરી બાંધકામ કરાઈ રહ્યાં છે. જેના કારણે ખેતી થઈ શકે તેવી જમીન ઘટવા લાગી છે. જેની સીધી અસર અન્ન ઉત્પાદન પર પડે જ એમાં શંકા નથી.

વર્તમાન સમયમાં ગ્લોબલ વોર્મિંગ જમીનનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ, હવાનું પ્રદૂષણ વધી રહ્યાં છે. જેને કારણે પર્યાવરણમાં અસંતુલન પેદા થયું છે. ઋતુ સિવાય પણ અનિયમિત વરસાદ, ગરમી, ઠંડી, વગેરેનું ઠેકાણું રહ્યું નથી. તેની અસર પણ અન્ન ઉત્પાદન પર પડે છે. આ બધી વાત તો થઈ અન્ન ઉત્પાદનની પણ તેના બચાવ-સુરક્ષાનું શું ?

આપણી તર્કશક્તિ ગજબની છે પણ ક્યાંક જરૂરના સમયે તેનો ઉપયોગ કરવામાં આપણે થાપ ખાતા હોઈએ છે એક ઉદાહરણ જોઈએ તો... એક કુટુંબમાંથી રોજ બે રોટલી ફેંકી દેવાય છે. એક મહિનાની ૬૦ રોટલી થાય, ૧૨ મહિને ૭૨૦ રોટલી થાય. આ તો એક કુટુંબની વાત છે. પણ એક ગામમાં, શહેરમાં, રાજ્યમાં અને આખા વિશ્વમાં આવા કેટલાં કુટુંબો હોય ! હવે આપણને અન્ન બગાડનો ખ્યાલ આવી ગયો હશે. આ સિવાય પણ પ્રસંગોની ઉજવણીઓમાં કેટલું અન્ન બગડે છે, તે જોઈ શકીએ છીએ.

આ બધાં કારણોસર સંયુક્ત રાષ્ટ્રની ભલામણથી વિશ્વના દરેક દેશોમાં અન્ન સુરક્ષા વિષયક નીતિઓ, કાયદાઓ ઘડવામાં આવ્યા છે. ભારત જેવાં વિશાળ દેશમાં પણ ઈ.સ. ૨૦૧૩ દરમ્યાન 'અન્ન સુરક્ષા અધિનિયમ' ઘડવામાં આવ્યો છે.

ભારતમાં અન્ન સુરક્ષા અધિનિયમ : ૨૦૧૩

- લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાનાં માધ્યમથી હકદાર કુટુંબોને રાહત દરે અનાજ મેળવવાનો અધિકાર.

- આ કાયદા હેઠળ ગ્રામ્ય વિસ્તારના ૭૫ ટકા અને શહેરી વિસ્તારનાં ૫૦ ટકા પરિવારોને આવરી લેવામાં આવેલાં છે.

- પ્રાથમિકતા ધરાવતાં પરિવારોને સભ્યદીઠ માસિક પાંચ કિલો અનાજ વધુમાં વધુ ૩.૦૦ રૂા. કિલો ચોખા અને ૨.૦૦ રૂા. કિલો ઘઉં, તથા ૧.૦૦ રૂા. કિલો બરછટ ધાન મળવાપાત્ર છે.

- અંત્યોદય અન્ન યોજનાના હકદાર કુટુંબને કુટુંબદીઠ મહિને ૩૫ કિલો અનાજ ઉપર જણાવ્યા પ્રમાણેના દરે મળશે.

કેટલાંક કિસ્સામાં અન્નસુરક્ષા ભથ્થુ મેળવવા અંગે :

- નક્કી કરેલા પ્રમાણમાં અનાજ અથવા ભોજનના મળવાના કિસ્સામાં હક્કદાર વ્યક્તિ રાજ્ય સરકાર પાસેથી અન્નસુરક્ષા ભથ્થુ મેળવવા હકદાર બનશે.

જાહેર વિતરણ વ્યવસ્થામાં સુધારા :

- અનાજનો જથ્થો ગેરમાર્ગે ના જાય તે માટે તમામ સ્તરે સંચાર અને માહિતીના માધ્યમોથી કોમ્પ્યૂટરરાઈઝ માહિતી મેળવવી જેથી તમામ વ્યવહારોમાં પારદર્શિતા આવે.

- પંચાયત, બહેનોના સ્વ સહાય જૂથો સહકારી મંડળીઓ, વગેરે જાહેર એકમોની દુકાન ફાળવવામાં અગ્રતા આપવી.

મહિલા સશક્તિકરણ :

રેશનકાર્ડ કાઢવા અંગે કુટુંબની સૌથી મોટી વ્યક્તિ જ્યારે ૧૮ વર્ષથી મોટી ઉંમરની મહિલા હોય તે કિસ્સામાં કુટુંબના વડા તરીકે મહિલાનું નામ રહેશે.

કુટુંબના વડા તરીકે જ્યારે મહિલા સભ્ય ૧૮ વર્ષથી નાની ઉંમરના હોય પરંતુ મહિલા સદસ્ય જ્યારે ૧૮ વર્ષ પૂરા કરે ત્યારથી કુટુંબના વડા તરીકે આવી મહિલા સદસ્યનું નામ રહેશે.

આમ અન્ન સુરક્ષા અને તેના અધિનિયમ વિશે જાગૃત હોવું તે આવશ્યક છે. 'આશાદીપ માનવવિકાસ કેન્દ્ર' સાથે કામ કરતા આજે હું ઘણાં ગામડાંઓમાં જાઉં છું. જેથી કેટલાય કુટુંબોને અન્ન સુરક્ષા અધિનિયમની માહિતી આપવામાં આવે છે. જેવી કે, અધિનિયમ શું છે, તમે એનો લાભ કેવી રીતે લઈ શકો છો ? તથા રેશનકાર્ડમાં અન્ન સુરક્ષાનો સિક્કો લગાવવા કઈ કચેરીમાં જવું, તેની સાથે કયા પુરાવા બિડાણ કરવાં વગેરે માહિતી અપાય છે. સાથે અનાજ વિતરણમાં જે ગેરરીતિ થાય છે તેના માટે અરજી લખતાં શીખવાડાય છે. ઘણા એનજીઓ એવાં હશે જે આ પ્રોજેક્ટ પર કામ કરતાં હોય, તે અધિનિયમની માહિતી તો આપે છે પણ અન્ન સુરક્ષા, અન્ન બચાવનું શું ?

ખરી જાગૃતિ તો એ જ કહેવાય, જ્યારે આપણે અન્ન સુરક્ષાનો ગંભીરપણે વિચાર કરીશું, તેનો અમલ કરીશું અને બીજાને પણ તેમ કરતાં શીખવાડીશું ત્યારે જ ખરા અર્થમાં અન્નદિનની ઉજવણી સાર્થક થશે.●

લગ્ન વિષયક

ગુજરાતી કેથોલિક યુવતી જન્મ ઓગસ્ટ ૧૯૯૨, ઊંચાઈ ૫' ૨'', અભ્યાસ M.E. (Power System) હાલમાં એન્જિનિયરીંગ કોલેજમાં આસિ. પ્રોફેસર તરીકે નોકરી કરતી સંસ્કારી યુવતી માટે એન્જિનિયરીંગ ક્ષેત્રે ભણેલા સારી નોકરી કરતાં યુવકોના વાલીઓએ સંપર્ક કરવો. આ જાહેરાતનો હેતુ યોગ્ય પસંદગી માટેનો છે.

મો. ૯૮૯૮૭ ૫૪૭૭૬

Matrimonial

A Gujarati Catholic Boy. Age 29 Years, Height 5"8 (Permanent Resident in Canada). *Education:-* IBM (International Business Management). *Job:-* In a Bank.Looking for suitable match (BSC Nursing, General Nursing, MSC, MBA). He is coming in November for short period of time.

Contact:- 9374182900/ 9099997744

હેરી ટુર એન્ડ ટ્રાવેલ્સ

ઓફિસ : ૨, કોશા સોસાયટી સામે, મણિનગર, અમદાવાદ

૨X૩ લક્ઝરી બસ પ્રવાસ : જયપુર, આગ્રા, ફતેહપુર, સીકી તેમજ દિલ્હી, રાજસ્થાનનું રળિયામણું ગુલાબી સીટી જયપુર તેમજ વિશ્વની અદ્‌ભુત અજાયબી તાજમહલ અને ભારત દેશની રાજધાની દિલ્હી દર્શન નિહાળવાની અદ્‌ભુત તક આપને આંગણે.

પ્રવાસ ઉપડશે : તા. ૧૧-૧૦-૨૦૧૮ **રાત્રે :** ૮ વાગ્યે

પરત તારીખ : ૧૬-૧૦-૨૦૧૮ બપોરે **ટિકિટના દર :** રૂા. ૫૧૦૦/-

સંપર્ક : કિરીટ ક્રિશ્ચિયન - મો. ૯૯૦૪૭ ૫૨૨૧૨, ૯૮૨૪૭ ૭૮૧૪૨
હેરી ક્રિશ્ચિયન - મો. ૮૭૫૮૯ ૬૦૮૦૮

મકાન વેચવાનું છે

આણંદમાં પાધરીયા વિસ્તારમાં ખિસ્તી સોસાયટીમાં સારી લોકાલીટીમાં વેચવાનું છે.

સંપર્ક

મો. ૯૪૨૬૩ ૯૩૫૫૩/૯૮૨૫૪ ૫૨૨૯૦

યુરોપ

● સેનેગન કંન્ટ્રીઝ વીઝા ● TRC રેસીડેન્ટ કાર્ડ ● ૫ વર્ષે PR ● અમારા દ્વારા યુરોપ ગયેલાના વીઝા ઓફિસે જોવા મળશે ● નોકરી અપાવવામાં મદદ (પગાર આશરે ૬૦૦૦૦ - ૭૦૦૦૦) ● No INTERVIEW

ISHA CONSULTANCY

Mo. 7874437495, 9033201575

F/17, હરીબા વ્યાપાર ભુવન, જૂના બસ સ્ટેન્ડ પાસે, આણંદ

લગ્ન વિષયક

ગુજરાતી મેથોડિસ્ટ યુવતી જ.તા. ૧૦/૮૫, ઊંચાઈ ૫'૩'', અભ્યાસ B.A., B.ed., M.A., M.Phil., NET., Ph.d. હાલ ગુજરાત યુનિવર્સિટીમાં સરકારી આશિ. પ્રોફેસર તરીકે નોકરી કરતી યુવતી માટે સંસ્કારી સારી સરકારી નોકરી કરતા યુવકના વાલીએ સંપર્ક કરવો.

મો. ૯૫૩૭૦ ૫૨૩૨૮(વોટ્સએપ), ૯૯૧૩૯ ૨૧૩૮૭

આજનું સાચું મિશનઃ જીવનનું ઉત્તેજન

✍ ફાધર આરસ કુમાર

આપણો સંદર્ભઃ આજના વૈશ્વિક સંદર્ભમાં મિશનના પડકારો કયા છે? અને ભારતમાં, આજની આપણી પરિસ્થિતિમાં આપણા પ્રેષિતિક કાર્યને પડકારતાં પરિબળો કયાં છે ? **૧.** બાઈબલના બંને વિભાગો મિશનના ક્ષેત્રમાં ગરીબોને પ્રાથમિકતા આપે છે. આજે જરૂરિયાતમંદ વિવિધ નવાં સ્વરૂપોમાં જોવા મળે છે, જેમકે લઘુમતીઓ, એચ.આય. વી/એઇડ્સના દર્દીઓ, શરણાર્થીઓ(રેફ્યુજીસ) અને સ્થળાંતરકારો (પરદેશીઓ) બાળ મજૂરો અને બાળ લડવૈયાઓ. **૨.** માનવ અધિકારોનો આદર નથી. ધાર્મિક સ્વતંત્રતા, મન ગમતી વસ્તુ ખાવાની કે પહેરવાની સ્વતંત્રતા, વગેરે પર સતત હુમલા થાય છે. **૩.** સ્ત્રીદમન, બળાત્કાર ને બાળહત્યાનો પાર નથી. **૪.** જેમને સત્તાની ભૂખ છે તેઓ ધર્મ અને કોમના નામે બેકાર તથા અસંતુષ્ટ લોકોનો ઉપયોગ કરી, સામાન્ય પ્રજાને ઉશ્કેરી, નિર્દોષ લોકો પર હુમલા કરાવે છે. **૫.** ધર્મ-ધર્મની વચ્ચે, કોમ-કોમની વચ્ચે, ને બહુમતી-લઘુમતી વચ્ચેનું અંતર વધતું જાય છે. નાની મોટી શંકાઓ અને અફવાઓ પણ જીવલેણ બની જાય છે (લિન્ચીંગ). **૬.** પર્યાવરણનો વિનાશ અને પ્રદૂષણ માત્ર પૃથ્વીને જ નહીં પરંતુ તેના પર આધાર રાખનારા લોકોનો પણ નાશ કરે છે.

મિશનનો ધ્યેયઃ મિશન એટલે દુનિયામાં બધે જઈ વિવિધ રીતે શુભ સંદેશને આખી સૃષ્ટિને પહોંચાડી દરેક માનવને ને આખી સૃષ્ટિને પણ મુક્તિના પંથે લઈ જવું તે. (માર્ક ૧૬:૧૫, યોહન ૨૦:૩૧; રોમ ૮:૧૮-૨૧). ખાસ કરીને વસાહતી (colonial period) કાળમાં ધર્મસભાનો ધ્યેય વૈશ્વિક સ્વરૂપ લેવાનું હતું. તેનો હેતુ, અલબત્ત, દરેકને મુક્તિનો ફાયદો આપવાનો આધ્યાત્મિક હેતુ હતો. આ હેતુની પાછળ એવી માન્યતા હતી કે માત્ર ધર્મસભાના સભ્યો જ મુક્તિ પામી શકે, જે માન્યતા આજના સંદર્ભમાં સ્વીકાર્ય નથી. એને હાંસલ કરવા માટે કોઈક વાર આજની દૃષ્ટિએ જે ખોટી અને અસ્વીકાર્ય ગણાય છે એવી પધ્ધતિઓ પણ અપનાવવામાં આવી હતી; પરિણામે, વિશ્વભરમાં નાના કે મોટા પાયા પર ધર્મસભાની રચના થઈ. પરંતુ, તે જ ધ્યેય આજની ધર્મસભાની હોય ન શકે. કાર્ડિનલ ન્યૂમેન કહે છે કે, "જીવવું એટલે બદલાવવું (To live is to change) અને લાંબા સમય સુધી જીવવું એટલે ઘણી વખત બદલાવવું." બધું સતત બદલાતું રહે છે, તેથી ચર્ચ અને તેના મિશનની સમજ પણ નવા સંજોગોમાં બદલાવવાં જોઈએ.

બાઈબલ આધારિત મિશનઃ સંત પાઉલ કહે છે એમ સૌનો ઈશ્વર અને પિતા એક છે. જે સૌની ઉપર છે, સૌ મારફતે કામ કરી રહ્યો છે અને સૌમાં વસે છે. (એફેસસ ૪:૬) એ ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે, (૧ યોહન ૪:૮) આપણે બધાં એ ઈશ્વરનાં સંતાનો છીએ; (૧ યોહન ૩:૧) એમની પ્રતિમૂર્તિ છીએ (ઉત્પત્તિ ૧:૨૭) અને એમનાં મંદિરો છીએ. (૧ કરિંથ ૬:૧૯) તેથી જ લોકો વચ્ચેના ભાગલા ને દ્વેષ જોઈને પયગંબર મલાખી પ્રશ્ન ઊભો કરે છેઃ શું આપણા સૌનો પિતા એક નથી? એક ઈશ્વરે આપણને સર્જેલાં નથી? (૨:૧૦) આ જ શુભસંદેશ છે; આ સંદેશને જ દુનિયામાં ખૂણે ખૂણે, સર્વ માનવીઓને, પહોંચાડવાની આપણી આપણી ફરજ છે.

વડાધર્મગુરુ પાઉલ છઠ્ઠાએ કહયું હતું કે, "ઈશ્વરના રાજ્યનો શુભસંદેશ એ હંમેશાં બધા લોકો માટે છે." એ સંદેશ પ્રેમ અને શાંતિનો સંદેશ છે, જે એને સાંભળનારને અને પોતાના જીવનમાં ઉતારનારને આશા, પ્રોત્સાહન, શાંતિ અને શાશ્વત જીવન આપી શકે છે. આજના ઉપર દર્શાવેલા સંદર્ભમાં, જીવન વિનાશક નકારાત્મક પરિબળોની વચ્ચે ધર્મસભા, એનું મિશન અને મિશનની પધ્ધતિને સમજવા આપણે ઈસુના જીવન ઉપર નજર નાખવી જોઈએ, કારણ કે છેલ્લે ધર્મસભાનું મિશન તો ઈસુનું જ મિશન છે અને એજ ઈશ્વર પિતાનું મિશન છે. કારણ, ઈસુ પોતે પણ એ પ્રેમ, શાંતિ અને મુક્તિના મિશના સંદેશને પરમ પિતા પાસેથી લઈને આ દુનિયામાં આવ્યા હતા. જન્મથી માંડીને મરણ સુધી તેમણે જે કંઈ કર્યું હતું, તે બધું આ પ્રેમ, દયા અને શાંતિના સંદેશને દરેક માનવીને પ હોંચાડવા માટે જ કર્યું હતું.

(યોહન ૧૨:૩૨; રોમ ૮:૩૨)

આજનું સાચું મિશનઃ આજના સંદૂર્ભમાં, કેટલાક લોકોને ધર્મસભાના સભ્યો બનાવી એમને મુક્તિ અપાવવી એ જ મિશન એમ કહી ન શકાય. સંત પાઉલ કહે છે કે ઈશ્વરની ઈચ્છા એ છે કે પ્રત્યેક માનવ મુક્તિ પામે, સત્યનું જ્ઞાન પ્રાપ્ત કરે અને ખ્રિસ્તમાં બધી વસ્તુઓ એકત્ર થાય. (૧ તિમોથી ૨:૪; ૧ કરિંથ ૧૫:૨૮; એફેસસ ૧: ૩-૧૦). ઈસુના જીવન પર નજર નાખીએ તો ખ્યાલ આવે છે કે એમનાં બધાં પ્રવચનો અને કાર્યો માનવ જીવન કેન્દ્રિત હતાં નહિ કે કર્મકાંડ, સંસ્કાર કે ધર્મ કેન્દ્રિત. દરેક માનવીને - તે પુરુષ હોય કે સ્ત્રી, યહૂદી હોય કે શમરુની, બાળક હોય કે વૃદ્ધ - દરેક ને દરેક

ઈશ્વરનું સંતાન છે એમ સમજાવવાનું એમનું મિશન હતું. એમનો ધ્યેય દરેક માનવીને ઈશ્વરના સંતાન તરીકે માન, સન્માન અને ગૌરવપૂર્વક જીવવા દેવાનો હતો (લૂક ૧૦:૨૫-૩૭; ૧૩:૧૬; ૧૯:૧-૧૦). ભલા શમરુનીની વાર્તા આ બધી હકીકતો સ્પષ્ટ કરાવે છે. તેથી **દરેક માનવના જીવન ઉત્કર્ષ માટે કામ કરવું અને જીવન વિરુધ નકારાત્મક પરિબળોને પડકારવા એ જ સાચું મિશન હોય શકે.** "સમય પાકી ગયો છે. ઈશ્વરનું રાજય આવી પહોંચું છે. હૃદયપલટો કરો, અને શુભસંદેશ ઉપર શ્રદ્ધા રાખો." (માર્ક ૧:૧૫) હૃદયપલટો એટલે ઈશ્વર, માનવ અને સૃષ્ટિ પ્રત્યેનું વલણ બદલવું; સ્વાર્થ છોડીને ઈશ્વર તરફ પાછા વળવું. **ઈસુ તો સ્પષ્ટપણે હૃદયપલટાની વાત કરતા, નહિ કે ધર્મપલટાની.** કારણ માત્ર બાહ્ય પરિવર્તન કે ધર્મ પરિવર્તનમાં કશો લાભ નથી. (માથ્થી ૨૩:૧૫) એનો અર્થ એ થાય છે કે કોઈ પણ ધર્મના વિરુદ્ધમાં કામ કરવું અથવા ધર્મના નામે કે ઈશ્વરના નામે બીજાને ઈજા કે નુકસાન પહોંચાડવી એ મૂર્ખાઈ છે. પણ ધર્મોમાં જોવા મળતાં દૂષણોને હટાવી, દરેક ધર્મના અનુયાયીઓમાં હૃદયપલટો લાવવો એ ચતુરાઈ છે ને સાચું મિશન પણ છે. જૂના કરારમાં પયગંબરો અને નવા કરારમાં ઈસુ, પીતર અને પ ાઉલ, પોતાના ધર્મમાં જે અનિષ્ટો છે એના વિરુદ્ધ અવાજ ઉઠાવે છે (ઈર્મિયા ૭: ૮-૧૦; આમોસ ૫:૪-૫; લૂક ૨૦:૪૫-૪૭) અને અન્ય ધર્મમાં અને સંસ્કૃતિમાં જે શ્રેષ્ઠ છે એની કદર કરે છે. (ઈર્મિયા ૨:૧૦-૧૧; લૂક ૧૭:૧૧-૧૭ ;પ્રે.ચ. ૧૧:૧-૧૮; ૧૭:૨૨-૨૮) આપણે સારા અને એવા જ મત ધરાવતા લોકોની સાથે સહકાર અને સહયોગની ભાવના સાથે કામ કરવાની જરૂર છે.

એકબીજા પ્રત્યેના અને સમગ્ર સર્જન પ્રત્યેના વલણમાં પરિવર્તન લાવીને ધર્મસભાએ લોકોને નવી સૃષ્ટિ(દર્શન ૨૧) તરફ લઈ જવા જોઈએ. ખ્રિસ્તીઓને દુનિયાના પ્રકાશ અને લૂણ બનવા કહેવામાં આવે છે (માથ્થી ૫:૧૩). **સંસ્કૃતિ, ધર્મ અને તમામ પ્રકારનાં દમનત્મક માળખાંને બદલીને સમાજમાં પરિવર્તન લાવાની જરૂર છે.** પરંતુ આ બધું આપ ણને દુ:ખ પહોંચાડી શકે.(રોમ ૮:૧૮-૨૨) સૌ પ્રથમ આપણે કોઈપણ ભેદભાવ વિના સારા ને સરખા મત ધરાવતા લોકોની સાથે સંવાદ કરીને અને તેમની સાથે કામ કરીને લોકોનું હૃદય જીતવું પડશે. તેમાં ઘણું જોખમ હોઈ શકે છે. કદાચ મીઠાની જેમ આપણી ઓળખ ગુમાવવાનું થાય, પરંતુ, ઈસુની ઈચ્છાને પૂરી કરવા કદાચ એ જ ઉત્તમ માર્ગ છે.

તાજેતરમાં જીનીવા-સ્વિત્ઝરલેન્ડ ખાતે એક સંમેલનને સંબોધન કરતાં વડાધર્મગુરુ ફ્રાન્સિસે કહ્યું હતું : 'પ્રભુ પ્રાર્થના, એ જ આપણને આધ્યાત્મિક રાહ દર્શાવનાર નકશો છે.' એટલે 'તારું રાજય આવો' એ જો આપણી નિત્ય પ્રાર્થના હોય તો પ્રભુના રાજયની સ્થાપના માટે આપણો પળેપળ પ્રયત્ન પણ જરૂરી છે, જેના માટે વૈશ્વિક પ્રવાહો અને રાષ્ટ્રીય પડકારોને પારખવા જોઈએ. માહિતી વિસ્ફોટ અને અણુગતિ પ્રચાર-પ્રસારના માધ્યમોના આ યુગમાં આપણે આંખ આડા કાન કરીએ તે પરવડે નહીં. બિનજરૂરી યાતનાઓ અને અન્યાય સામે ખ્રિસ્તના અનુયાયી તરીકે મૂક સાક્ષી બનીને બેસી રહી તે અનુચિત છે.

ઘર-બહાર, સમાજ-ધર્મસભા, રાજય કે રાષ્ટ્ર કોઈપણ ક્ષેત્રે ગરીબ, નિરાધાર, પીડિતની પડખે ઊભા રહેવાની આપણી પવિત્ર ફરજ છે. સ્વજનો અને દેશબાંધવોનાં દુ:ખ દર્દ હળવાં કરવાં, વ્યક્તિગત પ્રયાસ અને સામુહિક પરિશ્રમ અનિવાર્ય છે. એક ખ્રિસ્તી વ્યક્તિ કે ધર્મસંઘ તરીકે વિષમ સ્થિતિ કે અન્યાયી સામાજિક માળખા સામે ઉપેક્ષાભર્યું વલણ અપનાવીએ છીએ, એ તેમાં ભાગીદાર બનવા બરાબર છે. ન્યાય, સમાનતા અને શાંતિની સ્થાપના કરતાં સંઘર્ષ અને સતામણી તો વેઠવાં જ પડશે, પણ તે ઘડીએ સહનશક્તિ અને ક્ષમાદાન ઈશ્વર પૂરાં પાડશે.

પ્રભુના રાજયની ઘોષણા અને સ્થાપના કરવાની જવાબદારી સ્નાનસંસ્કારકના દીક્ષાર્થી પ્રત્યેક શ્રદ્ધાળુની છે. આધ્યાત્મિક નેતૃત્વ, પાળકીય સંભાળ અને જીવન મૂલ્યોનું શિક્ષણ એ સંન્યસ્ત કે ગૃહસ્થ, તમામ ખ્રિસ્તીજનોનું કર્તવ્ય છે, જેના માટે ખ્રિસ્ત સાથેનો સંબંધ અતિ આવશ્યક છે. "ખ્રિસ્ત સાથેના જીવંત અને અંગત, વિશ્વાસસભર તથા સુદૃઢ સંબંધ સિવાય ખ્રિસ્તમય જીવન અશક્ય છે. જીવનદાયી આહારથી વેગળો કોઈપણ વ્યક્તિ માત્ર વહીવટદાર બની રહેશે. દરરોજની પ્રાર્થના, ખંતથી સંસ્કારો - વિશેષમાં પ્રાયશ્ચિત તથા ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર-નું નિત્ય સેવન તેમજ પ્રભુવાણીનું પઠન મનન-ચિંતન જ પ્રભુ સાથેના સંબંધને તરોતાજા બનાવી રાખે છે." એવો વડાધર્મગુરુનો પુરોહિતગણ માટેનો સંદેશ તત્કાલીન જમાનામાં પ્રત્યેક ખ્રિસ્તી માટે આવકારદાયક છે. એટલે સારાં ફળ આપવા પ્રભુ સાથેનું જોડાણ અનિવાર્ય છે. પ્રભુ વિના આપણે કંઈ કરી શકતા નથી. તમે પુષ્કળ ફળ આપો અને એ રીતે મારા શિષ્ય પુરવાર થાઓ, એમાં મારા પિતાનો મહિમા છે.' (યોહાન ૧૫:૮) ને જીવનસૂત્ર તરીકે અપનાવીએ એ જ આપણું મિશન છે.●

લગ્ન વિષયક

ગુજરાતી મેથોડિસ્ટ યુવક જ.તા. ૨/૮૯, ઊંચાઈ ૬'૦૦'', અભ્યાસ B.A., B.ed., M.A., M.Phil., ગવર્નમેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલમાં સરકારી શિક્ષકની નોકરી કરતા યુવક માટે સંસ્કારી કુટુંબની કન્યાઓના વાલીએ સંપર્ક કરવો.

મો. ૯૫૩૭૦ ૫૨૩૨૮(વોટ્સએપ), ૯૯૧૩૯ ૨૧૩૮૭

લગ્ન વિષયક

ગુજરાતી કેથોલિક યુવક ઉં.વ.૩૪, ગવર્નમેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલમાં સરકારી શિક્ષકની નોકરી, હેન્ડસમ, વેલસેટ ફેમિલી, સંસ્કારી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.

મો. ૮૮૬૬૬ ૬૯૧૨૮

શેરોન વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે પંદર વસ્તુઓનું પેકેજ
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોવ્ઝ
મેક્ષી, ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

પરવીન એસ.: 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર
મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩

બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.
તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.

નિસબત

✍ ઈન્દુ રાવ

'લીનાબેન, આજનું છાપું વાંચ્યું ? હસતાં હસતાં સ્ટાફમિત્ર રાજુભાઈએ લીનાબેનને પૂછ્યું.'

લીનાબેને ફાઈલમાંથી માથું ઊંચું કરતાં હસીને કટાક્ષયુક્ત જવાબ આપ્યો, 'રાજુભાઈ ! તમારી પાસે છાપું વાંચવા માટે ઘણો સમય છે. તમે જ અમને વાંચી સંભળાવો. અમારાથી એક સાથે બે કામ આસાનીથી થઈ શકશે.'

'હું જાણું છું લીનાબેન કે આ સમાચાર તમારી ધ્યાન બહાર નહીં જ રહ્યા હોય છતાં તમારે ફરીથી સાંભળવા હોય તો આ બંદા સંભળાવવા તૈયાર છે. તો, સાંભળો. આજની સ્ત્રીઓ કેટલી બધી હિંમતવાળી થઈ ગઈ છે તે...'

'એમાં તમે નવું શું કહ્યું ? એ તો છે જ.'

'પણ તમે પૂછશો નહીં કઈ બાબતમાં ? મૂછમાં હસતા હસતા રાજુભાઈ બોલ્યા.'

'જુઓ રાજુભાઈ, તમને ગોળ ગોળ વાતો કરવાની ખોટી આદત છે. જે હોય તે સ્પષ્ટ વાંચી સંભળાવોને ?'

'લખ્યું છે કે, એક પત્નીએ તેના પતિને ઝેર પીવડાવીને મારી નાંખ્યો.'

... અને 'એક પતિએ પત્ની-પુત્રીને ઝેર આપીને મારી નાંખી પોતે ગળે ફાંસો ખાઈ લીધો' આ સમાચાર તમારા ધ્યાન બહાર નહીં જ રહ્યા હોય. ખરુને રાજુભાઈ ! પણ તમારે એ સમાચાર સાથે વળી શી નિસબત હોય !? સાચું કહુ રાજુભાઈ, બિચારી સ્ત્રી ! એ એના પતિથી કેટલી હદે ત્રાસી ગઈ હશે કે...

'મને પાક્કી ખાતરી હતી જ કે તમે આખરે સ્ત્રીનો જ પક્ષ લેવાના.'

'રાજુભાઈ, અહીં સ્ત્રીનો પક્ષ લેવાની વાત નથી. હકીકતમાં મને એ સ્ત્રી પર દયા આવી રહી છે. ને બની શકે કે સ્ત્રીનાં સાસરિયાંનાં લોકોએ તે સ્ત્રી પર ખોટું આળ પણ મૂક્યું હોય ! ને કદાચ એ સ્ત્રીને લાગતું હશે કે આવા પતિની રોજેરોજની સતામણી વેઠવા કરતાં જેલની ચક્કી પીસવી વધુ સારી. એના પતિનો એવો કેવો ત્રાસ હશે કે એને છેલ્લા ઉપાય તરીકે... પોતાનો માર્ગ મોકળી કરી દીધો.'

'લીનાબેન, એનો માર્ગ મોકળો થયો કે ન થયો એ હું નથી કહી શકતો પણ સમાજમાં ઉત્તરોત્તર આવી ઘટનાઓ બની રહી છે એનાથી આપણાં સામાજિક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે એ વાત ચોક્કસ !'

રાજુભાઈની સમાજલક્ષી નૈતિક મૂલ્યોની વાત સાંભળી અત્યાર સુધી મૌન સેવીને ફાઈલો જોતાં જોતાં પોતાના સ્ટાફ મિત્રોની વાત ધ્યાનપૂર્વક સાંભળી રહેલાં પંદર વર્ષના લગ્નજીવન બાદ ત્યક્તાનું જીવન જીવતાં મીરા બહેન એકાએકું આવેશમાં બોલી ઊઠ્યાં, 'રાજુભાઈ, તમારી વાત એકસોને એક ટકા સાચી. પતિ-પત્ની પરસ્પર પૂરો ભરોસો મૂકીને એકબીજાને સમજતાં થશે ત્યારે જ સમાજમાં સામાજિક નૈતિક મૂલ્યોનું જતન કરી શકાશેને ?!' નહીંતર આવું બધું તો રોજેરોજ બનતું જાય છે. વળી આપણા કામના સમયે આવી ચર્ચાઓથી શું વળશે ? ખાલી ચર્ચાઓથી સમાજમાં સુધારો લાવી શકીશું ? સમાજમાં જાગૃતિ લાવવા માટેના ખોટા - નિરર્થકના સ્ત્રી-પુરુષ વચ્ચેના વાદ-વિવાદો ટાળીને સામુહિક અને સામાજિક જાગૃતિકરણની પ્રવૃત્તિઓ કરવાનું શરૂ કરી દઈએ. રાજુભાઈ વિધવા લીનાબેન અને મારા જેવી સ્ત્રીઓને સાથ આપવા તમે તૈયાર છો ખરા કે પછી સમાજનો ડર લાગી રહ્યો છે ?!●



લગ્ન વિષયક

ગુજરાતી કેથોલિક યુવક, ઉમર ૩૩ વર્ષ ઊંચાઈ ૫'૯'', પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા યુવાન માટે, મધ્યમ વર્ગના, ૧૦ કે ૧૨ ધોરણ અથવા અન્ય અભ્યાસ કરેલ યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.

મો. ૮૩૪૭૭ ૩૬૫૩૩ / ૭૬૦૦૦ ૫૩૭૩૫

Matrimonial

Name : **Nirav,** *Hight :* **5' 7",** *Waight :* **80 Kg.,**
Date of birth : **21/09/85,**
Qualification : **Graduate (BCA), BSc(N),**
Occupation : **Having Owen Educational Institutions.**
Father : **Samuel Daniel,** *Mother :* **Savita Samuel.**

Contact:- 94091 79809

ઓલીવીયા ક્રિએશન

લગ્નની મેક્ષી માટેનું જુનું અને જાણીતું એકમાત્ર સ્થળ એટલે ''ઓલીવીયા ક્રિએશન'' અમારે ત્યાં કોમ્યુનીયન મેક્ષી, કલર મેક્ષી બનાવી આપવામાં આવશે.

ખાસ નોંધ : ઓલીવીયા ક્રિએશન તમારી સેવામાં હંમેશાં હાજર છે. કોઈના કહેવાથી ગેરમાર્ગે દોરાશો નહિ.

અંજના શૈલેષ પરમાર (૯૮૭૯૧ ૮૧૩૪૮, ૯૮૨૪૪૯૧૭૩૭)
૧૧, આશીર્વાદ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરીયા આણંદ

મૃત્યુ

✍ ગાબ્રિએલ ચૌહાણ

સમય પસાર કરવાના ઈરાદે અમરતલાલ સવારના સમયે જ રમણલાલને ત્યાં પહોંચી ગયા. બહાર હીંચકા પર બેસી પાપડી ફોલતાં રમણલાલને જગ્યા કરી આપી. હમણાં જ આવી ગયેલા છાપાનું ઉદ્‌ઘાટન અમરતલાલે કર્યું. છાપા પર ઉપરછલ્લી નજર ફેરવતાં વચ્ચે વચ્ચે વાતોએ વળગતાં વાંચી રહ્યાના સંતોષ સાથે પેપરને મુક્તા છેલ્લા પાના પરનું છપાયેલું ચિત્ર જોઈ ચમક્યાં !!!

મૂકેલું છાપું ફરી ઉઠાવ્યું. છાપાનું ચિત્ર અને લખાણ બંને વાંચી ગભરાવા માંડ્યા. ''હમણાં જ તમારું છાપું આપી જઉ છું.'' એમ બોલી રમણલાલના પ્રતિભાવ જોયા વગર સીધા પોતાના ઘેર રઘવાયા થઈ દોડતા-દોડતા આવ્યાં. ફળિયાના લોકો વિચારવા લાગ્યાં. ''ડોસો કેમ રઘવાયો બન્યો છે ?''

ઘેર આવતાં જ બારણું ઝડપથી બંધ કરી ભાગ્યે જ વીજળી દીવો સળગાવતાં અમરતલાલે ચાંપ પાડી. કોટના ગજવામાંથી જાડા કાચના દોરીવાળા ચશ્મા લાવી કાને ચડાવ્યાં. બરાબર પ્રકાશમાં બેસી છાપાનું છેલ્લું પાનું વાંચવા લાગ્યાં. એંસી વટાવી ચૂકેલા અમરતલાલ ગભરાવા માંડ્યાં. છાપાના છેલ્લાં પાને જ્યાં એમની નજર ચોંટેલી હતી તે પોતાનો ફોટો હતો. તેની નીચે લખ્યું હતું :

'સદ્‌ગતનું બેસણું'

'અમારા પરમપૂજ્ય પિતાજી સ્વ. અમરતલાલ એચ. દવે સોમવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતશ્રીનું બેસણું શુક્રવારના રોજ અમારાં નિવાસસ્થાને રાખેલ છે.'

સ્થળ : વૈકુંઠવાસ, આનંદપુર

સમસ્ત દુ:ખી પરિવાર

આંખો ઉખડતી નહોતી ને હૈયું માનતું નહોતું ! એવા ઘાટના અમરતલાલ થઈ ગયાં. મુંઝવણ ભમ્મરિયા કૂવામાં પડી ચકરાવા લાગી. ફોટામાં પોતે જ હતાં ! નામ પણ પોતાનું જ હતું ! અરે ! સરનામું પણ પોતાનું જ ! આ કઈ રીતે બની શકે ? વધારે ગભરામણ તો સોમવારે કરી આપી. કારણ આજે જ સોમવાર હતો ! શરીર પર પરસેવાનો પાર નહોતો. અનેક કશમકશના અંતે દરવાજો ખોલી બહાર આવ્યાં. સામે ઘેર રહેતાં પોતાના દીકરાના ઘેર ગયાં. દીકરાની વહુ મ્હો મચકોડતી બોલી 'આઈ પડ્યું ભૂત !'

'ભૂત' સાંભળતાં ગભરામણ વધી. ના રહેવાતાં દીકરા સામે જોઈ બોલ્યાં 'અલ્યા મનુ, શું હું ભૂત છું ?' દીકરો પણ બોલ્યો, 'હા બાપા, તમે તો ભૂત જ છો' અમારા માટે તો તમે ક્યારનાય મરી પરવાર્યા છો ! દીકરાની અવગણનાએ અમરતલાલને બહાર કાઢ્યાં. ચોકમાં રમતાં પૌત્રની પાસે જઈ બોલ્યાં, 'બેટા, હું જીવતો જ છું ને ?' દાદા તમે તો કે' દાડાના...' પૂરતું સાંભળ્યાં વિના અમરતલાલ ધોતીનો છેડો પકડી રઘવાયા થઈ ચાલવા લાગ્યાં. આવતા જતાં બધાં આશ્ચર્યથી તેમની સામે જોઈ રહેતાં. તેમના સપ્રશ્ન ચહેરા અમરતલાલને હચમચાવી મૂકતાં ! તે પોતે પણ વિચારતાં 'આ શક્ય જ કેમનું બને ? પોતે હજી એકાસીએ અડીખમ છે. છતાં પોતાની જ જાહેરાત !' બે-ત્રણ વાર તો તે માથુ ધુણાવી ચૂક્યાં. પોતાની શરીરને વારંવાર અડવા લાગ્યાં. પણ પુત્ર-પૌત્રના જવાબે તેમને ટેકો ના આપ્યો. છતાં 'હું તો જીવતો જ છું, મારો ફોટો અને જાહેરાત કોઈએ મજાક કરવા જ આપી છે, હું છાપા સામે બદનક્ષીનો દાવો મૂકીશ, આવું છાપી જ કેમ શકાય ?' વિચારતાં-વિચારતાં રમણલાલને ત્યાં પાછા ગયાં. રમણલાલ પણ તેમને જોતાં બોલી ઊઠ્યાં 'અમરતલાલ તમે !!'

રમણલાલનો ચહેરો જોતાં અમરતલાલ બરાડી ઊઠ્યો, 'તમે... તમે... શું કરો છો ? શું હુ મરી ગયો છું ?, શું હું ભૂત છું ? હું જીવતો જ છું, અને એમ ને એમ નથી મરવાનો ! ભલે જેને જે છાપવું હોય એ છાપે, અને પેલા મન્યાને તો ...!!! મન્યાના બાપાનેય...!!!'

તેમનો શ્વાસ સમાતો નહોતો, હમણાં જ હૃદય અટકી જશે એવી ગભરામણ અનુભવતાં અમરતલાલને બારણા પર પડતાં ટકોરાએ જગાડ્યાં. ગાઢ ઊંઘમાંથી બેબાકળા જાગીને બૂમો પાડતાં ઊભા તો થયાં પણ ક્ષોભીલા પડી ગયાં. મોડી રાતના સૂઈ ગયેલાં અમરતલાલને બારણાના ટકોરાએ જગાડ્યાં ત્યારે નવો અવતાર ધારણ કરેલા અમરતલાલ દરવાજો ખોલી બહાર આવ્યાં.

બહાર રમણલાલ ઊભા હતાં. નીચી નજરે જોતાં બોલ્યાં, 'બોલો રમણલાલ ?'

રમણલાલ બોલ્યા, 'આ તો હું બહાર જાઉં છું. આખો દિવસ ઘેર નથી. તો થયું કે તમને છાપું આપતો જાઉં, તમારે ફેરો ન પડે...!'

અમરતલાલ 'છાપુ' સાંભળી અવાક્‌...!!!●

લગ્ન વિષયક

ડૉક્ટર યુવતી, ગુજરાતી કેથોલિક, સંસ્કારી તેમજ આકર્ષક વ્યક્તિત્વ. ઉંમર ૨૫ વર્ષ. અભ્યાસ - MBBS તથા MD (ચાલુ), (MCI માન્ય) માટે સંસ્કારી કુટુંબના MBBS થયેલ તથા MD/MS ચાલુ કે પૂર્ણ અથવા DM જેવા ઉચ્ચ અભ્યાસ ધરાવતા ડૉક્ટર યુવકના વાલીઓએ સંપર્ક કરવો.

મો. ૯૦૮૧૭ ૯૪૮૦૯(વોટ્સએપ), ૯૭૨૪૫ ૦૯૨૧૦

સાચો શિષ્ય

✍ હેમંતભાઈ માધવભાઈ મેકવાન

પ્રભુ પ્રશ્ન પૂછે છે : કોણ સાચો શિષ્ય છે ? પ્રભુ કહે છે : ''જે કોઈ મને પ્રભુ પ્રભુ કરે છે તે બધા ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ પામવાના નથી. પરંતુ જે કોઈ મારા પરમપિતાની ઈચ્છા અનુસાર ચાલશે તેને જ પ્રવેશ મળશે.'' (માથ્થી ૭:૨૧)

કયામતને દિવસે ઘણાં મને કહેશે, પ્રભુ, પ્રભુ અમે તમારા નામે નહોતા બોલ્યા ? અને તમારે નામે અપદૂતો નહોતા કાઢ્યાં ? અને તમારે નામે અનેકાનેક ચમત્કારો નહોતા કર્યા ? પણ ત્યારે હું તમને રોકડું પરખાવીશ કે, 'હે અધર્મના આચરનારાઓ ! હું તમને ઓળખતો નથી. મારાં મોં આગળથી દૂર ચાલ્યા જાઓ !' (માથ્થી ૭:૨૨-૨૩) તમારાં વિતી ગયેલાં જીવનમાં શું કર્યું એ નહિ પરંતુ અત્યારની અવસ્થા મુખ્ય છે. પણ ઈશ્વરે તેને કહ્યું : અરે મૂરખ, આજે રાતે જ તારો જીવ સોંપી દેવો પડશે, પછી તે જે બધું ભેગું કર્યું છે તે કોને જશે ? (લૂક ૧૨:૨૦) શું તમે ઈશ્વરની ઈચ્છા પૂરી કરો છો ? એ જ અનુસાર તમને પ્રતિફળ પ્રાપ્ત થશે. એટલા માટે જ સાચા શિષ્ય બનાવાનું છે.

પ્રભુએ બાર શિષ્યોની પસંદગી કરી એમને બધા જ અધિકાર અને શક્તિ આપી. તેમણે ઘણાં અપદૂતો કાઢ્યાં અને માંદા માણસોને તેલ લગાડીને સાજા કર્યા. (માર્ક ૬:૧૩) તેમના ચમત્કારો ઈસુ માટે સારો દેખાવ હતો. બારમાંનો એક યહુદા ઈશ્કોરીયાતે જેણે ગળે ફાંસો ખાધો. એના કાર્યથી સાચા શિષ્યત્વથી વંચિત થઈ ગયો.

તમે મારા શિષ્યો છો એમ જગત તો જ જાણશે, જો તમે પરસ્પર પ્રેમ રાખતા હશો. (યોહાન ૧૩:૩૫) સાચા શિષ્યની ખાસીયત છે પ્રેમ... કેમ કે જે પ્રેમ રાખતો નથી, તે ઈશ્વરને પિછાનતો નથી. કારણ, ઈશ્વર પ્રેમસ્વરૂપ છે. (૧ યોહાન ૪:૮) પવિત્ર પાઉલ કહે છે : આ ત્રીજી વાર હું તમારે ત્યાં આવું છું. એકેએક વાત બે કે ત્રણ સાક્ષીઓની જુબાનીથી સાબિત કરવાની રહેશે. જેમણે પહેલાં પાપ કર્યા હતાં તેમને અને બીજા બધાને, પહેલાં હું બીજીવાર આવ્યો ત્યારે મેં ચેતવણી આપી હતી, અને આજે દૂર રહ્યો રહ્યો ફરી ચેતવણી આપું છું કે, હું જો ફરી ત્યાં આવ્યો તો દયા રાખવાનો નથી. ખ્રિસ્ત માટે મોઢે બોલી રહ્યા છે એનો તમારે પુરાવો જોઈએ, ખરું ને ? તમારી પ્રત્યે તેઓ નિર્બળતા બતાવતા નથી, બલકે, તમારામાં પોતાનું સામર્થ્ય પ્રગટ કરે છે.(૨ કરિંથ ૧૩:૧-૪)

ઈશ્વરનો પ્રેમ અનંત છે. સાચો શિષ્ય દુઃખ વેઠીને પોતાનો પ્રેમ મરણ પર્યંત બીજાને આપતો રહેશે. કેમ કે એના હેતુને પોતાના પિતાને કેન્દ્રમાં રાખીને કરતાં હોય છે. ઈસુએ, કૂંખમાં ભાલો ખાઈને, ચાબખાનો માર ખાઈને, ત્રણ ખિલાથી ક્રૂસે જડાઈને પણ નજર તો પિતા સમક્ષ જ હતી...

જો તું ઈશ્વરનો પુત્ર હોય તો તારી જાતને જ બચાવને ! ક્રૂસ ઉપરથી હેઠો ઉતરી જાને ! એ જ રીતે મુખ્ય પુરોહિતો પણ, શાસ્ત્રીઓ અને આગેવાનો મશ્કરીઓ કરવા લાગ્યા. આકાશ અને ભૂમિ વચ્ચે અધ્ધર ક્રૂસ ઉપર કલાકો સુધી ટીંગાઈ રહ્યો. ક્રૂસની અસહ્ય અપરંપાર વ્યથાઓ સહીને પોતાનું રુધીરનું છેલ્લામાં છેલ્લું ટીપું વહેડાવવા. આ દેહની કુરબાની આપવા ચૂક્યો નહિ. અમારા પ્રત્યેના પ્રેમને દર્શાવવા પોતાના રક્ત અને શરીરને ખ્રિસ્તયજ્ઞ દ્વારા પણ સમર્પણ કરે જ છે. એમનું અનુસરણ કરીને આપણા માનવ બંધુને પ્રેમ કરીને સાચા શિષ્ય બની જઈએ.

પ્રભુવાણી કહે છે...

જો તમે મારી વાણીને વળગી રહો તો તમે મારા સાચા શિષ્ય. (યોહાન ૮:૩૧) તમારો કદી નાશ થશે નહિ. બાહ્ય આંડબર અને પાંખડતામાં સંત અગુસ્ટીન ઘમંડી જીવન જીવતાં હતા. તેમની માતા વર્ષોથી તેમને માટે પ્રાર્થના કરતાં રહ્યા હતા. સમયને ઓળખીને આટલું સમજી લો કે, અત્યારે તમારે ઊંઘમાંથી જાગવાની ઘડી આવી પહોંચી છે. આપણે શ્રદ્ધા રાખતા થયા ત્યારના કરતાં અત્યારે આપણો ઉદ્ધાર વધુ નજીક છે. રાત ઘણી વીતી ચૂકી છે. દિવસ ઉગવામાં છે. તો ચાલો, આપણે તામસિક કાર્યોને ફગાવી દઈ પ્રકાશનાં શસ્ત્રો સજી લઈએ. આપણે દિવસે શોભે એમ વર્તીએ, ન રંગરાગમાં પડીએ કે નશાબાજમાં, ન વ્યભિચારમાં, ન ઝઘડામાં કે ઈર્ષામાં. પ્રભુ ઈસુ ખ્રિસ્તને ધારણ કરો અને પાપી પ્રકૃતિની વાસનાઓને સંતોષવાનો વિચાર કરવાનું છોડી દો. (રોમ ૧૩:૧૧-૧૪) પ્રભુની આ વાણી દ્વારા અગુસ્ટીન સંત બની ગયા. એટલે જે કોઈ મારાં આ વચનો સાંભળશે અને તે પ્રમાણે ચાલશે તેને હું ડાહ્યા માણસ સાથે સરખાવીશ, જેણે ખડક ઉપર ઘર બાંધ્યું હતું. વરસાદ તૂટી પડ્યો, પૂર ઉમટ્યાં, પવન સુસવાટા કરતો ઘરને થપાટો મારવા લાગ્યો, પણ તે પડ્યું નહિ, કારણ તેના પાયા ખડકમાં ખોડાયા હતા. (માથ્થી ૭:૨૪-૨૫) કેમ કે વચનરૂપી ખડકાળ જમીન પર ઘર બાંધવામાં આવ્યું હતું. ગમે તેવી આનશ્વર દુનિયા પર ગમે તેવી આફતો આવ પરંતુ પ્રભુ વચનમાં સુદૃઢ રહીએ તો જીવનમાં ઉચ્ચતમ શિષ્ય બની જઈએ... ''પ્રભુ નો મહિમા હો...!''●

લગ્ન વિષયક

ગુજરાતી કેથોલિક યુવક ઉ.વ. ૩૧, બી.કોમ. સાથે પી.જી.ડી. સી.એ., કોમ્પ્યૂટર ટીચર તરીકે સર્વિસ કરતા યુવક માટે ભણેલી, સંસ્કારી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

મો. ૯૪૨૬૫૯૭૦૪૨ / ૭૦૪૬૨૭૬૧૦૫

''નર્સિંગ તો માત્ર ગ્રો-વેલ અકેડેમી નું જ''

ગ્રો-વેલ નર્સિંગ અકેડેમી

ક્રમ	કોર્સનું નામ	લાયકાત	વર્ષ
૧	હોસ્પિટલ આસિસ્ટન્ટ	ધો. ૧૦/૧૨ પાસ	૧ વર્ષ
૨	GNM નર્સિંગ (માર્ગદર્શન-બેંગ્લોર)	ધો. ૧૨ પાસ	૩ વર્ષ
૩	B.Sc. નર્સિંગ (માર્ગદર્શન-બેંગ્લોર)	ધો. ૧૨ સાયન્સ	૪ વર્ષ
૪	P.B. B.Sc. નર્સિંગ (માર્ગદર્શન-બેંગ્લોર)	GNM પાસ	૨ વર્ષ
૫	એક્સ-રે ટેકનીશીયન	ધો. ૧૦/૧૨ પાસ	૧ વર્ષ
૬	ડિપ્લોમા ઈન હેલ્થકેર એન્ડ મેટરનીટી અસિસ્ટંટ	ધો. ૧૦/૧૨ પાસ	૨ વર્ષ
૭	ઓપરેશન થિયેટર ટેકનીશીયન	ધો. ૧૦/૧૨ પાસ	૧ વર્ષ

દરેક કોર્સમાં સ્ટડી મટીરિયલ, નોટબુક્સ, કોલેજ બેગ, યુનિફોર્મ ફ્રી. - વિદ્યાર્થીઓ માટે ઘરે બેઠા તેમજ નિયમિત અભ્યાસની સગવડ. - ગામડેથી આવનાર બહેનોને ફ્રી બસ પાસ.

GNM નર્સિંગ માટે પ્રવેશની લાયકાત

- ધો. ૧૨ કોઈપણ પ્રવાહમાં ૪૦% કે તેથી વધુ માર્ક્સ સાથે પાસ હોવું જોઈએ.
- માત્ર SC અને ST ઉમેદવારોને પ્રવેશ માટે ૫% માર્ક્સની રાહત.
- ઉંમર ૩૧.૧૨.૨૦૧૮ ના રોજ ૩૫ વર્ષથી વધુ અને ૧૭ વર્ષથી ઓછી ન હોવી જોઈએ.
- ANM પાસ હોય અથવા NIOS માંથી ૧૨ પાસ કરેલ હોય તો પણ GNM પ્રવેશ માટે અરજી કરી શકે છે.

- બેંગ્લોરની INC અને KNC માન્ય કોલેજોમાં પ્રવેશ
- ૩૦૦ કરતા વધુ ગુજરાતી વિદ્યાર્થીઓ
- બહેનો માટે હોસ્ટેલ સુવિધા • કોલેજનું ૯૫ % રીઝલ્ટ
- સરકારી યોજના મુજબ દરેક સ્કોલરશીપનો લાભ

કિલ્લોલ હોસ્પિટલ નીચે, મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧.

Ph.: (02692) 259210 • Email : jctanand@gmail.com • www.jatancharity.org

સ્ટીવન ક્રિશ્ચિયન (Director) 99 135 57505

નિકીતા પરમાર (PRO) 96 382 78952

સભાપુરોહિતશ્રીનું ભલામણપત્ર લઈને આવનારને ફી માં રાહત / ૧ વર્ષ, ૨ વર્ષની નવી બેચ શરૂ...

આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. શારદાબેન કાંતિલાલ ક્રિશ્ચિયન

જન્મ: ૧૨-૧૦-૧૯૪૯

અવસાન: ૨૭-૧૦-૨૦૧૦

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

સુની થઈ ગઈ મનની દીવાલો, સુનાં થઈ ગયાં ઘરનાં આંગણિયાં,
ફૂલ ફેલાવે એની સુવાસ, સૂરજ ફેલાવે એનો પ્રકાશ
ચંદ્ર ફેલાવે એની શીતળતા, વાણી ફેલાવે એની મીઠાશ,
પરંતુ પ્રેમથી ''આવકારો'' દેનાર હવે નહીં મળે
આંખો હજી નિહાળે છે તમને, અંતર હજી પોકારે છે તમને
સ્મરણ થાય છે જ્યારે મન મૂકીને રડાવે છે અમને.
કલ્પી ન શકાય એવી તમારી અણધારી વિદાય કાળજું કંપાવી ગઈ
મન માનતું નથી અમ તણું, ચંદન શું જીવન જીવીને
સુખ સહુને દઈ ગયાં, ખુદ ઘસાઈ અમ કાજે.
સૌરભ થઈ પ્રસરી ગયાં, સંબંધ કેરી ડાળે પાન
કદીએ પીળાં થશે નહીં, તમારાં સ્મરણો અમ હૃદયથી, કદીયે અળગાં થશે નહીં
અશ્રુ ભરાઈ ગયાં આંખમાં, શબ્દો અટવાઈ ગયા શ્વાસમાં
વડલો હતા તમ અમ જીવનના, પુષ્પો અને પર્ણ વિખરાઈ ગયાં
નામ હતું ''શારદા'', ''શરદ'' બની પ્રકાશી ગયાં
રહી ગયું પાનખર સમ જીવન અમારું
પ્રભુ પ્રાર્થુ તમ કાજે, અમ મળીશું પુનરુત્થાને.

લિ. આપની યાદમાં
કાંતિલાલ એન. ક્રિશ્ચિયન (નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી)
કલ્પેશ ડિસોઝા (પુત્ર), પ્રજ્ઞા ડિસોઝા (પુત્રવધૂ), વ્હાલસોયા પ્રજ્ઞીલ (સોનુ) (પૌત્ર)
અને ક્રિએરા (પૌત્રી) સહપરિવાર
૧૯, નિલગીરી પાર્ક, પાધરિયા, આણંદ (ફોન નં. ૦૨૬૯૨-૨૫૬૮૬૯)

સ્મરણાંજલિ

છઠ્ઠી પુણ્યતિથિ

સ્વ. ડાભી સુમિત્રાબેન જશુભાઈ
જન્મ : ૧૫-૧૦-૧૯૪૧
અવસાન : ૧૬-૦૪-૨૦૧૨

પ્રથમ પુણ્યતિથિ

સ્વ. ડાભી જશુભાઈ બાબુભાઈ
જન્મ : ૦૯-૦૭-૧૯૩૯
અવસાન : ૨૮-૧૦-૨૦૧૭

''પ્રભુમાં શ્રદ્ધા સાથે મરનાર પરમસુખી છે.''

પૂજ્ય મા-બાપુ,

સુના થઈ ગયા ઘર આંગણ. તમને અંતર હજી પુકારે છે. અમે દુનિયામાં સૌથી દુઃખી છીએ કે તમે અમારી પાસે નથી. જીવન એવું જીવ્યા કે જોનારા જોયા જ કરે. જીવનમાં કામ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજયા કરે. અંજલિ આપતા હૈયું રડે છે. શ્રદ્ધા આપતા શબ્દો ખૂટે છે. મા-બાપુ શ્રદ્ધાંજલિ આપતા હૈયું રડે છે.

''પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું''

લિ.

ડાભી અનિલ જે. **વાલી દાદાની દીકરી**
ડાભી સુનિતા એ. **ડાભી રોઝી એ.**

૧૯, સાંઈબાબા પાર્ક, હાટકેશ્વર, મણિનગર-પૂર્વ
ગામ - બોરીયાવી

ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. લક્ષ્મીબેન દોમિનિક જાદવ

જન્મ: ૦૬-૦૧-૧૯૪૦

અવસાન: ૦૯-૧૦-૨૦૧૫

તારી વિદાયને ત્રણ વર્ષ થઈ ગયાં. છતાં તારી યાદ વિસરાઈ નથી. કેમકે
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિ,
હસતું મુખડું રાખી, લીધી વિદાય ઓચિંતી તમે,
જીવનભર ધૂપસળીની માફક સુગંધ ફેલાવી તમે
જીવન એવું જીવી ગયાં કે, જોનારા જોયા કરે,
કર્મો એવાં કર્યા કે, હૃદયમાં સૌના ગુંજયા કરે.
ધર્મ કદી ભૂલ્યાં નથી. સુખ દુઃખમાં સદાય હસતાં રહ્યાં,
આંખમાં આંસુ આવે તારી યાદમાં, અરજ છે એક કરજે યાદ અમને પ્રભુની છાયમાં.

પુનરુત્થાનની વેળાએ ફરીથી મળીશું.
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ બક્ષે એ જ પ્રાર્થના.

લિ. વિયોગથી વ્યથિત તારો દોમિનિક તથા બાળકો અને સગાં સંબંધીઓ

ઠે. મેરીકુંજ, ખ્રિસ્તી મહોલ્લો કલમસર, તા. ખંભાત, જિ. આણંદ

શ્રદ્ધાંજલિ

સ્વ. ફ્રાન્સિસ કે. ક્રિશ્ચિયન
(ઉર્ફે ડાહ્યાભાઈ કાનજીભાઈ)

જન્મ: ૨૦-૦૧-૧૯૨૦

અવસાન: ૦૩-૧૦-૨૦૦૮

સંવેદના ક્યા કોઈ શબ્દોમાં મપાય છે. એ તો વહાલ બની બસ આંખોમાં ઉભરાય છે.

પૂજ્ય બાપુ,

આપની વિદાયના દસ વરસ દરમિયાન અનેક ચડતી પડતી, સારા અને નરસા પ્રસંગોમાં તમને યાદ કર્યા. આપના આશીર્વાદ થકી ઘરમા સુખ અને શાંતિ જળવાઈ રહી છે. આપ સદેહે અમારી વચ્ચે નથી, પરંતુ આપનો શબ્દ દેહ હંમેશા અમારી પાસે છે. આપ સુખમાં અને દુઃખમાં સદાય હસતાં રહ્યા અને સૌનાં દિલમાં વસતા રહ્યા. આપના પરિવારને હંમેશા આપની ખોટ સાલશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ બક્ષે તે જ પ્રાર્થના.

લિ. વિક્ટર - અંજના, જેક્સન - શ્રુતિ
તમારી વહાલી બેટી ગ્રેના, તમારો વ્હાલો પ્રપોત્ર એઝેકિંએલ

૧૧૯, આરાધના સોસાયટી, લિંક રોડ, ભરૂચ

શ્રદ્ધાંજલિ

પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ

જન્મ
તા. ૦૧-૦૬-૧૯૪૧

અવસાન
તા. ૦૬-૦૯-૨૦૧૮

સ્વ. પોલ જોન પરમાર

આંખો તમને નિહાળે છે. અંતર તમને પુકારે છે. મન નથી માનતું કે તમો અમારી વચ્ચે નથી. અમારાથી દૂર ઈશ્વરના રાજ્યમાં ચાલ્યાં ગયાં તમો, પણ આપ અમારા હૃદયમાં વસેલ છો. પ્રભુ ઈસુ આપના દિવ્ય આત્માને દિવ્ય શાંતિ અને પરમ શાંતિ આપે એ જ અમારી પ્રભુ પાસે પ્રાર્થના.

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

લિ. એલીઝાબેન પોલ પરમાર
મોના - પ્રફુલ્લ, માઈકલ - મિનાક્ષી, ફ્રાન્સિસ - નિકેતા
તમારા નાના બાળકો તથા સમસ્ત પરિવાર

૧૧, જોધપુરકુંજ સોસાયટી, રામદેવનગર, સેટેલાઈટ ચાર રસ્તા, અમદાવાદ
મો. ૯૯૯૮૩ ૩૬૬૯૨, ૦૭૯-૨૬૯૨૫૮૮૪

દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું

સ્વ. મણીબેન વિલ્યમભાઈ મેકવાન

જન્મઃ ૧૬-૧૦-૧૯૪૧
અવસાનઃ ૨૬-૧૦-૨૦૧૬

વ્હાલી મા,

આ દુનિયામાં તારો કોઈ પર્યાય નથી. કાલે સારું થઈ જશે, તેમ કહેનારી મા, તું પણ અમારી મધ્યેથી ચાલી ગઈ. મા તેમાંય વળી જોન અને બાપુ પણ તારી સાથે...

મા તું પ્રેરણાદાયી પ્રણેતા છે. હિંમત હાર્યા વિના હૈયેહામ ભરી, દરેક પરિસ્થિતિમાં હસતી ને પ્રોત્સાહિત કરતી. મા, તે સમય સાથે ચાલતાં શીખવ્યું અમોને. મા તારી દૈહિક રીતે હાજરી નથી. છતાં પરોક્ષ રીતે અમારી મધ્યે રહી હળીમળીને સંપથી રહેતાં તેમજ વ્યવહારું જ્ઞાન આપીને જીવન જીવતાં શીખવ્યું અમોને.

મા આ તારી લીલીવાડીમાંના બાળકો અમે સૌ તને ખૂબ યાદ કરીએ છીએ, ખીલેલા પુષ્પોરૂપી બાળકો એરીક-એરોન, જોસન, આર્યા અને ઈધન તને ફોટામાં જોઈ મા... મા... કહી બોલાવતા અમ હૈયાને રડાવી દે છે. મા તારા આ દિવ્ય આત્માને ઈશ્વર શાંતિ આપે તે જ પ્રાર્થના.

લિ. કોકીલાબેન મેકવાન અને કુટુંબીજનો, અંતોન મેકવાન અને કુટુંબીજનો, સુરેશ મેકવાન અને કુટુંબીજનો

સ્વજનોને શ્રદ્ધાંજલિ

પ્રથમ પુણ્યતિથિ

સ્વ. પ્રફુલભાઈ નાગરભાઈ પરમાર
જન્મઃ ૨૦-૦૭-૧૯૪૭
અવસાનઃ ૦૮-૧૦-૨૦૧૭

ત્રીજી પુણ્યતિથિ

સ્વ. મિતુલ પ્રફુલભાઈ પરમાર
જન્મઃ ૦૩-૦૮-૧૯૮૧
અવસાનઃ ૦૯-૦૮-૨૦૧૫

બારમી પુણ્યતિથિ

સ્વ. મેઘના પ્રફુલભાઈ પરમાર
જન્મઃ ૨૯-૦૪-૧૯૭૯
અવસાનઃ ૧૦-૦૩-૨૦૦૫

રાત રડતી રહી ને અમે જાગતા રહ્યા, અમારી ખળભળી ગયેલ ઘરની દીવાલ હાલક ડોલક થઈ ગઈ. એક પછી એક અમને મૂકીને, ઈશ્વરને દરબાર ચાલ્યા ગયા અને અમે એકલા રહી ગયા. ઊડી ગયા માળાના પંખીડા ડાળી બિચારી શું કરે ? કિલ્લોલ કરતી અમારી જિંદગીની એક નાનકડી ઘટમાળ તૂટીને જખ્મી થઈ ગઈ...

લિ. આપના સ્વજનો
ભાનુબેન - નેન્સી - હર્ષ

૧૨/બી આનંદ પાર્ક, અર્બુદાનગર સામે, રામતલાવડી, મિશન રોડ, નડિયાદ

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. ફિલીપભાઈ ખોજાભાઈ મેકવાન

જન્મઃ ૧૯-૦૯-૧૯૩૨
અવસાનઃ ૦૬-૧૦-૨૦૧૭

આપની વિદાયને એક વર્ષ વિતી ગયું
આપે પરિશ્રમ અને સંઘર્ષ વેઠીને અમને
સુખી કર્યા. આપનો લાગણીશીલ સ્વભાવ,
કૌટુંબિક ભાવના તથા સહનશીલતા
સદા અમારા હૈયામાં જીવંત રહેશે.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળવાની આશા સહ.

લિ. આપની ધર્મપત્ની આગ્નેશ પી. મેકવાન

દિનેશ-સુશીલા	**રમેશ-રેખા**
ક્રિસ્ટીના, એરિક	**રીયા, રીક્કુ, સ્મીત**

૪૦, ઈશાનંદ સોસાયટી, સીટીએમ, અમદાવાદ - ૩૮૦૦૨૬

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. શાંતિલાલ મોતીભાઈ ભાટિયા (ગામડી)

જન્મ : ૦૧-૦૬-૧૯૫૬

અવસાન : ૨૬-૧૦-૨૦૧૭

પૂજ્ય પપ્પા,

એક વરસની એક ક્ષણ પણ તમારા સ્મરણને ઝાંખું ના કરી શકી. આંખો તમને નિહાળે છે.

વ્હાલ, સ્નેહ અને વાત્સલ્યથી પ્રસન્ન ચહેરો અમારી આસપાસ નથી પરંતુ તેની અનુભૂતિ અવશ્ય છે. ખાલીપો સતત ડરાવે છે. પણ કાનમાં રવરવતો આપનો અવાજ સાંત્વના અને દિલાસો આપે છે. આપની સ્મૃતિ જ હવે તો અમારી આયપોત છે.

આપના આત્માને પરમશાંતિ ચિરંતના રહે, આપના માળાનાં શેષ પારેવા...

લિ. આપની પત્ની સરોજ, દીકરો લોરેન્સ, પુત્રવધુ સેજલ તથા બાળકો, સુઝેન, લીરોય, બ્લેસી, દીકરી શિલ્પા, જમાઈ વિલ્સટન - ઓસ્ટ્રેલિયા અને સમગ્ર ભાટિયા પરિવાર

ગામડી - નવરંગ સોસાયટી, "જલતરંગ"

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. (એડ્વોકેટ) સુરેશભાઈ એસ. મેકવાન

જન્મ : ૦૫-૦૨-૧૯૬૨

અવસાન : ૦૮-૧૦-૨૦૧૭

પપ્પા, તમારી વિદાયને એક વર્ષ થયું પણ મન હજું માનતું નથી. કે તમે અમારી મધ્યે નથી.

જીવન એવું જીવી ગયા કે મૃત્યુ પણ રડી પડ્યું. વિદાય એવી લીધી કે મૃત્યુ અમર થઈ ગયું. કષ્ટ સહન કરીને પરિવાર માટે ફૂલો પાથરી ગયા. રડી રહી છે આંખો અમારી જોઈ પ્યારી તસ્વીર તમારી.

"સૂનું થયું ઘર સુનો થયો પરિવાર"

કેટકેટલી યાદો મૂકી ગયાં છો. તમે અમારા અંતરમાં. અમે નજર કરીએ છીએ ત્યારે લાગે છે, હાજરી તમારી ઘરમાં. જીવનભર પરિશ્રમ કરી પરિવારને સમૃદ્ધ બનાવી શાંતિ આપતાં ગયા.

પપ્પા આપ હયાત નથી. છતાં અમારી પાસે છો. એવું લાગ્યા કરે છે. તમારી ગેરહાજરી અમારા હૃદયને હરપલ રડાવી રહી છે. આમ અચાનક અમોને છોડીને ચાલ્યા ગયા. એ કારમો ઘા ક્યારેય રૂઝાશે નહીં. જીવનની આ સફરમાં તમારી કમી હંમેશા રહેશે. પપ્પા અમારા જીવન રૂપી બાગમાં ખીલેલું સુગંધિત પુષ્પ બનીને રહ્યો. એવી પરમેશ્વર પિતાને અમારી અંતઃકરણથી પ્રાર્થના.

લિ. આપનો દુઃખીત પરિવાર

જાગૃતિ એસ. મેકવાન, સૃષ્ટિ- સંકેત

૭, મિલકામદાર સોસાયટી, રેલવે સ્ટેશન પાછળ, નડિયાદ

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. મુળજીભાઈ શનાભાઈ મકવાણા

જન્મ : ૦૧-૦૬-૧૯૩૪

અવસાન : ૩૦-૧૦-૨૦૧૭

પત્ની : રેવાબેન એમ. મકવાણા
૦૪, આલેખ ટેનામેન્ટ,
જીટોડિયા રોડ, આણંદ

ચંદુભાઈ એમ. મકવાણા
૦૯, પીનલ પાર્ક,
જીટોડિયા રોડ, આણંદ

વ્હાલા બાપુ,

અમારી મધ્યેથી વિદાયને આજે એક વર્ષ વીતી ગયું. બાપુ, જીવનમાં તમે સૌથી વ્હાલા હતા. તમારું 'બેટી' કહીને બોલાવવી, પ્રેમ અને મીઠાસથી વાતો કરવી, આ લાગણીને આજે ખોટ પડી છે. હાસ્યથી મઢેલું તમારું મુખ દુનિયાની બધી સુંદરતાની ઝાંખી કરાવતું.

બાપુ, તમે ખૂબ જ યાદ આવો છો. તમારા સખત પરીશ્રમથી આજે અમે સુખી છીએ.

પ્રભુ તમારા આત્માને ચિરશાંતિ બક્ષે એ જ અંતરની પ્રાર્થના.

લિ. તમારો પરિવાર

દિકરી : પુષ્પાબેન વી. પરમાર
વલ્લભભાઈ ડી. પરમાર
નિશા મેકવાન
સમીર મેકવાન
અરાયના

યેશા પી. ભાટીયા
પ્રતિક જે. ભાટીયા
પોમ્પી - રોની

બીજી પુણ્યતિથિ

સ્વ. સુરેશભાઈ બાબુભાઈ મેકવાન

જન્મ: ૦૬-૦૫-૧૯૬૮ ★ અવસાન: ૧૮-૧૦-૨૦૧૬

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.
પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.

લિ. બાબુભાઈ તથા આનંદીબેનનો પરિવાર
નીલગારી પાર્ક, આણંદ

બીજી પુણ્યતિથિ

સ્વ. કે.પી. મેકવાન (જોની)

જન્મ: ૨૬-૦૧-૧૯૫૯ ★ અવસાન: ૦૪-૧૦-૨૦૧૬

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.
પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.

લિ. અમો તમારાં દુઃખીત સ્નેહીજનો
વંદના પાર્ક, મરિયમપુરા, પેટલાદ

ચોથી પુણ્યતિથિ

સ્વ. વિપુલ થોમસ મેકવાન

જન્મ: ૧૨-૦૩-૧૯૮૨ ★ અવસાન: ૦૭-૧૦-૨૦૧૪

દીકરા તારા ગયાને ચાર વર્ષનાં વહાણા વહી ગયા છતાં તારી યાદ ખૂબ આવે છે. મમ્મીને રડાવી રડાવી છેતરી ગયો તું ઓ વિપુલ અમોને પૂછ્યા વગર ક્યાં ચાલ્યો ગયો તું. પ્રભુ તારા આત્માને શાંતિ આપે.

લિ. તારી મમ્મી, દીકરી જેની
બહેન-મુન્ની, ગીરીશ, રાહુલ, રીયા

સાતમી પુણ્યતિથિ

સ્વ. મેરી સેમ્યુઅલ પરમાર

જન્મ: ૨૩-૧૦-૧૯૩૮ ★ અવસાન: ૦૭-૧૦-૨૦૧૧

પરમકૃપાળુ પરમેશ્વર આપના પુણ્યશાળી આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરો.

પુનરુત્થાનની પ્રભાતે મિલનની શુભેચ્છા સહ, સૌની હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

લિ. સેમ્યુઅલ જોન પરમાર તથા પરિવાર
વિમલ સોસાયટી, 'બેથેલ', એફ/૪, ગોધરા રોડ,
ફ્રી લેન્ડગંજ - ૩૮૯૧૬૦, દાહોદ, જિ. દાહોદ

સુથારી કામ માટે મળો

ફર્નિચર, બારી બારણાં, મચ્છજાળી આપની પસંદગી મુજબના બનાવી આપવામાં આવશે. તમને પોષાય અમને પોસાય એવા વ્યાજબી ભાવે . તમારો સંતોષ એ અમારી કમાણી.

છોટાભાઈ લુંમ્બાજી સુથાર *ઈન્દિરા નગરી, ગામડી, તા.જિ. આણંદ*

મો. ૯૮૯૮૨ ૯૩૯૦૪

પ્લોટ વેચવાના છે

મધર મેરી નં. ૩માં નડિયાદમાં ૧૩૫ ચો.મી.નો પ્લોટ, ૨ પ્લોટ વેચવાના છે.

સંપર્ક

મો. ૭૦૪૮૪ ૧૫૨૮૫/૭૯૯૦૧ ૬૮૨૬૮

પંખીની પાંખે

ધર્મવસુધા

અપહરણ કરાયેલ ફાધરનો છુટકારો

નાઈજીરિયાઃ નાઈજીરિયાના ડેલ્હા રાજ્યમાં ઈમાનુએલ કેથોલિક દેવાલયના ફાધર ક્રિસ્ટોફર ઓગાગાનું તા. ૧-૯-૨૦૧૮નાં રોજ અપહરણ કરવામાં આવેલ હતું. જેમને તા. ૫-૯-૨૦૧૮ના રોજ છોડી મૂકવામાં આવેલ છે. આ કેદના સમય દરમ્યાન તેમને ભોજન કે પાણી આપવામાં આવ્યું ન હતું. તેમ છતાંય તેમની હાલત સારી છે. પરંતુ હાલમાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અપહરણકર્તાઓએ શરૂઆતમાં ૪૦,૦૦૦/- ડોલરની માંગણી કરી હતી. પણ અપહરણકર્તાઓને ખ્યાલ આવ્યો કે ખંડણીની કોઈ રકમ મળનાર નથી. આથી તેમણે ફાધરને છોડી મૂક્યા હતા. આ અપહરણની પાછળ કોઈ ધાર્મિક કારણ જોવા મળતું નથી.

— વેટીકન ન્યુઝ

રોમ મુકામે સેમિનાર

વેટીકનઃ તારીખ ૩ સપ્ટે. થી ૧૫ સપ્ટે. સુધી રોમ મુકામે નવનિયુક્ત ધર્માધ્યક્ષશ્રીઓ માટે એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. શુભસંદેશ ફેલાવવાના હેતુથી રચવામાં આવેલ સમિતિ દ્વારા આ પ્રકારનો સેમિનાર દર બે વર્ષે યોજવામાં આવે છે.

વિશ્વના ચાર ખંડો અને ૩૪ દેશોમાંથી કુલ ૭૪ ધર્માધ્યક્ષોએ ભાગ લીધો હતો. જેમાંથી ૧૭ આફ્રિકાના, ૮ એશિયાખંડમાંથી, ૬ એશિયા તથા ૩ લેટીન અમેરિકામાંથી ભાગ લીધો હતો. આ સેમિનાર સંત પોલ કોલેજ વેટીકન મુકામે યોજવામાં આવ્યો હતો.

સેમિનારનો મુખ્ય હેતુ એ હતો કે નવનિયુક્ત બધાં જ ધર્માધ્યક્ષશ્રીઓને પોતાની કાર્યવાહીની શરૂઆતમાં જ પ્રેષિતિક કાર્ય કરવા આ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. જેથી તેઓ ચિંતન, મનન અને પ્રાર્થના દ્વારા પોતાનું જીવન દૃઢ બનાવી શકે. સેમિનારમાં દરેક ધર્માધ્યક્ષશ્રીએ પોતાના જીવનનો અનુભવ એકબીજાને કહી સંભળાવ્યો હતો. આ સેમિનાર દરમ્યાન તારીખ ૮ સપ્ટે.ના રોજ ધન્ય કુમારી માતા મરિયમના જન્મદિવસના રોજ વડાધર્મગુરુ સાથે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યા બાદ તેમની મુલાકાત લેવામાં આવી હતી.

— વેટીકન ન્યુઝ

ધર્માધ્યક્ષ માટે ત્રણ વાત અગત્યની

વેટિકનઃ ધર્માધ્યક્ષ સંમેલન દરમ્યાન ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરતા વડાધર્મગુરુએ જણાવ્યું હતું કે, ધર્માધ્યક્ષશ્રીઓએ ત્રણ મૂળભૂત વાતોને યાદ રાખવી જોઈએ. પ્રથમ પ્રાર્થનામય વ્યક્તિ બનવામાં જ ખરી શક્તિ છે. તથા ઈશ્વરે અભિષિક્ત કરેલ છે અને લોકોની સાથે રહેવું અનિવાર્ય છે.

વડાધર્મગુરુએ ઉમેર્યું હતું કે, પ્રથમ મૂળભૂત પરિબળ પ્રાર્થનામય વ્યક્તિ બનવું. વાસ્તવિકતામાં પ્રાર્થના એ એક સહાનુભુતિ છે જે સંકટ સમયે મદદરૂપ - દિલાસારૂપ બને છે. એ સૌએ યાદ રાખવું જોઈએ. ઈસુ બધાં જ ધર્માધ્યક્ષશ્રીઓ માટે પ્રાર્થના કરે છે. આ ચેતના થકી બધાં જ ધર્માધ્યક્ષશ્રીઓને પ્રોત્સાહન મળે છે. અને આ તાકાતના કારણે જ તેઓ પોતાના તથા ધર્મસભા માટે પ્રાર્થના કરે છે.

બીજો મુદ્દો પસંદગીનો છે.

જેમ ઈસુએ બાર શિષ્યોની પસંદગી કરી હતી તેમ ધર્માધ્યક્ષીઓ પણ ઈસુની પસંદગી છે. આ પ્રકારની અનુભૂતિ તેમને ઈશ્વર સાથે વાતચીત કરવાની પ્રેરણા આપે છે. 'તમે મને પસંદ કર્યો છે' આ ભાવનાના કારણે નમ્રતા જન્મે છે.

ત્રીજો મુદ્દો, વડાધર્મગુરુશ્રીએ જણાવ્યું હતું કે, કેટલાક ધર્માધ્યક્ષ શ્રદ્ધાળુઓની ભાવનાને સમજતા નથી. આથી તેઓ શ્રદ્ધાળુઓથી દૂર ચાલ્યા જાય છે. જ્યારે ધર્માધ્યક્ષશ્રીએ લોકોનાં હૃદયને સ્પર્શ કરવાનો છે. આમ ધર્માધ્યક્ષ પ્રાર્થના દ્વારા શક્તિશાળી બની ઈશ્વરના અભિષિક્ત છે તેવી અનુભૂતિ સાથે લોકોની સાથે રહેવાનું છે.

— વેટીકન ન્યુઝ

યમનમાં બાળકોની સ્થિતિ

જીનેવાઃ સંયુક્ત રાષ્ટ્રના યુનિસેફ વિભાગના પ્રવક્તા ક્રિસ્ટોફર બોલીરેકએ પોતાના એક વક્તવ્યમાં જણાવ્યું હતું કે યમનમાં છેલ્લાં ૩ વર્ષથી જે યુદ્ધ ચાલી રહ્યું છે તેનાં કારણે બાળકોની સ્થિતિ ઘણી જ દયાજનક બની રહેલ છે. વૈશ્વિક માનવીય સહાયની સૌથી વધુ જરૂર યમનમાં બાળકોને છે. દેશના ૮૦ ટકા બાળકો એટલે લગભગ ૧૧ મિલિયનથી વધુ બાળકોને માનવીય સહાયતાની જરૂર છે. આ બાળકોને ભોજન મળતું નથી. બીમારીઓ તથા રહેવાની સગવડ મળતી નથી. આખો દેશ વિનાશના આરે ઊભો છે.

તેમણે ઉમેર્યું કે યમનમાં ૨૫૦૦ થી વધુ શાળા બંધ હાલતમાં છે. જેમાં ૬૬ ટકા શાળાઓ હવાઈ હુમલાથી નાશ પામી છે. ૭ ટકા શાળાઓ જે સારી હાલતમાં છે તેમાં નિરાશ્રિત રહેણાંક તરીકેનો ઉપયોગ કરે છે. સેના અને સશસ્ત્ર જૂથો દ્વારા લગભગ ૨૬૩૫ થી વધુ બાળકોની ભરતી કરીને તેમનો દુરઉપયોગ કરવામાં આવે છે.

છોકરીઓના લગ્ન અંગે મોટી મુશ્કેલી છે. સને ૨૦૧૬માં ૬ જિલ્લામાં એક સર્વે કરવામાં આવેલ હતો તે મુજબ ૧૫ વર્ષથી ઓછી ઉંમરની ૩/૪ ભાગની છોકરીઓના લગ્ન થઈ જાય છે. ૪૪.૫ ટકા છોકરીઓ ૧૫ વર્ષ કરતા પણ નાની ઉંમરની હોય છે. યુનિસેફ ૧,૪૨,૦૦૦થી વધારે બાળકોને મોકલવા તથા તેમના રહેણાંકની સગવડ કરી છે. ૭૦,૦૦૦ થી વધુ બાળકોને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન આપવામાં આવી રહી છે.

૧૩૧ જેટલી શાળાઓની મરામત કરવામાં આવી છે. અને ૧,૨૫,૦૦૦ જેટલા બાળકોને પુનઃ શાળામાં દાખલ કરવામાં આવ્યા છે.

— વેટિકન ન્યુઝ

સુધારો

૧. સપ્ટેમ્બર મહિનાના અંકમાં પાન નંબર ૪૫ ઉપર ધર્મગુર્જરીમાં વૃક્ષારોપણ કાર્યક્રમના સમાચારમાં અડાસ ગામમાં બાબુભાઈ સોલંકીનું દાન રૂા. ૨૫૦૦ને બદલે ૨૫,૦૦૦ વાંચવું.

૨. સેમ્યુઅલભાઈ વિલ્યમભાઈ સોલંકીએ રૂા. ૨૦૦૦ દાન પેટે આપેલ છે.

ધર્મભારતી

ધર્મસભાનો મત

નવી દિલ્હીઃ 'સમલૈંગિકતાને કાયદેસરનું રૂપ આપવા છતાંય સમલૈંગિક વ્યવહાર સ્વીકાર્ય નથી.' આ અભિપ્રાય ભારતીય સર્વોચ્ચ ન્યાયાલયના નિર્ણય સંબંધી ભારતીય કેથલિક ધર્મસભાએ કેથલિક સિદ્ધાંત રજૂ કર્યો છે. તા. ૬-૦૯-૨૦૧૮ના રોજ સર્વોચ્ચ ન્યાયાલયે સમલૈંગિકતા અંગે ભારતીય દંડ સહિતાનો કાયદો ૩૭૭ રદ કરેલ છે. આ કલમ ૧૫૭ વર્ષથી અમલી હતી. જેમાં સમલૈંગિક વ્યક્તિઓને સજા કરવામાં આવતી હતી.

ભારતીય ધર્માધ્યક્ષ સંમેલન અન્વયે શાંતિ અને વિકાસ કાર્યાલયના સચિવ ફાધર ફર્નાન્ડીસે જણાવ્યું હતું કે, આ કાયદાને નૈતિક રૂપથી સ્વીકારી શકાય તેમ નથી. કેથલિક સિદ્ધાંત મુજબ સમલૈંગિકતા અસ્વીકાર્ય છે.

તેમણે ઉમેર્યું કે ધર્મસભા સમલૈંગિક વ્યક્તિઓના માનવ અધિકારની ગરિમાનું કોઈપણ જાતના ભેદભાવ વિના બધાના માનવ અધિકારનું રક્ષણ અને સન્માન કરે છે. સી.બી.સી.આઈ.ના ઉપાધ્યક્ષ જોશુઆ ઈગ્નેસિયાસે જણાવ્યું હતું કે, ભારતીય 'કેથલિક ધર્મસભા સમલૈંગિકતાને પ્રોત્સાહન કે સમર્થન આપતી નથી.'

– વેટીકન ન્યુઝ

ફાધરનું સંબોધન - મસ્જિદમાં

કોટ્ટાયમઃ ફાધર જોસેફ પુથુસરીએ તા. ૩૧મી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ કોટ્ટાયમ જિલ્લાની વેચૂરની મસ્જિદમાં બપોરની મુખ્ય નમાઝના સમયે મુસ્લિમ ભાઈઓ સમક્ષ ધન્યવાદ - આભારનું ભાષણ આપ્યું હતું.

અર્નાકુલમ ધર્મપ્રાંતમાં કોટ્ટાયમ મુકામે સેન્ટ એન્થોની દેવળમાં કેરાલાના પૂર પીડીત લગભગ ૫૮૦ જેટલા લોકોએ શરણ લીધું હતું. તેમના ભોજન - પાણીની વ્યવસ્થા દેવળ તરફથી થતી હતી. પણ જતે દિવસે ભોજન અને પાણી ખૂટી ગયા હતા અને વરસાદ વરસતો હતો. આથી ફાધર જોસેફ નજીકની મસ્જિદના મૌલવીને બોલાવીને મળીને પોતાની મુશ્કેલી જણાવી હતી. જેના અનુસંધાનમાં મૌલવી અને મુસ્લિમ ભાઈઓ ખોરાક-પાણી સાથે દેવળમાં પહોંચી ગયા હતા. એટલું જ નહિ જરૂરિયાતમંદ લોકોને જરૂરી દવાઓ પણ પૂરી પાડી હતી.

પૂર ઓસરી ગયા બાદ મસ્જિદના અધિકારીએ ફાધર જોસેફને મસ્જિદમાં પધારી એક જ મંચ ઉપરથી સંબોધન કરવાની તક આપીને કેરલની એકતા માટે એક દુર્લભ દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું.

ફાધર જોસેફ પુથુસરીએ મીડિયાને જણાવ્યું હતું કે, એ લોકોએ તેમના પ્રાર્થનાખંડમાં આમંત્રણ આપી મને બોલવાની તક આપી હતી. હું તે સર્વનો વ્યક્તિગત આભાર માનવા માટે મસ્જિદમાં ગયો હતો. તેમણે ઉમેર્યું હતું કે આ એક એકતાનો દુર્લભ સંકેત છે.

શુક્રવારની આ નમાઝમાં લગભગ ૨૫૦ જેટલા મુસ્લિમ ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમને સંબોધતા ફાધરે જણાવ્યું હતું કે, આ વિનાશકારી પૂરે આપણને આપણી દીવાલો તોડીને પુલો બાંધવાની તક આપી છે. આપણે આંતરધર્મીય સહયોગ અને સદ્‌ભાવનાની આ પ્રક્રિયા કાર્યરત રાખવી જ જોઈએ. મુશ્કેલીના સમયે આપણે જે મૂલ્યો ફરીથી સ્થાપ્યા છે તેને આવનારી પેઢી માટે કાર્યશીલ રાખવા જોઈએ તેમ ફાધરે જણાવ્યું હતું. ફાધરના સંબોધનથી મુસ્લિમ ભાઈઓમાં હર્ષ અને આનંદની લાગણી પ્રસરી વળી હતી.

– મેટર્સ ઈન્ડિયા

અલીગઢ મુસ્લિમ યુનિ. દ્વારા જર્મન ઈસુસંઘીને એવોર્ડ

અલીગઢઃ તારીખ ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૮, ઈસુસંઘી પુરોહિત ક્રિશ્ચિયન ફાધર ટ્રોલને શ્રી સૈયદ એક્સલેન્સ એવોર્ડ આપી નવાજવામાં આવેલ છે. આ સન્માનીય એવોર્ડ તેઓને મુસ્લિમ ક્રિશ્ચિયન આંતર સંબંધો અભ્યાસ માટે આપવામાં આવેલ છે.

પ્રોફેસર અબ્દુલ કીડવાઈની (હેડ ઓફ ડિપાર્ટમેન્ટ) જાહેરાત મુજબ તારીખ ૧૭-૯-૨૦૧૮ના રોજ એક વિશેષ સમારંભમાં ફાધરને આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો. ફાધર ક્રિશ્ચિયન ડબલ્યુએ જણાવ્યું હતું કે આ સન્માનિય એવોર્ડ મળતા હું આનંદ અનુભવું છું. દક્ષિણ એશિયામાં મુસ્લિમ રીતરીવાજ અને પરંપરા પરત્વે તેમણે અભ્યાસ કર્યો છે. તેમના આ અભ્યાસથી છેલ્લાં ૨૦૦ વર્ષથી ધાર્મિક પ્રશ્નોને સામનો કરી રહેલા ધાર્મિક નેતાઓને ઘણી મદદ મળશે.

એવોર્ડ જેમના નામનો છે તે શ્રી સૈયદ સાહેબ ૧૯મી સદીના મુસ્લિમ દાર્શનિક છે. તે તેઓના સમયના નેતા હતા અને માનવીય સન્માન માટે તેમણે ઘણા પ્રયત્નો કર્યા હતા. ૧૯૭૬થી ૧૯૮૮ સુધી તેઓ ઈસ્લામિક સ્ટડીના પ્રાધ્યાપક તરીકે વિદ્યા જ્યોતિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ દિલ્હીમાં સેવાઓ આપતા હતા. ત્યારબાદ ૧૯૯૩ થી ૯૯ સુધી રોમ ખાતે દાર્શનિક વિદ્યા શીખવતા હતા. ૧૯૯૯ થી બર્લીન ખાતે ખ્રિસ્તી - મુસ્લિમ આંતર સંબંધો વિષય શીખવાડતા હતા. ૨૦૦૧થી સેન્ટ જ્યોર્જ ખાતે ખ્રિસ્તી, મુસલમાન સંબંધો વિષય ભણાવે છે. તેમણે ચાર પુસ્તક લખ્યા છે.

ફાધર ટ્રોલે હાલમાં જેસયુટ સ્કૂલ ઓફ થીઓલોજી ફેડફર્ટ મુકામે પ્રોફેસર છે. જ્યાંથી તેમણે પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી છે.

ઈસ્લામ ઈન ઈન્ડિયા, સ્ટડીઝ એન્ડ કોમેન્ટ્રી એ વિશેના તેમના ચાર પુસ્તકો પ્રકાશિત થયેલ છે.

– મેટર્સ ઈન્ડિયા

સોનાના દાગીનાનું દાન

કોચીઃ કોચીના કેથોલિક દેવાલયે મધર મેરીના પૂતળાંને અર્પણ કરવામાં આવેલ સોનાના દાગીના કેરળના પૂર પીડીતોની મદદ માટે આપી દીધા છે.

દેવાલયના સભાપુરોહિત વર્ગીસે જણાવ્યું હતું કે, અમારો હેતુ લોકોને સંદેશ આપવાનો હતો કે લોકોએ પૂર પીડીતોની મદદે આવવું જોઈએ. માતા મરિયમને અર્પણ થયેલ સોનાનાં દાગીના બિનવારશી પડી રહેલ તથા માતા મરિયમને સોનાના દાગીનાની જરૂર નથી.

આ દેવાલય અને ગામ પેરીયર નદીના કિનારે આવેલ છે. જ્યાં પૂરથી ઘણું જ નુકસાન થયેલ છે. પૂરના સમયે લગભગ ૩૦૦૦ લોકોએ લોકોએ દેવળમાં આશરો લીધો હતો.

– મેટર્સ ઈન્ડિયા

ધર્મગુર્જરી

ધર્મ શિક્ષકોને તાલીમ

નડિયાદઃ પાસ્ટરલ સેન્ટર નડિયાદ ખાતે ધર્મશિક્ષણને પ્રવૃત્તિશીલ કેવી રીતે બનાવી શકાય તે વિષય અંતર્ગત અમદાવાદ ધર્મપ્રાંતના ધર્મશિક્ષકોનો બે દિવસીય તાલીમ વર્ગ યોજાઈ ગયો. જેમાં ૩૦ જેટલા ધર્મશિક્ષકોએ ભાગ લીધો હતો. આ વર્ગમાં ફાધર આમ્બ્રોસ, ફાધર નિલેશ, ફાધર સીબી, સંજયભાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા આ સમગ્ર આયોજન ફાધર જોસેફ અપ્પાઉએ કર્યું હતું.

– વિરલ પરમાર, નડિયાદ

નિવેદીતા ફાઉન્ડેશન એવોર્ડ

આણંદઃ નિવેદીતા ફાઉન્ડેશન આણંદ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકો (૧૯)ની પસંદગી કરી તેઓને તા. ૨૯-૮-૨૦૧૮ના રોજ સન્માનવામાં આવ્યા. જેમાં પંડોળી પ્રા. કુમાર શાળામાં ફરજ બજાવતાં પ્રકાશચંદ્ર તિમોથીભાઈ પરમારની શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થઈ છે.

આ પહેલા તેમને રાજ્ય પારિતોષિક, પૂ. મોરારીબાપુનો ચિત્રકૂટ એવોર્ડ, રોટરી ક્લબ દ્વારા 'નેશનલ બીલ્ડ એવોર્ડ' બીઓબી દ્વારા શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

– પ્રકાશચંદ્ર તિમોથીભાઈ પરમાર

મા મરિયમ જયંતીની ઉજવણી

દાહોદઃ તા. ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૮થી મરિયમ જયંતીની નવસંધ્યા ભક્તિનો આરંભ થયો.

ભક્તિ દરમ્યાન સ્થાનિક પુરોહિતો રેવ ફાધર જ્યોર્જ ભૂરિયા - સભા પુરોહિત, ફાધર પોલ રાજ, ફાધર રાજેશ તથા આમંત્રિત પુરોહિતોએ માતા મરિયમ - મુક્તિની સહાયક, કૃપાની રાણી, નિષ્કલંક જીવધારણ, આશાનું કિરણ, મરિયમનું ઉદ્ગ્રહણ, ગુલાબમાળાની રાણી વિશે ધર્મઉપદેશ આપ્યો.

– સેમ્યુઅલ જોન પરમાર

સાંસ્કૃતિક કાર્યક્રમ

વડતાલઃ વડતાલ 'હેલ્પ ઓફ મેરી' મંડળ દ્વારા સંચાલિત 'સંધ્યાદીપ' બાલમંદિરમાં ૧ લી સપ્ટે. ૨૦૧૮ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ઉજવણીનો મુખ્ય વિષય હતો. ૧૫મી ઓગસ્ટ (સ્વાતંત્ર્ય દિવસ), રક્ષાબંધન તથા શિક્ષકદિન. બાળકોમાં તહેવારોનું જ્ઞાન તથા સમજ વધે ઉપરાંત તેમનામાં દેશપ્રેમની ભાવના જાગે અને શિક્ષકદિનનું મહત્ત્વ સમજે એ હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે અનુવાદક અને લેખક જોન ફિલીપ મેકવાન તથા પ્રજ્ઞેશ સોલંકીને મંડળના સુ.સિ. અનેગા, બાળમંદિરના ઈન્ચાર્જ સિ. નિલમ દ્વારા આવકારવામાં આવ્યા હતા.

પ્રાર્થના બાદ સિ. નિલમ અને શિક્ષિકા બહેને તહેવારો વિશે પ્રવચન આપ્યું હતું.

મુખ્ય મહેમાન શ્રી જોન ફિલિપ મેકવાને પોતાના પ્રવચનમાં તહેવારો વિશે ઊંડાણથી માહિતી આપી હતી. બાળકોમાં દેશપ્રેમની ભાવના જાગે તથા તેમના જીવનમાં તેઓ કોને આદર્શ માને છે, તેના વિશે ઉપરાંત બાળકોમાં સંપ અને સુમેળ તથા આપલેની ભાવના વિકસિત થાય તેવી સમજ આપી હતી.

– સંધ્યાદીપ

સ્વાતંત્ર દિનની ઉજવણી તથા બાઈબલ ક્વિઝ સ્પર્ધા

રામોલઃ સીટીએમ રામોલ પેરિસ ખાતે આવેલ અવર લેડી ઓફ લુર્ડસ પ્રેયર હોલમાં તા. ૧૫-૮-૧૮ના રોજ યુથ સર્કલ દ્વારા બાઈબલ ક્વિઝ સ્પર્ધા યોજેલ. જેમાં તાબાના ૧૨ બાળકોએ ઉમળકાભેર ભાગ લીધો તેમજ સાથેસાથે સ્વાતંત્રદિન નિમિત્તે ઈશાનંદ સોસાયટીના ચેરમેન પોલ વિલ્યમ મેકવાન દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ કરવામાં આવ્યો અને આ દરમ્યાન પેરિસના સભાપુરોહિત ફ્રાન્સિસ કે એ પ્રાસંગિક પ્રવચન આપેલ અને ત્યારબાદ ચેરમેનશ્રી પોલ મેકવાને પ્રસંગ અનુરૂપ પ્રવચન આપેલ આ સમયે પેરિસના ધર્મજનો તથા સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં હાજર રહેલા.

– મેકવાન પોલ વિલ્યમ

૨૦મો વાર્ષિક સમારોહ

ગાંધીનગરઃ ગાંધીનગર ગુજરાતી કેથોલિક પરિવારનો ૨૦મો વાર્ષિક સમારોહ તા.૧૬/૦૯/૨૦૧૮ના રવિવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ઓથ્પેલ્મીક સર્જન ડૉ. સંદીપ પરમાર અને અતિથિ વિશેષ તરીકે ડૉ. હેતલ પટેલ તથા સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદના પ્રાધ્યાપક ફા. ડૉ. વિનાયક જાદવ એસ.જે અને ગાંધીનગરના પેરીશ પ્રીસ્ટ ફા. ફ્રાન્સિસ ઝેવિયર ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષ દરમ્યાન અવસાન પામેલ ગાંધીનગર કેથોલિક ચર્ચના વાઇસ પ્રેસિડન્ટ શ્રી કે.એ.જયોર્જના યુવાન પુત્ર સ્વ.રીજુ, સ્વ.ફા.ઈસુદાસ કવેલી, ફા.વિલ્યમ પિયુષ મેકવાન તથા કેરાલામાં સદીના ભયાનક પુરમાં અવસાન પામેલાઓને યાદ કરી શ્રધ્ધાંજલિ આપી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું.

પ્રમુખ શ્રી ફ્રાન્સિસ મેકવાન તથા ઉપપ્રમુખ પોલ ક્રિસ્ટી તથા મહામંત્રીશ્રી શાંતિલાલ પરમાર દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર પરિવારના યુવાનો (૧) એલેક્ષ સેબાસ્ટીયાને 'મેન ઓફ ધ વર્લ્ડ ઈન્ડીયા-૨૦૧૮' કોમ્પીટીશનમાં ગુજરાતનું પ્રતિનિધિ કરી 'સેકન્ડ રનર્સ અપ' તથા 'બેસ્ટ કમ્યુનિકેશનનો એવોર્ડ' મેળવેલ તેમનું, (૨) ન્યુલીન પંકજ પરમારે ગુજરાતની ફુટબોલ ટીમમાં પસંદગી પામી રાષ્ટ્રીય કક્ષાએ ફુટબોલની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ તેમનું (૩) શ્રી એરીક અન્ના જોસેફે ફૂટબોલમાં મેળવેલ સિદ્ધિઓ તેમજ (૪) યુવતીઓમાં સેજલ ફ્રાન્સિસ મેકવાને રાજ્ય કક્ષાની 'બોડી બીલ્ડીંગ ચેમ્પીયનશીપ-૨૦૧૮'માં વીમેન ફીઝીકમાં ભાગ લઈ તૃતીય ક્રમાંક મેળવી પારિતોષિક, પ્રશસ્તિ પત્ર અને રૂા. ૧૫૦૦૦/- નું રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરેલ તેમને પરિવાર મોમેન્ટો તેમજ પુષ્પગુચ્છ આપી બહુમાન કરવામાં આવેલ.

ત્યારબાદ વર્ષ દરમ્યાન નિવૃત થયેલ કર્મચારીઓ તથા ઈઝરાયેલની પવિત્ર ભૂમિના યાત્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમતી પ્રિન્સી કલ્પેશ મેકવાન દ્વારા આ કાર્યક્રમનું સુંદર રીતે સંચાલન કરવામાં આવેલ.

તા.૫ મી સપ્ટેબર-૨૦૧૮ના શિક્ષક દિને રાજયના શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા તેમાં કેથોલિક સમાજના ત્રણ શિક્ષકો (૧) શ્રી શૈલેષ એસ રાઠોડ, ખંભાત (૨) શ્રી હિરેન મેકવાન, આણંદ અને (૩) શ્રી મહેશ પરમાર, ઠાસરાને મહામહિમ રાજયપાલશ્રીના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરવામાં આવેલ, તેઓને પરિવારના સમારોહમાં ખાસ આમંત્રિત કરી તેઓનું શાલ ઓઢાડી અને પરિવાર મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ. શ્રીમતી બ્લેસી સુકેશ પરેરા દ્વારા આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ.

પૂ.ફા.વિનાયક જાદવે પરિવારની સ્થાપનાના ૨૦ વર્ષની ઉજવણીને બિરદાવી અભિનંદન પાઠવેલ. હું એક નહિ, પરંતુ સૌના સાથ-સહકારથી સમાજને આગળ લાવવા જરૂરી માર્ગદર્શન પુરું પાડેલ.

પૂ.ફા. ફ્રાન્સિસ ઝેવિયરે પણ પરિવારની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવેલ અને પરિવાર ઉતરોતર પ્રગતિ હાંસલ કરે તેવી શુભેચ્છાઓ પાઠવેલ.

પ્રમુખ શ્રી ફ્રાન્સિસ મેકવાને પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન મહામંત્રી શ્રી શાંતિલાલ પરમારે આભાર વિધિ કરેલ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શ્રીમતી એન્જેલીના સતીષ મેકવાન અને શ્રીમતી સ્નેહા સ્ટીવન મેકવાન દ્વારા ખૂબ જ પ્રભાવશાળી રીતે કરવામાં આવેલ હતું.

— ફ્રાન્સિસ પી. મેકવાન

યુવાનો અને સામાજિક સમરસતા

નડિયાદઃ ક્રાઈષ્ટ ધ કિંગ ચર્ચ નડિયાદ ખાતે ''યુવાનો અને સામાજિક સમરસતા'' વિષય ઉપર કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ફાધર એડવીને કહ્યું હતું કે, 'સામાજિક પ્રવૃતિઓ, પરિવારિક સજજતા અને કુટુંબનો આધાર એટલે યુવાન. પોતાના ઘરથી શરૂ કરી સમાજના દરેક ક્ષેત્રમાં યુવાન સક્રિય હોવો જોઈએ.વડીલો માત્ર દિશા નિર્દેશ કરે અને યુવાન તે દિશાને ઝડપી લે. યુવક યુવતીઓના સંગઠનો બનાવી સમાજ ઘડતરનું કાર્ય કરી શકાય.'

આ પરિસંવાદમાં લુઈશ મેકવાન, અંકિત પરમાર, સભાપુરોહિત ફાધર ટોનીએ પ્રતિભાવ આપ્યા હતા.કાર્યક્રમનું સંચાલન શૈલેષ રાઠોડ અને અનિલ રોંઝાએ કર્યું હતું.

— શૈલેષ રાઠોડ

વ્યાનેના સંત જોન અને મિરિયમ જયંતી તહેવારની ઊજવણી કરવામાં આવી

નડિયાદઃ વ્યાનેના સંત જોનના તહેવારની ઊજવણી નિર્મલ મિરિયમ દેવાલય, નડિયાદ ખાતે કરવામાં આવી. રેવ. ફા. રોકી પિન્ટોએ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરી વ્યાનેના સંત જોનના જીવન વિશે બોધ આપ્યો હતો, વ્યાનેનાં સંત જોનના જીવનકવન વિશે પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

તારીખ ૯ મી સપ્ટેમ્બર રવિવારની પ્રભાતના ૮:૩૦ના ખ્રિસ્તયજ્ઞમાં મિરિયમ જયંતીની ઊજવણી કરવામાં આવી. બાલિકાઓના સ્વાગત નૃત્ય દ્વારા પૂજ્ય ફાધરોને યજ્ઞવેદી સુધી દોરી જવામાં આવ્યા. ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરતા વડોદરા ધર્મપ્રાંતના વિકાર જનરલ રેવ. ફાધર જોયલ પાયસે ધર્મબોધમાં મિરિયમ જયંતી કેમ ઊજવાય છે ? તેના હાર્દને વિવિધ દૃષ્ટાંતો આપી સમજાવ્યું.

બપોર બાદ નિર્મલ મિરિયમ પેરીસની બહેનોએ સંગીતના સાધનો સાથે ભજનોની રમઝટ બોલાવી હતી. ક્વાયરગૃપ, યુવકમંડળ, વિવિધ મંડળના સભ્યો અને પેરીસ કાઉન્સિલના સભ્યોનો પેરીસ પ્રિસ્ટ રેવ. ફાધર રમેશ મેકવાને આભાર માન્યો હતો. *— રમેશભાઈ ગુતાલવાળા દ્વારા*

ચિત્ર સ્પર્ધા

આણંદઃ યુનાટેડ ક્રિશ્ચિયન ચેરિટેબલ ટ્રસ્ટ આણંદ અને પોઝિટિવ ક્લાસીસ આણંદ દ્વારા આણંદની શાળાઓમાં વિભાગ અ-૧ થી ૪ ધોરણ અને વિભાગ બ ૫ થી ૮ ધોરણમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય ૧૫મી ઓગસ્ટની ઉજવણી હતો. કુલ ૧૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક શાળામાં વિભાગ મુજબ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને સર્ટિફિકેટ તેમજ મેડલ રેવ. કર્નેલિયસ મેકવાન અને પાસ્ટર થોમસના હાથે આપવામાં આવ્યા હતા. ચિત્ર સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રકાશ પરમારે સેવા આપી હતી. જ્યારે કાર્યક્રમને સફળ કરવા શ્રી સર્વોત્તમભાઈ, શ્રીમતી કોમલ, શ્રી સુનિલભાઈ ક્રિશ્ચિયન અને શ્રી સુનિલભાઈ ચૌહાણ તેમજ શ્રી જોન્સનભાઈ ઠક્કરે સેવા આપી હતી. *— સર્વોત્તમ ક્રિશ્ચિયન*

સુધારો

સપ્ટેમ્બર મહિનાના અંકમાં પાન નંબર ૧૬ ઉપર જન્મદિન મુબારક કીએરા કલ્પેશકુમાર ક્રિશ્ચિયનની જન્મ તારીખ ૨૫-૯-૨૦૧૭ને બદલે ૨૬-૯-૨૦૧૭ વાંચવી.

''વેલી'સ ટ્રિલસ''

ડીઝાઈનર સ્ટુડિયો

બ્રાઈડલ ગાઉન, બ્રાઈડસ મેઈડ ગાઉન, કમ્યુનિયન ફ્રોક, ડિઝાઈનર વેડિંગ ડ્રેસીસ

Geniune and quality customers only

સંપર્કઃ પ્રિન્સ મેકવાન (ફેશન ડિઝાઈનર)

૮-એ, નવજીવન કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

મો.: ૮૦૦૦૯ ૫૭૦૮૦ / ૯૭૨૫૨ ૩૬૨૯૨

મકાન વેચવાનું છે

આદ્ય સંકાતની સામે, સમર્પણ પાર્ક B-9, ચાવડાપુરા

3 BHK, ફર્નિચર સાથે..

સંપર્ક

મો. ૬૩૫૨૦ ૦૩૭૯૫

WORK PERMIT

- Europe
- Dubai
- Qatar
- Kuwait

New Dimensions

MEA RA5399507

https://emigrate.gov.in/ext/home.action

www.newdimensions.co www.ndi.co.in

Start your Career Get Employed

Domestic Worker cum Care Giver for

Cyprus - Europe

URGENT REQUIREMENT FOR

- Domestic Worker-(F)
- Care Giver / Nurse-(F)
- Male Nurse(GNM & B.Sc Nursing)-(M)
- Welder-tig/ Mig/ Arc -(m)
- Waiter / Waitress -(M/F)
- Fashion Designer -(F)
- Cook -(M)
- Agriculture Worker -(M)
- Poultry Firm Worker (Couple -M/F)

Some Happy & Successful Candidates :

Angrej Singh
+35 796 152 576

Mansi J. Parmar
+35 797 617 370

Smita Solanki
+357 9902 6303

Jyotiben I. Vaghela
+357 97731513

Congratulations for their placement

Drop your CV to: caregiver@ndi.co.in

Free Training in Gujrat, For Registration Please Contact :

Ashish 9810157341, Chanda 9560541112

NEW DIMENSIONS (RA 5399507)

302, Bhanot House, 18 Local Shopping Center
Madangir, Pushp Vihar Main Road, New Delhi-110062

૨ દિવસ અને ૩ રાતનું
પેકેજ વિશેષ ડિસ્કાઉન્ટ
સાથે માણો ફક્ત આપના માટે

: શુભેચ્છા સહ :

મહેશ સાયમન મેકવાન

(મેબલ ડેકોરેટર્સ એન્ડ કેટરર્સ, વડોદરા)

(M.) 98242 75456, 63557 87119

આપના દરેક શુભ પ્રસંગોની
વિશિષ્ટ ઉજવણી માટે
એક વિશ્વસનીય સ્થળ...

સેવનસ્ટાર હોલિડે રિસોર્ટ

નેરલ, કરજત રોડ, મહારાષ્ટ્ર.

પ્રકૃતિની ગોદમાં, રમણીય વિસ્તારમાં, કુદરતનાં સૌમ્ય સાંનિધ્યમાં...

આપના દરેક શુભપ્રસંગો લગ્ન, રિસેપ્શન, બર્થડે, કોર્પોરેટ ઈવેન્ટસ,
ગ્રૂપ પાર્ટીઝ, વગેરે... દરેક મોર્ડન એમીનીટીઝ સાથે ઉપલબ્ધ...

ઈમેઝીકા અને માથેરાનની નજીક

વડોદરા ઓફિસ :

ટી-૧૬, શરણમ્ ફોરચ્યુન મૉલ, આઈનોક્ષની સામે, રેસકોર્સ, વડોદરા ૩૯૦૦૦૭
ફોન નં. : ૦૨૬૫ - ૨૩૩૩૬૪૪ (મો.) ૯૫૩૭૮ ૦૧૧૧૪, ૯૮૨૪૨ ૭૫૪૫૬
Email Id : Siddharth7star@gmail.com, maheshmacwan93@gmail.com
Web : sevenstarholidayresort.com

રિસોર્ટ ઓફિસ :

કરજત થી નેરલ રોડ, અસલ ગામ, ભીવપુરી રેલ્વે સ્ટેશન નજીક,
તા. કરજત, જી. રાઈગઢ, મહારાષ્ટ્ર (મો.) +૯૧ ૯૧૩૦૦ ૨૬૮૭૮/ ૭૯ /૮૦
Email Id : sales@sevenstarholidayresort.com
Web : sevenstarholidayresort.com

મહેશ એસ. મેકવાન
 # 6355787119

બુકિંગ માટે સંપર્ક :
09130026878 / 79 / 80

સિદ્ધાર્થ ભટ્ટ
 # 8320959457

1996 થી ઈઝરાયેલ ના વર્ક વિઝા માટે કાર્યરત અમારી કંપની

On service Travel

STC

ON SERVICE TRAVEL CONSULTANTS PVT. LTD.

Reg.by.Goverment of India

વિઝાના પ્રકાર

કેર ગીવર -
ઓલ્ડ કેર વર્ક વિઝા
હોલી લેન્ડ ટૂર - (ટૂરીસ્ટ વિઝા)
એગ્રો ટુરીઝમ -
એગ્રીકલ્ચર ટૂર વિઝા

અમારા ટ્રેનીંગ સેન્ટરમાં ટ્રેનીંગ લીધા બાદ વર્ક પરમીટ મેળવવાની સુવર્ણ તક

ઈઝરાયેલ જેવા પ્રગતિશીલ દેશમાં બહેનો માટે રહેવા તથા જમવાની ફ્રી સગવડતા મેડીકલ ઈન્સ્યોરન્સ, વર્ક પરમીટ સાથે ઉચ્ચ પગારથી નોકરી કરવાની સુવર્ણ તક

અમારી કંપની OSTC ઈઝરાયેલ સાથે વર્ષોથી ખુબજ નજીકના સંબંધોથી જોડાયેલ છે તેમજ અમારી કંપનીના વર્ષોના અનુભવથી ઈઝરાયેલ જવા ઈચ્છતા ભાઈઓ તથા બહેનોને ખુબજ ઓછા ટાઈમમાં ઈઝરાયેલમાં નોકરી માટે વર્કપરમીટ અને વીઝાની સરળ રીતે સફળતાપૂર્વક કાર્યવાહી કરી આપેલ છે.

અમારી કંપનીના વર્ષોના અનુભવ અને કામ કરવાની સરળ રીતને લીધે જ ખુબજ ઝડપથી ભાઈઓ તથા બહેનો ઈઝરાયેલ પહોંચેલ છે.અને ગુજરાતમાં વધારે સફળતા,સંતોષ અને વિશ્વાસ અમારી કંપની દ્વારા લોકોને મળેલ છે.

અમારી કંપની દ્વારા ઈઝરાયેલમાં નોકરી કરવા જવા ઈચ્છતી બહેનોને ઈઝરાયેલમાં પણ સુરક્ષા અને સલામતી મળી રહે તેમજ રહેવા, જમવા, આરોગ્યની,પગારની, રજાઓની તેમજ નોકરી માટે કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે મદદરૂપ થવાના પ્રયાસો કરીએ છીએ. તેમજ ઈઝરાયેલમાં પણ વધુમાં વધુ મદદરૂપ થવું એજ ધ્યેય સાથે વર્ષોથી અમારી કંપની ઈઝરાયેલમાં કાર્યશીલ છે.

ગુજરાતમાં બોગસ એજન્ટો દ્વારા ઈઝરાયેલમાં નોકરી અપાવવાના બહાને વિશ્વાસઘાત અને છેતરપીંડી દ્વારા લોકોને ફસાવવાનું કામ કરવામાં આવે છે. આવા બોગસ એજન્ટો દ્વારા લોભામણી વાતોથી સાવછેત રહેવું જરૂરી છે.

" ઈઝરાયેલ જવા માટે એક માત્ર ગુજરાતમાં વિશ્વાસપાત્ર સ્થળ છે, કે જ્યાં તમને મળશે ખુબ ઓછા સમયમાં

ઈઝરાયેલ જવા માટે વિશ્વાસપાત્ર સ્થળ વધુ માહિતી માટે રૂબરૂ મળો.

રાજકોટ ઓફિસ : એવરેસ્ટ હાઉસ, તપોવન સ્કુલની બાજુમાં, મવડી સર્કલ પાસે, ૧૫૦ ફીટ રીંગ રોડ, રાજકોટ.
અમદાવાદ ઓફિસ : ૧૦૪, અકીક ટાવર, રાજપથ ક્લબની સામે, એસ.જી રોડ, બોડકદેવ, અમદાવાદ.

મો : +૯૧ ૯૬૨૪૦ ૦૧૭૧૪, +૯૧ ૯૬૨૪૦ ૦૧૭૧૭

ગુજરાત સાહિત્ય પ્રકાશ પ્રકાશિત

ગુજરાત સાહિત્ય પ્રકાશ પો.બો. નં. ૭૦, સેન્ટ ઝેવિયર્સ રોડ, આણંદ – ૩૮૮ ૦૦૧

પ્રભુની વાણી ૨૦૧૯

દૈનિક શાસ્ત્રપાઠ અને મનનચિંતન

તારાં વચનામૃત છે દીપક મારે કાજ, પગલે પગલે પાથરે મારે પંથ પ્રકાશ.
(સ્તોત્રસંહિતા : ૧૦૫)

- LITURGICAL INFORMATON OF THE DAY
- GOSPEL READING OF THE DAY
- THOUGHT PROVOKING REFLECTIONS
- ATTRACTIVE AND EASY TO READ LAYOUT

Paper Back: ₹ 140.00
Hard Bound: ₹ 190.00

કેથોલિક પંચાંગ ૨૦૧૯

ગભાણ સેટ

વિવિધ સાઈઝના ગભાણના સેટ
તથા બાળ ઈસુના સ્ટેચ્યુ *

સૂતેલા સંત યોસેફનું સ્ટેચ્યુ

પોપ ફ્રાન્સિસને સૂતેલા સંત જોસેફ પ્રત્યે ખૂબ જ લગાવ અને પ્રેમ છે. પોપ ફ્રાન્સિસ પોતે જ્યારે કોઈ મુશ્કેલી કે સમસ્યાથી ચિંતિત હોય છે ત્યારે તેઓ પોતાના ઓરડામાં રાખેલ 'સૂતેલા સંત જોસેફ'ની પ્રતિમા નીચે એક ચિઠ્ઠીમાં પોતાની સમસ્યાઓ લખીને મૂકી દે છે, જેથી સંત જોસેફ પોતાના સપનામાં પ્રાર્થના કરી શકે અને સમસ્યાનું સમાધાન મળી શકે, એટલા માટે જ પોપ ફ્રાન્સિસે 'સૂતેલા સંત જોસેફ'ની ભક્તિને લોકપ્રિય બનાવી.

આપણા પ્રભુ ઈસુના બાર શિષ્યોના
આકર્ષક ફોટા સહિત
કિંમત : રૂા. ૨૮/-

* વધારે માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરો.

કાર્યાલયનો સમય : સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી (સોમ થી શનિ)

FOR ENQUIRY

(02692) 240161

9408420847

booksgsp@gmail.com

" હું એટલા માટે આવ્યો છું કે એમને જીવન મળે અને ભરપટ્ટે મળે. "
(યોહાન ૧૦:૧૦)

For It Is a Jubilee, it shall be holy to you (Lev 25:12)

TABOR SILVER JUBILEE BIBLE CONVENTION

ટાબોર આશ્રમ-મુંબઈ

અને

નિર્મલ મિરિયમ દેવાલય
નડીઆદ (નડીઆદ ડીનરી)
દ્વારા આયોજીત

બાઈબલ અધિવેશન

તા. ૧૨, ૧૩, ૧૪, ઓક્ટોમ્બર ૨૦૧૮ | **સમયઃ સવારે ૯.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક સુધી**

સ્થળઃ નિર્મલ મિરિયમ દેવાલય (સ્કૂલ કંપાઉન્ડ) નડીઆદ જિ.ખેડા (ગુજરાત)

સંપર્ક : ફા. રમેશ ૮૧૬૦૫ ૯૩૩૯૬ / ૯૮૨૪૬ ૮૦૯૩૬

બપોરના ભોજન માટે કૂપન
સવારે ૮ થી ૧૦ સુધીમાં કેટરીંગ પાસેથી મેળવી લેવી

PAVAN HRUDAYA DOOT, October, 2018 No. of Pages 60 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2018-20. Licensed to post without Prepayment Up to 31.12.2020
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

પધારો...ચાવડાપુરા જીટોડિયા નિત્ય સહાયક માના ધામે

નિત્ય સહાયક મા મરિયમના ધામનો

૮ મો વાર્ષિકોત્સવ

તા. ૧૮-૧૦-૨૦૧૮
ગુરૂવાર (દશેરા)

(ભક્તિ મેળો)
ચાવડાપુરા–
જીટોડિયા
ધર્મવિભાગ

-: સરઘસ :-
સવારે
૧૦-૦૦ કલાકે

ભવ્ય પાવનખ્રિસ્તયજ્ઞ : -સવારે ૧૦-૩૦ કલાકે

(પૂજ્ય ધર્માધ્યક્ષ રત્ન સ્વામી ના પાવન હસ્તે)

ખ્રિસ્તયજ્ઞ બાદ સર્વ શ્રધ્ધાળુ માટે જમવાની વ્યવસ્થા કરેલ છે.

નવસંધ્યા ભક્તિનું આયોજન : તા.૦૯-૧૦-૨૦૧૮ થી તા.૧૭-૧૦-૨૦૧૮

સમય : સાંજના ૬-૦૦ કલાકે
ગુલાબમાળાની ભક્તિ અને ખ્રિસ્તયજ્ઞ

આમંત્રણ : ચાવડાપુરા-જીટોડિયા ધર્મપરિવાર

Publisher's & Printer's Name : Antony Pitchai Vedamuthu, Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan